**"વિઝન-૨૦૨૦" RECT અને રબારી ઉત્કર્ષ મંડળ દ્વારા રાજકોટમા વિદ્યાર્થી કારકિર્દી માર્ગદર્શન સેમીનાર યોજાઈ ગયો**

રાયકા એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ અને રબારી ઉત્કર્ષ મંડળના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં રાજકોટ ખાતે વિઝન-૨૦૨૦ અંતર્ગત સુંદર રીતે વિદ્યાર્થી કારકિર્દી માર્ગદર્શન સેમીનાર યોજાઈ ગયો. શિક્ષણથી જ સારો સમાજ ઉત્કર્ષ શક્ય બને છે. શિક્ષણક્ષેત્રે આજના હરિફાઈના યુગમાં રબારી વિદ્યાર્થીઓની પ્રતિભા સાચા માર્ગદર્શનના લાભાર્થે મુરઝાઈ ન જાય તે માટે આ સેમીનાર માં કારકિર્દી ઘડતરના મહત્વના તબક્કે સરસ માર્ગદર્શન અપાયુ.

રાજકોટના કરણપરા વિસ્તારમાં આવેલા ડો.બાબાસાહેબ આંબેડકર હોલમાં માર્ગદર્શન માટે પધારેલ ધો-૧૦, ધો-૧૨ અને ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ માટે સરસ વ્યવસ્થા કરવામાં આવેલ. રેક્ટના પથદર્શક અને એક્સીસ બેંકના વાઈસ પ્રેસીડેન્ટ શ્રી લાલસિંહભાઈ પવાર એ રેક્ટની સ્થાપના અને કાર્ય પ્રણાલીની સમજ આપી G.P.S.C., U.P.S.C. જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓના માળખા વિશે તલસ્પર્શી છણાવટ કરી રબારી વિદ્યાર્થીઓ ને જીવનમાં ઊંચા ધ્યેયો હાંસલ કરવા અથાગ પરિશ્રમની હિમાયત કરી હતી. તેમણે રબારીઓને "જીદ કરો-જીવન બદલો" અને "જીદ કરો-સમાજ બદલો" નો સૂત્રાત્મક જુસ્સો આપી વિદ્યાર્થીઓના મનમાં નવા ઉત્સાહનો સંચાર કર્યો હતો. સાથે તેમણે બેન્કિંગ સેક્ટર અને મેનેજમેન્ટ કેરિયર અંગે પણ ઉપયોગી માહિતી આપી. નિરમા યુનિવર્સિટી ગાંધીનગરના લેક્ચરર શ્રી ધરમશીભાઈ દેસાઈ એ ધો-૧૨ સાયન્સ અને ગ્રેજ્યુએશન પછીની કારકિર્દી વિશે સમજૂતી આપી. નિરમા યુનિ, નાં જ શ્રી સાગરભાઈ દેસાઈએ વિવિધ પ્રોફેશનલ કોર્ષની માહિતી આપી. પોલીસ હેડ કોન્સ્ટેબલ શ્રી દિલીપભાઈ કલોતરાએ પોલીસ વિભાગ અને P.S.I. ભરતી અંગે ખૂબ ઉપયોગી માહિતી આપી. સૌરાસ્ટ્ર ગ્રામીણ બેંકમાં થનાર ક્લાર્ક અને ઓફિસર ભરતી અંગે બેંક મેનેજર શ્રી ચંદુભાઈ જીડ એ ઉપયોગી સમજૂતી આપી. એડવોકેટ શ્રી વિજયભાઈ નાંગેશ, મારગ સંસ્થાના શ્રી હાજાભાઈ કલોતરા અને નેહ સંસ્થાના શ્રી અર્જુનભાઈ રાયકા પણ ઉપસ્થિત રહેલ.

આ કાર્યક્રમને સફળ બનાવવા સ્થાનિક લેવલે શ્રી ચીમનભાઈ કટારા (સી.એ.), શ્રી જગદીશભાઈ મોરી, શ્રી જગદીશભાઈ ધીયડ, શ્રી હરદાસભાઈ કરમટા, શ્રી વિભાભાઈ સાંબડ અને શ્રી રામભાઈ રગીયા અને તેમની ટીમના યુવાનો દ્વારા ઊચિત જહેમત ઉઠાવેલ. કાર્યક્રમની આભારવિધિ રેક્ટના સૌરાષ્ટ્ર ઝોન પ્રેસિડેન્ટ અને સેવાભાવી C.A. શ્રી ચીમનભાઈ કટારાએ તથા સેમીનારનું સઘળુ સંચાલન થોરિયાળી-સુરેન્દ્રનગરના ગુજરાત હાઈકોર્ટ એડવોકેટ શ્રી દેવશીભાઈ બીજલભાઈ નાંગર એ પોતાની આગવી કાવ્યાત્મક શૈલીમા કરી કાર્યક્રમની શોભામાં અભિવૃધ્ધિ કરેલ.

**શ્રી મચ્છુકાંઠા વડવાળા યુવા સંગઠન મોરબી દ્વારા ત્રિવિધ કાર્યક્રમ યોજાઈ ગયો.**

મચ્છુકાંઠા રબારી સમાજની વિકાસયાત્રાને આગળ ધપાવી નવો મુકામ હાંસલ કરવા કોઈને કોઈ નવા અભિગમ સાથે પ્રયત્નશીલ રહેનાર અને સમાજની એકતા, રોજગારી હોય કે પછી સમાજને કુરિવાજોની બેડીઓ માંથી બહાર લાવવા સમાજમાં શિક્ષણ સ્વાવલંબન વધારવા સતત મથનાર શ્રી મચ્છુકાંઠા વડવાળા યુવા સંગઠન મોરબી દ્વારા તાજેતરમાં મોરબી ખાતે સમાજને ગૌરવ અપાવે તેવો ત્રિવિધ કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં સંગઠન દ્વારા ધો-૮ થી ઉપરના ધોરણોના સમાજના વિદ્યાર્થી/વિદ્યાથીનીઓ માટે વિના મૂલ્યે કોમ્પ્યુટર શિક્ષણ સેન્ટરની શરૂઆત કરવામાં આવી છે. રબારી સમાજના બાળકો શિક્ષણ સાથે સાથે કોમ્પ્યુટરમાં પારંગત બને અને રાજ્ય તથા રાષ્ટ્ર કક્ષાની સ્પર્ધાત્મક પરિક્ષાઓમાં ટકી રહે તે માટે સુંદર કોચિંગની પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે. સમાજમા શિક્ષણ અને પ્રગતિની રફતાર આગળ વધારવા માહિતી અને માર્ગદર્શન માટે વડવાળા યુવા સંગઠનની ઓફિસ અરિહંત કોમ્પલેક્ષ, દુકાન નં-૯ જૂના બસ સ્ટેશન સામે, સોમનાથ ટ્રાવેલ્સની ઉપર, મોરબી ખાતે પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. સમાજમાં જ્યારે વિકાસની ગાથાના પાના ઉથલી રહ્યા છે, વિકાસનો જ્યારે સૂર્યોદય થઈ રહ્યો છે,

ત્યારે મચ્છુકાંઠા રબારી સમાજના યુવ વર્ગમાં રહેલ સુષુપ્ત રબારી સમાજમાં નવતર પ્રયોગશીલ "યુવા મહોત્સવ-૨૦૦૯" નું પણ ભવ્ય આયોજન કરવામાં આવેલ, સાથે વિશ્વ રબારી સમાજમાં મચ્છુકાંઠાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરવા માટે હાઈટેક ટેક્નોલોજીના માધ્યમ દ્વારા સમાજની વેબ સાઈટ www.rabariyuva.com નું લોન્ચિંગ પણ કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમમાં સંદેશ, અકિલા, જયહિંદ, સાંજ સમાચાર જેવા દૈનિકો તથા ઈટીવી, ટીવી નાઈન, ડીડી-ગિરનાર જેવી ચેનલોના પત્રકાર પ્રતિનિધિઓએ હાજર રહી પ્રચાર માધ્યમોમાં વ્યાપક કવરેજ આપેલ છે. શિક્ષણમાં અલ્પવિકસિત મચ્છુકાંઠા પરગણામાં રબારી સમાજને વિકાસના પંથે લઈ જઈ અન્ય વિકસિત સમાજની હરોળમાં સમૂહ લગ્નો, વિદ્યાર્થી છાત્રાલયો અને વિશાળ સમાજવાડી જેવા આયોજનો પાર પાડનાર છે. સાથે સમાજવિકાસની નિંરતર પ્રવૃતિઓ કરનાર છે. સ્વામી વિવેકાનંદ ના યુવાનો પ્રત્યેના આદર્શોને ચરિતાર્થ કરવા મથતી આ ટીમને ખૂબ ખૂબ અભિંનદન...

**માલધારી રતન - રત્નાકર નાંગર**

પાંચાળ પંથકના સાયલા થોરિયાળીના વતની અને ભાવનગર જિલ્લાની સાહિત્યભૂમિ બોટાદને કાયમી નિવાસ બનાવનાર સરકારી શાળા નં-૧૯ ના શિક્ષક તથા કટાર લેખક, બાળ સાહિત્યકાર અને સોશિયલ જર્નાલોસ્ટ શ્રી રત્નાભાઈ બીજલભાઈ નાંગર (વધુ વિગત...) ના બાળ કાવ્ય સંગ્રહ “છમ્મ છમા છમ્મ” ની સમગ્ર ગુજરાત રાજ્યની ગૌરવપ્રદ સાહિત્ય સંસ્થા શ્રી ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૦૮/૦૯ માટે ઉત્તમ મૌલિક બાલ સાહિત્યના ર્નિમાણ અને પ્રકાશનની પ્રોત્સાહન સહાય યોજના અંતર્ગત પસંદગી કરી પુરસ્કૃત કરવામાં આવેલ છે.

આ સંગ્રહને મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપણી ભાવિ પેઢીના નાગરિકો એવા બાળકોના ચારિત્ર્ય ર્નિમાણ માટે પ્રેરણાદાયી સાહિત્ય સર્જનનો સફળ પ્રયાસ ગણાવી ખાસ પત્રથી ખૂબ ખૂબ અભિંનદન આપી રત્નાકર નાંગરને બિરદાવેલ છે. સાથે અન્ય ઘણા વિવિધ ક્ષેત્રના મહાનુભાવોએ લેખિત અભિંનદનથી આવકારેલ છે. આ વિશિષ્ટ સિધ્ધિ બદલ રાયકા એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તાજેતરના રાજકોટ સેમીનારમાં ઉચિત અભિવાદન કરવામાં આવેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી રત્નાકર નાંગરના પેરોડી પ્રકારના હાસ્ય કટાક્ષ કાવ્યોની તાજેતરમાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત હાસ્ય કલાકાર શ્રી સાંઈરામ દવે દ્વારા ઈ ટીવી, ઝી ગુજરાતી, ડીડી નેશનલ-ગીરનાર જેવી ટીવી ચેનલ્સમાં રજૂઆત થવા પામી છે. ગોપાલકોના ગૌરવને “વડવાળા ડોટ કોમ” ના ખૂબ ખૂબ અભિંનદન...

**આપણા સમાજમાં પ્રથમ આઈ.એ.એસ. થવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરતા શ્રી મિહિરભાઈ દેસાઈ**

મુ.રણુજા તા.જિ.પાટણના વતની અને ઘણા વર્ષોથી સુમન દેસાઈની વાડી, ખટોદરા, સૂરતમાં રહેતા શ્રી મિહિરભાઈ ગાંડાભાઈ દેસાઈએ ચાલુ સાલે યુપીએસસી દ્વારા લેવાયેલી આઈ.એ.એસ.ની પરીક્ષા પાસ કરીને ગુજરાતના સમસ્ત રબારી સમાજમાં પ્રથમ આઈ.એસ. થવાનું ગૌરવ પ્રાપ્ત કર્યુ છે. આ અગાઉ તેમણે જી.પી.એસ.સી. ની ક્લાસ ટુ ની પરીક્ષા પણ પાસ કરી હતી. મિહિરભાઈ દેસાઈ હાલમાં ગુજરાત રાજ્ય વેચાણ વેરા વિભાગમાં સેવા આપી રહ્યા છે.

**રાયકા-રબારી સમાજનો પ્રથમ મરીન એન્જીનીયર શ્રી આશિષ કિશનભાઈ રાયકા**

મૂળ રાજસ્થાનના પાલી જીલ્લાના બાલી તાલુકાના ગુડા કલ્યાણસિંહ ગામના વતની અને વર્ષોથી મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લાના પેણ મુકામે ધંધાર્થે સ્થિર થયેલા શ્રી કિશનભાઈ કેશાજીભાઈ રાયકા (સાંબડ) ના સુપુત્ર ચિ.આશિષે ઉચ્ચ અભ્યાસ કરીને મરીન એન્જીનીયરની ડીગ્રી પ્રાપ્ત કરી છે. શ્રી આશિષની તાજેતરમાં હોલેન્ડની એક મરીન કંપનીમાં મરીન એન્જીનીયર તરીકે પસંદગી થયેલી છે. શ્રી આશિષે રશિયા માં જઈને તેની ડ્યુટી સંભાળી લીધી છે. આશિષ તેના કુંટુબમાંથી તેમજ સમસ્ત ભારતના રાયકા રબારી સમાજમાંથી મરીન એન્જીનીયર થનાર પ્રથમ વ્યક્તિ છે. તેને સમસ્ત નાત વિહોતર તરફથી ખૂબ ખૂબ અભિંનદન.

**"ઈલેક્ટ્રોનિક મિડિયામાં રબારી યુવાનને બેસ્ટ પરફોરમન્સ એવોર્ડ"**

એપ્રિલ-મે ૨૦૦૯ માં યોજાયેલ દેશની લોકસભાની ચૂંટણીના પરિણામો જાહેર થઈ ગયા છે ત્યારે રબારી સમાજ માટે ખૂબ જ ગૌરવ લેવા જેવી બાબત એ છે કે અમદાવાદ સ્થિત દેવેન્દ્ર જકશીભાઈ દેસાઈ વતન કોટવડ જેઓએ સ્ટાર ન્યુઝ ચેનલમાં ગુજરાત અને રાજસ્થાન રાજ્ય માટે લોકસભાની ચૂંટણીના રાઉન્ડ ધી ક્લોકે માહિતી પુરી પાડી જેના સંદર્ભે સ્ટાર ન્યુઝ ના સીઈઓ એ "બેસ્ટ પરફોરમન્સ પર્સન" ના એવોર્ડ ની જાહેરાત કરી છે. આ અગાઉ ૧૯૯૯ ની લોકસભાની ચૂંટણીમાં દેવેન્દ્ર દેસાઈએ ગુજરાતની તમામ બેઠકોની રાઉન્ડ ધ ક્લોકે માહિતી વિગતવાર પહોંચાડી પ્રણવરોય એન.ડી.ટી.વી. તરફથી સેવા આપેલ હતી.

દેવેન્દ્રભાઈ આ ક્ષેત્રમાં પ્રગતિ કરે અને આગળ આવે તે પ્રકારે સમાજ તેઓની હરહંમેશ સાથે છે. તેઓ રેક્ટ સંસ્થા સાથે અમદાવાદ શહેરના સક્રિય કાર્યકર છે. અને રબારી સમાજના યુવાનોને યોગ્ય કેડર માં જગ્યાઓ માટે નોકરી સંબધિત જરૂરી માહિતી પણ પુરી પાડે છે. તેમનો મો.૯૮૯૮૫૩૫૪૮૭ અથવા ઇ-મેલઃ- raika.youth@gmail.com

### ભીખાભાઈ રબારીની સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના અધ્યક્ષ તરીકે વરણી

રબારી સમાજમાં સૌ પ્રથમ મિનિસ્ટર થવનું બહુમાન મેળવનાર વડોદરાના નિવાસી અને હમણા જ જેમનું "ભારત જ્યોતિ ગૌરવ એવોર્ડ" થી દિલ્હી ખાતે સન્માન થયું છે તેવા પૂર્વમંત્રી ભીખાભાઈ રબારીની ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા પક્ષના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના અધ્યક્ષ તરીકે વરણી કરવામાં આવી છે. સમાજની નવી પેઢીને યાદ અપાવવું ગમશે કે રબારીઓ જ્યારે રાજકારણમાં પા... પા... પગલી ભરતા હતા એવા વખતે સ્વબળે વ્યક્તિત્વ વિકાસ કરી આગળ આવી ઇ.સ. ૧૯૮૪ માં અમરસિંહ ચૌધરી સરકારમાં શ્રી ભીખાભાઈ પોતે ખાણ, ખનીજ, ઉર્જા અને ઉદ્યોગમાં મંત્રી તરીકે વરણી પામેલા અને સારી કાર્યકુશળતાથી કાર્ય કરી લોકચાહના મેળવેલ. અભિનદન...

### સુરેન્દ્રનગર જિલ્લામાં દૂધ ઉત્પાદનમાં રબારીનો દબદબો...

પશુપાલન એ પરંપરાથી માલધારી સમાજની "લાઈફ લાઈન" જેવો વ્યવસાય બની રહેલ છે. આ પશુપાલનના વ્યવસયને પણ જ્યારે વૈજ્ઞાનિક પધ્ધતિથી કરવામાં આવે તો ચમત્કારિક પરિણામો મેળવી શકાય છે. સુરેન્દ્રનગરના દૂધરેજના સીમાડે આવેલ ખમીસાણા ગામના શ્રી રઘુભાઈ પ્રભુભાઈ પઢેરિયા તાજેતરમાં સરેરાશ દૈનિક ૫૫૦ થી ૬૦૦ લિટર દૂધ ઉત્પાદન સાથે સમગ્ર જિલ્લામાં પ્રથમ ક્રમે આવ્યા છે. સાવ નાના એકમથી શરૂ કરી ખંત અને ધગશથી તેમણે જિલ્લામાં દૂધિયા રાજા "મિલ્ક કિંગ" નું બિરૂદ મેળવી રબારી સમાજનું ગૌરવ વધાર્યુ છે. તાજેતરમાં જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ દ્વારા તેમનું ઉચિત બહુમાન કરાયું છે. તેઓ વરસોથી શ્રી ખમીસાણા દૂધ ઉત્પાદક સહકારી મંડળીના પ્રમુખ તરીકે પણ કાર્યરત છે.

સુરેન્દ્રનગર જિલ્લા દૂધ સંઘે પૂર્વ ચેરમેન શ્રી માલાભાઈ નાંગર ના સમયથી વિકાસની હરણ ફાળ ભરી છે જે વર્તમાન ચેરમેન શ્રી બાબાભાઈ ભરવાડની રાહબરીમાં સફળ શ્વેત ક્રાંતિ થઈ છે. જિલ્લા દૂધ સંઘના તાબામાં આજે ૬૦૦ થી વધારે દૂધ મંડળીઓ દ્વારા દૈનિક આઠ લાખ લિટર દૂધ ઉત્પાદન સાથે સૌરાષ્ટ્રમાં બીજા ક્રમે છે. સમાજને એ જાણી આનંદ થશે કે પુનાની એક કંપની દ્વારા થયેલ વૈજ્ઞાનિક સંશોધન મુજબ દૂધાળા પશુઓ નું ખાસ નામ પાડી દોહતી વખતે એ નામથી સતત બોલવવાથી દૂધની ગુણવત્તા ખૂબ સુધરે છે તથા દોહન સમયે ભજનો કે ભક્તિ સંગીત વગાડવાથી દૂધ ઉત્પાદન માં અઢી થી સાડા ત્રણ ટકાનો વધારો થાય છે.

### મારગ સંસ્થાનું સરાહનીય કાર્ય

ગુજરાત રાજ્યની અગ્રગણ્ય એન.જી.ઓ. શ્રી માલધારી રૂરલ એક્શન ગ્રુપ "મારગ" સંસ્થાના ચેરપર્સન શ્રીમતિ નીતાબેન પંડ્યા (દેસાઈ) દ્વારા તાજેતરમાં શિક્ષણ અને વિકાસથી વંચિત એવા કચ્છ મલકના વાગડ પંથકના રબારી-માલધારી બાળકોના માનવીય પાસાઓને ઉજાગર કરતા હ્રદયસ્પર્શી કિસ્સાઓનું આલેખન કરીને "બાળ વાવડ" નામનું બાળ પુસ્તક પ્રકાશિત

કરવામાં આવેલ છે. આ સાથે નીતાબહેન તથા મારગના એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર શ્રી લાલજીભાઈ દેસાઈ અને રીઝિયોનલ ડાયરેક્ટર શ્રી હાજાભાઈ કળોતરા તથા તેમની ટીમ દ્વારા ગુજરાતમાં ઊંડાણના ગામડાઓ માં માલધારી બાળકોના સર્વાંગી વિકાસ માટે તેમની આગવી ઢબથી "બાળ પંચાયતો" ની રચના કરી તેના માધ્યમથી સમાજ વિકાસની અનેકવિધ પ્રવૃતિઓનું સંચાલન કરાઈ રહ્યું છે.

## માલધારી સમાજ અને પોલીસ વિભાગ

તાજેતરમાં ગુજરાત પોલીસ વિભાગમાં મોટા પાયે ઉથલ પાથલ કરાઈ છે. આઈ.પી.એસ. કેડરના રાજકોટ રેન્જ આઈ.જી.પી.શ્રી વી.વી.રબારીની ગુજરાત સી.આઈ.ડી. ક્રાઈમના વડા (અધિક પોલીસ મહાનિર્દેશક) તરીકે તથા શ્રી આઈ.એમ.દેસાઈ ની નાયબ પોલીસ મહાનિરીક્ષક તરીકે ગાંધીનગર મૂકાયા છે. જાસપુરના શ્રી જયરામભાઈ એમ.દેસાઈ, ચવેલી ના શ્રી ઈશ્ર્વરભાઈ એન.દેસાઈ, વાવ-સતલાસણાના શ્રી કે.કે.દેસાઈ, શ્રી વી.એસ.રબારી નવસારી થી સૂરત ગ્રામ્ય, શ્રી આઈ.એમ.દેસાઈ સ્ટેટ ટ્રાફિક માંથી એસ.ઓ.જી. અમદાવાદ, શ્રી જે.એમ.દેસાઈ ને અમદાવાદથી સાબરકાંઠા, શ્રી સી.જે.ભરવાડ ખેડાથી વડોદરા જેલ વિભાગ, ઉપરોક્ત બધાનું પી.આઈ. માંથી નાયબ પોલીસ અધિક્ષક (ડી.વાય.એસ.પી.) તરીકે પ્રમોશન થયેલ છે. પ્રથમથી જ ડી.વાય.એસ.પી. તરીકે કાર્યરત શ્રી જે.એસ.ખેર ની સી.આઈ.ડી. ક્રાઈમ માં રાજકોટ, શ્રી વી.આર.ટોળિયાની ડીસા માંથી મદદનીશ પોલીસ કમિશ્નર તરીકે 'એ' ડિવિઝનમાં અમદાવાદ, શ્રી રાજન સુસરા ને પાલીતાણાથી નડિયાદ અને સુશ્રી ઉષા રાડાની આસીસ્ટન્ટ કમિશ્નર ઓફ પોલીસ (સાઈબર ક્રાઈમ વિભાગમાં) તરીકે 'ડી' ડિવિઝનમાં અમદાવાદ બદલી કરાઈ છે. શ્રી જે.એમ.ભરવાડને અમદાવાદ તથા શ્રી વી.કે.ગરચરને જામકંડોરણા ખાતે પી.એસ.આઈ. માંથી પી.આઈ. તરીકે બઢતી સાથે બદલી થઈ છે. શ્રી કે.એસ.ભારાઈ ની મોરબીથી રાજકોટ પી.આઈ. તરીકે બદલી કરાઈ છે.

જેમની માહિતી સમયસર ઉપલબ્ધ થઈ શકી નથી તેવા સંખ્યાબંધ માલધારી પોલીસ કોન્સ્ટેબલ્સ નું પી.એસ.આઈ. તરીકે પ્રમોશન થયેલ છે. બોટાદના કાન્યાળ ના પી.એસ.આઈ. શ્રી ભોળાભાઈ મોરીની સાવરકુંડલા તથા ગોહિલવાડના પ્રખ્યાત પી.આઈ. શ્રી રાણાભાઈ દેવશીભાઈ ઉલ્વાની જસદણ થી અમરેલી ખાતે બદલી થઈ છે.

## વજા ભગતના શ્રી રામ રોટી અન્નક્ષેત્ર કોઠારિયા ખાતે ઐતિહાસિક અવસર, લક્ષચંડી પાઠ કોટીહોમ મહાયજ્ઞની પાવક જ્વાળા પ્રગટી

સુરેન્દ્રનગર જીલ્લાના વઢવાણથી માત્ર બે કિ.મી. દૂર આવેલા કોઠારીયા ગામમાં શ્રી રામ રોટી આશ્રમના શ્રી વજાભગતની પ્રેરણાથી વિશ્ર્વ કલ્યાણ અને જીવ-જગતના લાભાર્થે શ્રી લક્ષચંડી પાઠ કોટી હોમ મહાયજ્ઞનું આયોજન થયું છે. સૌરાષ્ટ્રમાં ચાર દાયકા બાદ આવો ઐતિહાસિક મહાયજ્ઞ આયોજીત થયો છે. ગામ ગામના ભક્તોનો પ્રવાહ અવિરત આવી રહ્યો છે. તા.૨૩.૨.૦૯ ને મહાશિવરાત્રીએ મહાયજ્ઞની પુર્ણાહુતિ છે. ત્યાં સુધીમાં પચીસેક લાખ લોકો ઉમટી પડવાનો આયોજકોનો અંદાજ છે.

અલખના આરાધક શ્રી વજાભગતના સાનિધ્યમાં એક લાખ દુર્ગા સપ્તસતીના પાઠ અને દસ કરોડ નિંવાણ મહામંત્ર જપ થશે. એક કરોડથી વધુ આહુતિ અપાશે અને ૨૪ લાખ ગાયત્રી મંત્રનું અનુષ્ઠાન થશે. ગામે ગામના સંતોનુ આગમન અને દર્શન તથા વાણીનો લાભ મળી રહ્યો છે. બન્ને સમય તમામ લોકો માટે મહાપ્રસાદ (ભોજન) ની વ્યવસ્થા કરવામાં આવેલ છે. કુલ ૧૦૯ કુંડ પર ૪૦૦ થી વધુ ભૂદેવો વેદોચ્ચાર કરી રહ્યા છે.

રાત્રીના સંતવાણી ચાલી રહી છે. જેમા હેમંત ચૌહાણ, મીના પટેલ, સમરથસિંહ સોઢા, ઓસમાણ મીર, સુરેશ રાવલ, લલીતાબેન ધોડાદ્રા જેવા અનેક નામી તથા અનામી કલાકારો તેમના કંઠના કામણ પાથરી રહ્યા છે.

## બેચરાજી મુકામે મળેલું માલધારી જન આંદોલનનું વાર્ષિક અધિવેશન

માલધારી જન આંદોલન એ માલધારીઓનાં હક્ક, અધિકાર અને સ્વાભિમાન માટે કાર્યરત સંગઠન છે. આજ સુધી તેનાં દ્વારા ગુજરાતનાં ચાલીસ જેટલા તાલુકાઓમાં શિક્ષણ, માલધારીન ખેડૂત બનવાનાં હક્ક,વાડા હક્ક, ગૌચર જમીન મુક્તિ, શહેરી

માલધારીઓનાં મુદ્દાઓ તેમજ સામાજીક બદલાવ જેવા વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે. આ સંગઠન માલધારીઓનાં સાંસ્કૃતિ વૈભવને ટકાવવામાં તેમજ સમયની માંગ મુજબ યોગ્ય દિશાનું પરિવતન લાવવામાં માને છે તેમજ વૈશ્વિક સ્તરનાં માલધારી સંગઠનો સાથે જોડાઈ નિતિવિષયક દબાણ ઉભુ કરવાનું કામ પણ કરે છે.

તા.૧૬,૧૭ જાન્યુઆરી ૨૦૦૯ નાં રોજ બહુચરાજી (જી.મહેસાણા) મુકામે માલધારી જન આંદોલન ની વાર્ષિક સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતનાં વિવિધ તાલુકામાંથી માલધારી પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. આ સભાનો મુખ્ય હેતુ માલધારી જન આંદોલનના માળખાને મજબૂત કરવાનો તથા સહીયારી ચર્ચાબાદ માલધારી ઘોષણાપત્ર તૈયાર કરવાનો હતો. વિશ્વનાં આડત્રીસ દેશોના માલધારીઓએ મળીને બનાવેલ W.A.M.I.P. નામના માલધારી સંગઠનનાં મહામંત્રી અને કોષાધ્યક્ષે આ કાર્યક્રમમાં હાજરી આપી હતી.

આ સંગઠનમાં જ્ઞાતિ, પક્ષ, પંથ અને પરગણાંથી પર રહીને માત્ર માલધારી હીતની ચર્ચા કરવામાં આવી હતી.

## ઝાલાવાડ પંથકમાં માલધારી સમાજમાં યમરાજ ના ડેરા

આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત સુરેન્દ્રનગરની (જોરવરનગર) માલધારી રાસમંડળીને ૨૬ જાન્યુઆરીએ કચ્છમાંથી ભવ્ય પ્રોગ્રામ આપી પરત ફરતા હળવદ પાસે તેમના વાહનને અકસ્માત નડતાં મંડળીના ૩ નવલોહિયા સ્ટાર કલાકારો નું દુઃખદ અવસાન થયું છે. આ ગમખ્વાર ઘટનાની શાહી પણ સુકાઈ નહતી ત્યાં સુરેન્દ્રનગરની અમદાવાદ ક્રીકેટ ટુર્નામેન્ટ રમી વિજેતા બની પરત ફરતી વખતે તેમની ટીમ-કાર ને લખતર પાસે અકસ્માત નડતાં તેમના પરિવારોમાં એકના એક પુત્ર એવા ત્રણ આશાસ્પદ - પ્રતિભાશાળી ક્રિકેટરો અને અનેક ટુર્નામેન્ટોમાં વિજેતા બની ગુજરાતમાં રબારી સમાજનું ગૌરવ વધારનાર ત્રણ રબારી યુવાનોનું અવસાન થયું છે. ઉપરા ઉપરી બંને દુર્ઘટનામાં માલધારી સમાજના પાંચ-પાંચ યુવાનોના મોત થતાં ઝાલાવાડ પંથકમાં હાહાકાર મચી ગયો છે.

## કામા અશ્વ શો માં હેરતભર્યા પ્રયોગ કરનાર શ્રી રત્નાકર દેસાઈ

સૌરાષ્ટ્ર - કચ્છ મિત્ર મંડળ ગાંધીનગર અને ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં ગાંધીનગર ખાતે આયોજિત ૧૧મા મેગા કામા અશ્વ-શો માં ૩૫૦ થી વધારે અશ્વ પાલકોએ ભાગ લીધેલ, તેમાં રબારી સમાજના સુપ્રસિધ્ધ લોક સાહિત્યકાર ખાખડીવાળા શ્રી રત્નાકર દેસાઈએ પણ ભાગ લઈ હેરતભર્યા અશ્વ-પ્રયોગો પ્રદર્શિત કરી રાજ્ય સરકારના ખાસ સન્માન - અભિવાદનના હકદાર બની સમગ્ર સમાજનું ગૌરવ વધાર્યુ છે. અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે શ્રી રત્નાકર દેસાઈની પાંચ પેઢી અશ્વપાલન સાથે સંકળાયેલ છે.

## વડોદરાના શ્રી ભિખાભાઈ રબારી ને "ભારત જ્યોતિ ગૌરવ એવોર્ડ"

સમસ્ત વિહોતર નાતમાંથી સૌપ્રથમ "મિનિસ્ટર" થવાનું ભારોભાર બહુમાન મેળવનાર વડોદરા નિવાસી એવા પૂર્વ મંત્રી શ્રી ભીખાભાઈ રબારી નું ઈન્ટરનેશનલ ફ્રેન્ચાઈજી સોસાયટી દ્વારા તાજેતરમાં ન્યુ દિલ્હી ખાતે "ભારત જ્યોતિ ગૌરવ એવોર્ડ" આપીને શાનદાર બહુમાન - અભિવાદન કરાયું છે. શ્રી ભીખાભાઈ એ ઝૂંપડપટ્ટીમાં વસતા અને હક તથા તકથી અને વિકાસથી વંચિત નબળા વર્ગના વિસ્તારોમાં વોટર, સેનીટેશન અને વિજળીકરણની ઉત્તમ અને વ્યાપક કામગીરીની કદરરૂપે ઉપરોક્ત એવોર્ડ એનાયત થયેલ છે.

## રેક્ટ દ્વારા ઈન્ટરવ્યુની તાલીમ

રાયકા એજ્યુકેશન ટ્રસ્ટના એમ.ડી. શ્રી લાલસિંહ પવાર જણાવે છે કે આ ટ્રસ્ટ દ્વારા તાજેતરમાં ગુજરાત પબ્લિક સેવા કમીશનની પરીક્ષામાં જે કુલ ૨૬ રબારી-ભરવાડ ભાઈ બહેનો ઉત્તીર્ણ થયાં છે તેમને પર્સનલ ઈન્ટરવ્યૂ - મૌખિક ઈન્ટરવ્યૂની તાલીમ આપવાનો કાર્યક્રમ લાસુબહેન દેસાઈ ટ્રેનીંગ સેન્ટર, ગોપાલનગર સામે, મેમનગર, અમદાવાદ શરૂ કરવામાં આવ્યો છે.

જેમાં I.I.M. ના સંજયકુમાર ગુપ્તા, આઈ.એમ્.જૈન તથા ઉષાબેન રાડા વગેરે એ યોગ્ય માર્ગદર્શન આપ્યું છે. એ તાલીમ હાલચાલુ છે. જે ગોપાલક વિદ્યાર્થીઓએ U.P.C. ની પરીક્ષા માટે ફોર્મ ભર્યા હોય તેમણે પણ શ્રી લાલસિંહ પવારનો તાત્કાલિક સંમ્પર્ક કરવો. મો.98250 47252

અમદાવાદ શહેરમાં રહીને હોટલો વગેરેમાં નાની મોટી નોકરીઓ કરતા અને અધવચ્ચે અભ્યાસ છોડી ગયેલા ૨૯ વિદ્યાર્થીઓને રેક્ટ દ્વારા સતત રોજ ત્રણ કલાક કાળજીપૂર્વક માર્ગદર્શન આપીને પરીક્ષા માટે તૈયાર કર્યા હતા. તેમાંથી ૨૬ વિદ્યાર્થીઓ ઈન્દીરા ગાંધી ઓપન વિશ્વ વિદ્યાલયની પરીક્ષા ઉત્તીર્ણ થયા છે. અને હવે તેમને પ્રથમ વર્ષ માટેનો સીધો પ્રવેશ મળી ગયો છે. "રેક્ટ" ની ટીમને ખૂબ ખૂબ અભિનંદન.

**બક્ષીપંચનાં બાળકો માટે આશીર્વાદરૂપ રાજેશ વરૂ શિક્ષણ સંકુલ મુ.સરદારપુરા**

પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના સરદારપુરા ગામે જ્ઞાનસંસ્કાર કેળવણી મંડળ દ્વારા રાજેશ વરૂ શિક્ષણ સંકુલમાં છાત્રાલય તથા આશ્રમશાળા ચલાવવામાં આવે છે. આ સંસ્થામાં હાલ ૧૨૫ બાળકો છાત્રાલયમાં રહીને અભ્યાસ કરે છે. આ બાળકો મોટેભાગે રબારી સમાજનાં તથા ઠાકોર સમાજનાં છે. તેઓ કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાંથી અહીંયા ભણવા માટે આવેલાં છે. આ આશ્રમશાળામાં ધો.૧ થી ૭ સુધીના અભ્યાસની સગવડ છે. સંસ્થામાં ફક્ત 'પહેરેલા કપડે' જ આવે છે. તેમને જરૂરી તમામ પુસ્તકો, કપડાં વગેરે સંસ્થા તરફથી મફત આપવામાં આવે છે. અવારનવાર બાળકોનું મેડીકલ ચેકઅપ પણ નિયમિત કરવામાં આવે છે. બાળકોને અભ્યાસમાં શિક્ષકો અંગત રસ લઈને મદદ કરે છે. આ કેળવણી મંડળના પ્રમુખ છે શ્રી મોતીભાઈ વી.દેસાઈ જેઓ શ્રી સતત ૧૫ વર્ષથી આ ગામના સરપંચશ્રી તરીકે પણ સેવાઓ આપે છે. રણુંજા જતા પદયાત્રીઓ માટે રાજસ્થાનમાં કેમ્પનું તેઓ સફળતાપૂર્વક આયોજન કરે છે. આ રાજેશ વરૂ શિક્ષણ સંકુલ મણીનગર, સરદારપુરામાં આવેલુ છે. તેમનો મો.નં- ૯૮૨૫૨ ૬૭૩૭૩ છે.

**રાયકા એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ, મેવાડ મુ.ઉદયપુર (રાજસ્થાન) દ્વારા યોજાયેલો હોસ્ટેલ શિલાન્યાસ સમારોહ**

તા.૨૬.૧.૨૦૦૯ ના રોજ ઉદયપુર (રાજસ્થાન) મુકામે મેવડની ધરતી ઉપર રાયકા-રબારી સમાજના વિદ્યાર્થીઓના અભ્યાસની સગવડ માટે રહેવા માટે રાયકા એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ મેવાડ દ્વારા આધુનિક સુવિધાઓ વાળું છાત્રાલય (હોસ્ટેલ) ના ભૂમિપૂજન-શિલાન્યાસ સમારોહનું આયોજન કર્યુ હતું. આ શિલાન્યાસ સમારંભમાં અનેક પૂ.મહંતો, પૂ.સંતો તથા રાજકીય આગેવાનો, સામાજિક કાર્યકરો અને વિશાળ સંખ્યામાં જ્ઞાતિંબધુઓએ હાજરી આપી હતી. આ સમારંભનું દીપ પ્રાક્ટય પ.પૂ.મહંતશ્રી બળદેવગિરિજી મહારાજે શ્રી વાળીનાથ, તરભ કર્યુ હતું. સમારંભ શ્રી સાગરભાઈ રાયકા (પૂર્વ સાંસદ) ના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. મુખ્ય અતિથિ હતા શ્રી ડૉ.દેવ કલ્યાણ ભાટી (u.s.a.)

**રાજસ્થાન વિધાનસભામાં ધારાસભ્ય તરીકે બે રબારી આગેવાનો ચુંટાઈને ઈતિહાસ રચ્યો.**

સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં રાજસ્થાન રાજ્યમાં પ્રથમ વખત રબારી સમાજના બે આગેવાનો ધારાસભ્ય તરીકે ચુંટાઈને ઈતિહાસ રચ્યો છે.

રાજસ્થાનના શિરોહી મતક્ષેત્રમાંથી ભાજપના ઉમેદવાર તરીકે ચામુંડા માતાજીના ભુવા શ્રી ઓટારામજી ચુંટાયા છે. જ્યારે રાનીવાડા મતક્ષેત્રમાંથી શ્રી રતનલાલ રબારી (માઉન્ટ આબુ) કોંગ્રેસના ઉમેદવાર તરીકે ચુંટાયા છે.

આ બન્ને ધારાસભ્યોને ખુબ ખુબ અભિંનદન...

**રબારી સમાજ માટે અમદાવાદમાં શરૂ થયેલુ શ્રીમતી લાસુબેન જોરાભાઈ દેસાઈ લર્નિંગ સેન્ટર**

તા.૧૬/૧૧/૦૮ ના રોજ વાળીનાથ ચોક, ગોપાલનગર, મેમનગર, ૧૩૨ ફૂટ રીંગ રોડ ઉપર આવેલ શ્રી વિસત કન્સ્ટ્રક્શન કંપનીની જૂની ઓફિસના મકાનમાં રાઈકા એજ્યુકેશન ટ્રસ્ટ દ્રારા શ્રીમતી લાસુબેન જોરાભાઈ દેસાઈ લર્નિંગ સેન્ટરનુ શુભ

ઉદ્ઘાટન કરવામાં આવ્યુ છે. આ મકાન શ્રી જીવણભાઈ જોરાભાઈ દેસાઈ (ભાન્ડુવાળા)એ બે વર્ષ માટે રેક્ટને એની પ્રવૃતિઓ કરવા માટે મફત આપેલુ છે. રબારી સમાજના બાળકો ઉચ્ચ શિક્ષણ અને અંગ્રેજી શિક્ષણની સારી તાલિમ મેળવી શકે એવા શુભ આશયથી રાયકા એજ્યુકેશન ટ્રસ્ટએ આ ઓફિસનું શુભ ઉદ્ઘાટન કરેલું છે.

આ ઉદ્ઘાટન પ્રસંગે રેક્ટના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી લાલસિંહ રાયકા (પવાર ભોકુ, મુ.કોલીલા, જિ.અલ્વર, રાજસ્થાન) વાઈસ ચેરમેન એક્સીસ બેંક અમદાવાદ એ જણાવ્યું હતુ કે દેશના તમામ રાજ્યોમાં રહેતા રબારી, રાયકા, દેસાઈ, દેવાસી સમાજમાં સંમ્પૂર્ણ શિક્ષણ માટે રાયકા એજ્યુકેશન ટ્રસ્ટ પ્રયત્નો કરી રહ્યુ છે એ ઉદ્દેશની પૂર્તિ માટે આ લર્નિગ સેન્ટરનુ આજે ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. આ સેન્ટરમાં જાહેર પરીક્ષામાં નાપાસ થતાં બાળકોને ફરીથી પરીક્ષા આપવા માટે સુસજ્જ કરવા માટેની તાલિમ પણ આપવામાં આવશે તે ઉપરાંત બેન્ક, જી-સ્લેટ, એમ.બી.એ. અને જાહેર સેવા આયોગની પરીક્ષાઓની તાલિમ વિવિધ વિદ્યાશાખાઓના વિદ્વાનો દ્વારા જે તે કેરિયરનુ માર્ગદર્શન અપાશે. એમણે જણાવ્યુ કે સમસ્ત દેશમાં રબારી સમાજ માટે આ પહેલુ લર્નિગ સેન્ટર છે.

### 'અનાજ સુકવણી માટેનું આધુનિક સોલાર ખળું' રજુ કરનાર વિદ્યાર્થી ની રાજ્ય કક્ષાએ પસંદગી

શ્રી સર્વોદય હાઈસ્કુલ મીઠા, તા.જિ.મહેસાણા ના ધો-૯ મા અભ્યાસ કરતા દેસાઈ નિતિનકુમાર બળદેવભાઈ માલજીભાઈ (સિલોરા) એ ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં તાલુકા કક્ષાએ પસંદગી પામી પ્રથમ નંબર મેળવી મહેસાણા જીલ્લા કક્ષાનું ૪૪મું ગણિત વિજ્ઞાન પ્રદર્શન જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર પ્રેરીત તા.૨૦/૧૦/૨૦૦૮ થી તા.૨૩/૧૦/૨૦૦૮ સુધી વિજાપુર મુકામે યોજાયેલ જેમાં કુલ ૧૧૫ જેટલી કૃતિઓ વિવિધશાળાઓ દ્વારા રજુ થયેલ. જેમાં માધ્યમિક વિભાગ ૧માં સર્વોદય શાળા મીઠા દ્વારા રજુ થયેલ કૃતિ 'અનાજ સુકવણી માટેનું આધુનિક સોલાર ખળું' રજુ કરનાર વિદ્યાર્થી દેસાઈ નિતિન પ્રથમ નંબરે પસંદગી પામી આગામી રાજ્યકક્ષાના યોજાનાર ગણિત વિજ્ઞાનમેળામાં પસંદગી પામી કુટુંબ, ગામ, શાળા તથા રબારી સમાજનું ગૌરવ વધારવા બદલ હાર્દિક અભિંનદન તથા આપ ઉત્તરોત્તર પ્રગતિ કરો તેવી હાર્દિક શુભેચ્છા.

### દૂધઈમાં નેત્ર નિદાન યજ્ઞ અને રક્તદાન શિબિર યોજાઈ

શ્રી વડવાળા મંદિર દૂધઈ દ્વારા તાજેતરમાં દૂધઈ ખાતે વિના મૂલ્યે નેત્રયજ્ઞ તથા રક્તદાન શિબિર નું સુંદર આયોજન કરાવામાં આવેલ. જરૂરિયાતમંદ દર્દીઓને આધુનિક કોલ્ડ ફેકો મશીનથી ટાંકા વગરના નેત્રમણી ઓ પણ વિના મૂલ્યે બેસાડી અપાયેલ. એકત્રિત મહામૂલું રક્ત વિનામૂલ્યે બ્લડબેંકોને પહોંચાડવામાં આવેલ. કાર્યક્રમને સફળ બનાવવા મહંત પૂ.રામબાલકદાસ બાપુ સાથે દૂધઈના સરપંચ શ્રી દેવાભાઈ રબારી તથા જગ્યાના સેવક સમૂદાયે અને નેહડાએ ભારે જહેમત ઉઠાવેલ.

પોતાના માનવતાલક્ષી કાર્યોની કદર રૂપે મેઘમંડલેશ્વર પૂ.રામબાપુનું સડલાની ગાર્ડી વિદ્યાલયના પ્રાંગણમાં ભવ્ય સન્માન-અભિવાદન કરવામાં આવેલ તથા મુંબઈ ખાતે વાલ્કેશ્વર, થાણા અને ઘાટકોપરમાં ખાસ પ્રવચનો પણ રાખવામાં આવેલ.

દૂધઈ જગ્યા અને પૂ.રામબાપુ વિશે ગુજરાતના અગ્રગણ્ય સાપ્તાહિક "ચિત્રલેખા" એ તેના ૧૭ નવેમ્બર ૦૮ ના અંકમાં પેજ- ૨૪,૨૫,૨૬ એમ ત્રણ પેજની કલર તસ્વીરો સાથેની ખૂબજ રસપ્રદ ફોટો સ્ટોરી પ્રગટ કરી છે, જે દરેક રબારીએ ખાસ વાંચવા જેવી છે. જેનુ ટાઈટલ છેઃ "રબારી સમાજમાં સુધારાની રફતાર"

### સુરેન્દ્રનગર ખાતે અદ્યતન કુમાર અને કન્યા છાત્રાલયના બિલ્ડીંગનું ખાત મુહૂર્ત

શ્રી વડવાળા મંદિર દૂધરેજ દ્વારા તાજેતરમાં સુરેન્દ્રનગર ખાતે શ્રી ગોમતીદાસબાપુ નૂતન કુમાર છાત્રાલય તથા શ્રી કલ્યાણદાસબાપુ નૂતન કન્યા છાત્રાલયનો ભવ્ય "ભૂમિ પૂજન સમારોહ" યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં રબારી સમાજના તમામ પરગણા ના અગ્રણીઓ એ હાજરી આપી શૈક્ષણિક અને સમાજ વિકાસને લગતી વાતો કરેલ. મહંત પૂ.કણીરામબાપુની રાહબરી

માં સાડા ત્રણેક કરોડ જેવી માતબર રકમ ના ખર્ચે સમસ્ત રબારી સમાજમાં "શૈક્ષણિક ક્રાંતિ" થાય તેવું ભવ્યાતિભવ્ય કાર્ય થવા જઈ રહ્યુ છે.

પૂ.કણીરામબાપુ તેમની ભાવુકવાણીમાં કહ્યુ કે હવે મારે આ સમાજના અંધારા ઉલેચવા છે. દેવ મંદિરો ઘણા બાંધ્યા હવે મારે શિક્ષણના મંદિરો બાંધવા છે. સમાજમાંથી કુરિવાજો, દુવ્યસનો પણ દૂર થાય એવી પૂજ્ય બાપુએ હાકલ કરી છે.
કાર્યક્રમનું સુંદર સંચાલન દૂધરેજ મંદિરના સંતશ્રી કથાકાર પ્રેમદાસજી મહારાજે કર્યુ હતું.

**સમગ્ર ગુજરાતના રાબારી માલધારી શૈક્ષણિક કર્મચારીઓનું સંમેલન આગામી ડીસેમ્બરમાં ગાંધીનગર યોજાશે.**

ગુજરાતના સમગ્ર માલધારી-રબારી સમાજના શૈક્ષણિક કર્મચારીઓનું એક સંમેલન આગામી ડીસેમ્બર માસમાં ગાંધીનગર ખાતે રાજ્યના શિક્ષણમંત્રી અને અન્ય મંત્રીશ્રીઓની હાજરીમાં યોજાનાર છે.

આ સંમેલનના સુત્રધાર શ્રી અમૃતભાઈ દેસાઈ (વડાલીવાળા) અને કન્વીનર શ્રી મફતભાઈ દેસાઈએ જણાવ્યુ છે કે રાજ્યના કોઈ પણ ગામ-શહેર-તાલુકા-જિલ્લામાં શિક્ષણ વિભાગમાં પટ્ટાવાળાથઈ લઈ પ્રિન્સિપાલ, કોલેજના પ્રોફેસરો, છાત્રાલય, આંગણવાડી સંચાલકો, શિક્ષણખાતાના ઉચ્ચ અધિકારીઓ પણ આ સંમેલનમાં જોડાનાર છે. વ્યક્તિગત સંસ્થાએ આ સંમેલનમાં ભાગ લેવો હોય તો તેઓએ વ્યક્તિગત અથવા સામુહિક રીતે નામ-સરનામા, ફોન નંબરની યાદી નીચેના સરનામે તાત્કાલીક મોકલી આપવી. દરેક શૈક્ષણિક કર્મચારીઓને અપીલ કરવામાં આવે છે તમારા ગામ- તમારા શહેર- તમારા તાલુકા- તમારા જિલ્લાની માહિતી નીચેના ફોર્મેટમાં મોકલી આપવા અપીલ કરવામાં આવી છે.

(૧)ક્રમ (૨)કર્મચારીનું નામ (૩)હોદ્દો (૪)હોદ્દાનું સ્થળ (૫)ટપાલ વ્યવહારનું સરનામું (૬)ઘરના નંબર (૭)મોબાઈલ નંબર (૮)ફેક્ષ નંબર (૯)ઈ-મેઈલ આઈડી (૧૦) વિશેષ
ઉપારોક્ત ફોર્મેટમાંથી જે હોય તે માહિતી નીચેના સરનામે મોકલી આપવા વિંનતી.

શ્રી મફાભાઈ એમ.દેસાઈ
એચ/૧/૫, સરદાર પટેલ હાઉસીંગ સોસાયટી, સેક્ટર-૧૪,ગાંધીનગર

(પોરબંદર, જામનગર, જુનાગઢ અને રાજકોટ જિલ્લાના શૈક્ષણિક કર્મચારીઓ 'રબારી મહિમા' ના તંત્રીને માહિતી મોકલી શકે છે.)

**ભાજપ માલધારી સેલ દ્વારા યોજાયેલું ઉ.ગુજરાત માલધારી મહિલા સંમેલન**

ઉત્તર ગુજરાતના માલધારી સમાજની બહેનોનું એક મહાસંમેલન શ્રી પુરષોત્તમભાઈ રૂપાલાજીના અધ્યક્ષ સ્થાને ગાંધીનગર ખાતે તા.૧૯.૧૦.૨૦૦૮ ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે ગોપાલક કન્યા છાત્રાલય, સેક્ટર-૧૫ ના વિશાળ પ્રાંગણમાં યોજાઈ ગયું.સમસ્ત ઉ.ગુજરાતના તમામ જિલ્લાઓ અને અમદાવાદ શહેરમાંથી વિશાળ સંખ્યામાં (અંદાજે ૧૦,૦૦૦) ગોપાલક બહેનો આ સંમેલનમાં ઉમટી પડી હતી.

આમંત્રીત મહેમાનોએ પ્રાસંગીક પ્રવચનો કરી ને કહ્યુ હતુ કે આ સમાજમાં શિક્ષણ, કન્યા કેળવણી ખૂબજ વધે, બાળલગ્નો, બાળ સગપણો બંધ થાય, કુરિવાજો દૂર થાય, વૈજ્ઞાનિક ઢબે સમાજ પશુપાલન કરે વગેરે વાતો ઉપર ખૂબજ ભાર મૂક્યો હતો.સાથે સાથે સરકારશ્રીની વિવિધ લોકકલ્યાણની, મહિલા વિકાસની યોજનાઓની પણ સમજ આપવામાં આવી હતી.

**બળેજ, વીસાવાડા, લોએજ, બોડા અને ડારીએ રંગેચંગે ઉજવાયેલો "પુંજ" ઉત્સવ**

સોરઠીયા રબારી સમાજની આગવી વિશેષતા અને અનોખી પરંપરા એવી માતૃપ્રધાન 'પુંજ' સંસ્કૃતિં અતર્ગત તાજેતરમાં તા. ૮/૧૦/૨૦૦૮ ના રોજ માતાજીનો હવન અને તા.૯/૧૦/૨૦૦૮ ના રોજ માતાજીની પીણી યોજાઈ હતી.

પોરબંદર પાસેના વિસાવાડા તથા બળેજ અને મહુવા પાસેના બોડા ગામે ભવ્ય પુંજ મહોત્સવ સંપન્ન થયા છે. પુંજની ભવ્યતા અને દિવ્યતા ની શાબ્દિક પ્રશંસા કરવા કરતા એક વખત પુંજ મહોત્સવનો લ્હાવો લેવો વધારે મહત્વની વાત છે.

બળેજ ખાતે ભુવાઆતાશ્રી જેઠાઆતા, ઓડદરના ભુવાઆતાશ્રી અમરેશઆતા, લોએજ ખાતે ભુવાઆતાશ્રી પુજાઆતા, ભુવાશ્રી ગોવિંદઆતા, ભુવાશ્રી રાજાઆતા(સીડોકર), ભુવાશ્રી નાથાઆતા (ગણોદ), ભુવાશ્રી મેરામણઆતા (ડેરી), ભુવાશ્રી ભોજાઆતા (ચોરવાડ) પાટે ચડ્યા હતા. તેમજ ડારી ખાતે ભુવાશ્રી રામભાઈ અને વિસાવાડા ખાતે ભુવાશ્રી રામભાઈ , દ્વારકા ખાતે ભુવાશ્રી મનસુખઆતા, બોડા ખાત ભુવાશ્રી નારણઆતા અને વીરમદળ ખાતે ભુવાશ્રી ધીરાઆતા પાટે ચડી દર્શન આપ્યા હતા.

### પ્રિંયાક સગરામભાઈ મોરી- "હમ (રબારી) કિસીસે કમ નહીં"

ભાવનગર ના રહેવાસી અને માત્ર ત્રણ વર્ષની ઉંમરે કોમ્પ્યુટરના વિવિધ ફંક્શનમાં પ્રભુત્વ મેળવનાર પ્રિંયાક સગરામભાઈ મોરીનું શ્રી વડવાળા મંદિર દૂધરેજના મહંત પૂ.કણીરામબાપુ દ્વારા ભાવનગરમા તાજેતરમાં યોજાયેલ સામાજિક-શૈક્ષણીક સમારોહમાં ખાસ બહુમાન કરાયુ છે. પ્રિંયાક ની પારંગતતાને વિવિધ છાપાઓ અને ટી.વી. ચેનલો એ પણ 'જુનિયર બિલ ગેટ્સ' ગણાવીને બિરદાવેલ છે. ત્રણ વર્ષના ટેણિયા પ્રિંયાકે "હમ (રબારી) કિસીસે કમ નહીં" ના સૂત્રને સાર્થક કરી રબારી સમાજનું ગૌરવ વધાર્યુ છે

### ભાવનગર જિલ્લા કોંગ્રેસ સમિતિંમા પ્રમુખ તરીકે એક રબારી તરીકે ત્રણ-ત્રણ ટર્મ

ભાવનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે ગોહિલવાડ રબારી સમાજના ખમતીધર અગ્રણી આંબલાના શ્રી મેહુરભાઈ ભીમાભાઈ લવતુકાની સતત ત્રીજી ટર્મ માટે વરણી કરવામાં આવી છે ગોહિલવાડ પંથકમાં વર્ચસ્વની રીતે ગોહિલ દરબારોનો દબદબો છે તથા વસ્તીના ધોરણે કોળી સમાજની બોલબાલા છે. આવા રાજકીય માહોલ વચ્ચે જિલ્લા કોંગ્રેસ સમિતિંમા પ્રમુખ તરીકે એક રબારી તરીકે ત્રણ-ત્રણ ટર્મ (હેટ-ટ્રીક) સુધી પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા બિન હરીફ વરણી પામવી તે ઉત્તમ રાજકીય કુનેહ-સુઝબૂઝ વિના શક્ય બને નહીં.

તદ ઉપરાંત ભાવનગર શહેર કોંગ્રેસ મહામંત્રી તરીકે શ્રી મહિપતભાઈ એન.હુણ ની વરણી કરાઈ છે.

### રબારી સમાજમાં કન્યા કેળવણીના ક્ષેત્રે જબરૂં પ્રોત્સાહક ઉદાહરણ પૂરું પાડતા કુ.ભાવનાબેન હેમરાજભાઈ મર્યા

સુરેન્દ્રનગરના કુ.ભાવનાબેન હેમરાજભાઈ મર્યા બી.ફાર્મ., એમ.ફાર્મ. થઈને સુરેન્દ્રનગરની પ્રખ્યાત સી.યુ.શાહ ફાર્મસી કોલેજમાં કેક્ચરર તરીકે જોડાયા છે, સાથે તેઓએ પોતાનું પી.એચ.ડી. પણ જોઈન્ટ કર્યુ છે. કુ.ભાવનાબેન પોતાની ઉત્તમ શૈક્ષણિક કારકિર્દી થી રબારી સમાજની ભણી રહેલ દિકરિંયુ ને તથા સમાજમાં કન્યા કેળવણીના ક્ષેત્રે જબરૂં પ્રોત્સાહક ઉદાહરણ પૂરું પાડ્યું છે.

### સમાજનું ગૌરવ વધારતો માલધારી પિતાનો પુત્ર

સાયલા તાલુકાના થોરિયાળી ના વતની શ્રી ગોવિંદભાઈ દેવાભાઈ મોરીએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન રાજકોટ બી.એડ. કોલેજમાં બી.એડ.(હિન્દી) માં ૮૮% સાથે ઉર્તિણ થઈ સમાજનું ગૌરવ વધાર્યુ છે.

### બોટાદ નગરપાલિકામાં રબારી સમાજના ચેરમેન

ભાવનગર જિલ્લાની બોટાદ નગરપાલિકામાં તાજેતરમાં વિવિધ કમિટીનું પુઃન ગઠન કરાયું છે. તેમાં લાઈટ એન્ડ ફાયર કમિટિના ચેરમેન તરીકે શ્રી રણછોડભાઈ સોમાભાઈ ખાંભલિયા તથા વોટર વર્કસ કમિટિના ચેરમેન તરીકે શ્રી ગોવિંદભાઈ ખાંભલિયા ની ગૌરવરૂપ વરણી કરવામાં આવી છે.

## અખિલ ભારતીય રબારી સમાજ ધર્મશાળા નિંમળા છાવણી, રેલ્વે સ્ટેશન પાછળ,હરિદ્વાર

આજથી ૧૦ વર્ષ પહેલા હરિદ્વારમા સમસ્ત રબારી સમાજ ને ઉતરવા માટે કોઇ ધર્મશાળા હોવી જોઇએ તેવી ભાવના, પ્રેરણા પૂજ્ય સ્વામીશ્રી કૃષ્ણાનાથજી મહારાજ (હરિયાણા) એ આપી અને સમાજના શુભચિંતકો સમા આગેવાનોએ પૂ.મહારાજશ્રીની આગેવાની નીચે હરિદ્વારમાં રબારી સમાજ ધર્મશાળા માટેના પ્રયત્નો શરૂ કરી દીધા અને આશરે રૂપીયા ૨૦ લાખના ખર્ચે હરિદ્વારમાં રબારી સમાજ માટે એક નાનકડી ધર્મશાળા ખરીદવામાં આવી.

આ ધર્મશાળાનો લાભ દર વર્ષે ૩૦ હજાર જેટલા યાત્રાળુઓ લે છે. આ ધર્મશાળાનો જીર્ણોદ્વાર કરીને નવીનીકરણ કરીને તેમાં જરૂરી ફેરફારો કરવાનો તેમજ યાત્રાળુઓના ધસારાને પહોંચી વળવા માટે ધર્મશાળાના પ્રથમ માળના બાંધકામની જરૂરિયાત છે.આ ધર્મશાળા માટે જે કોઈ જ્ઞાતિંબધુઓ યથાશક્તિ આર્થિક સહાકાર આપવા ઇચ્છતા હોય તેમણે નીચેની વ્યક્તિઓનો સંમ્પર્ક સાધવો.

૧)ખેમરાજભાઈ તેજાજી ભાંગરા (કોરાવાળા) ૨૩,માધવ પાર્ક, ન્યુ ઈન્ડીયા કોલોની પાસે, નિકોલ, અમદાવાદ મો. ૯૯૨૫૦૪૯૪૮૫

૨)મહાદેવભાઈ મહેરાજભાઈ દેસાઈ મુ.પો.વિશોળ, તા.ઊઝા, જી.મહેસાણા મો-૯૭૨૭૪૨૭૯૩૭

૩)ગોવિંદભાઈ સેંધાભાઈ રબારી તંત્રી-ગોપાલબંધુ, ૩,ગોપાલનગર, ગાયત્રી મંદિર સામે, મહેસાણા મો-૯૮૨૫૮૯૪૩૦૯

## સમાજના યુવા સંમેલનમાં અમદાવાદ શહેર માલધારી યુવા સંગઠનની થયેલી રચના

છેલ્લા કેટલાય સમયથી અમદાવાદ શહેરના માલધારીઓના પ્રશ્નોને લઈને દરેક માલધારીના મનમાં મુંઝવણો ચાલ્યા કરે છે. આ માલધારીઓના પ્રશ્નોનો ઉકેલ કેવી રીતે લાવી શકાય તે માટે અનેક વ્યક્તિઓ, સંગઠનો, સંસ્થાઓ અને સામયિકો પણ મનોમંથન કરી રહ્યા છે. તેનાથી કંઈક અંશે સમાજમાં જાગૃતિ પણ આવી છે અને સફળતા પણ મળી છે. આ પ્રશ્નોના ઉકેલ માટે અમદાવાદ શહેરના માલધારી યુવાનોએ એકઠા થઈને સંગઠન બનાવવાનો વિચાર કર્યો. ૧૦૦ જેટલા યુવાનોની એક મિંટિંગ પહેલાં મળી અને અમદાવાદ શહેરના વિસ્તારો પ્રમાણે યુવાનોએ જવાબદારી લીધી કે પોતે પોતાના વિસ્તારમાં યુવાનોનું સંગઠન મજબૂત બનાવશે અને અવાર નવાર મિંટિંગો પણ કરશે અને ચર્ચા વિચારણાને સમસ્ત અમદાવાદ શહેરના યુવાનોનું એક સંગઠન કરવાનો નિંણય કર્યો.

જેમાં માલધારીઓની આજીવીકાના પ્રશ્નો, શિક્ષણ, રહેઠાણ, સુરક્ષા અને સ્વમાનને લગતા પ્રશ્નોને આવરી લઈને મજબૂત સંગઠન બનાવવા માટે અમદાવાદના યુવાનો તા.૧૦.૮.૦૮ ના રોજ દિનેશ હોલ, અમદાવાદમાં મોટી સંખ્યામાં મળ્યા હતા અને આ યુવા સંગઠનનું બંધારણ પણ ઘડવામાં આવ્યું હતું અને તેને મંજૂર પણ કરવામાં આવ્યું હતું. આ યુવા સંગઠન દ્વારા મેડીકલ ચેકઅપ કેમ્પ, માલધારી હેલ્પલાઈન, લીગલ સેલ, ચિંતન શિબિરો વગેરે વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવશે. આ સંગઠનનું સંચાલન માલધારી યુવાનો દ્વારા કરવામાં આવશે. આ બંધારણની નકલ અને વધુ વિગતો માટે નીચેના સરનામે સંપર્ક કરવો.

"મારગ" માલધારી યુવા સંગઠન, અમદાવાદ,

૨-બી,મિલીન્દ પાર્ક, સેન્ટ ઝેવિયસ સ્કુલ પાસે, લોયલા હોલની બાજુમાં, મેમનગર, અમદાવાદ

ફોન/ફેક્સ= ૦૭૯-૨૭૯૧૨૪૯૨

મો= ૯૪૨૮૬૧૧૫૨૧

## બાયોડેટા મોકલી આપશો

રાયકા એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા રબારી સમાજના સ્નાતક અને અનુસ્નાતક થયેલા યુવાનો તેમનો બાયોડેટા તા. ૩૦.૯.૨૦૦૮ સુધીમાં નીચેના સરનામે મોકલી આપે એમ "રેક્ટ" દ્વારા જણાવવામાં આવ્યું છે.

ઈ-મેલ સરનામુઃ- dharamashi_r@yahoo.com અથવા

શ્રી લાલસિંહ પવાર, ૮૨,આરોહી રેસીડેન્સી, આરોહી હોમ પાસે, એસ.પી.રિંગ રોડ, બોપલ, અમદાવાદ

**વાળીનાથ મહંતશ્રી બળદેવગિરિજી મહારાજ ગોપાલક કન્યા કેળવણી મડંળ, ગાંધીનગર દ્વારા યોજાયેલો ઇનામ વિતરણ કાર્યક્રમ**

વાળીનાથ મહંતશ્રી બળદેવગિરિજી મહારાજ ગોપાલક કન્યા કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત શ્રીમતિ હિરાબેન કે.દેસાઈ ગોપાલક કન્યા છાત્રાલયમાં રહી અભ્યાસ કરતી બાળાઓ પૈકી સને ૨૦૦૭-૮ ની વાર્ષિક પરિક્ષામાં ધો.૫ થી ધો.૧૨ ના દરેક વર્ગમાં પ્રથમ ત્રણ નંબરે ઉર્તિણ થયેલ બાળાઓનો ઇનામ વિતરણ કાર્યક્રમ તા. ૩૧.૭.૨૦૦૮ ના રોજ મા.શ્રી જયંતિભાઈ બારોટ (મહામંત્રી- ગુજરાત પ્રદેશ ભાજપ) ના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગયો

**ચાલુ સાલે લેવાયેલી વિવિધ પરીક્ષાઓમાં રબારી સમાજના વિદ્યાર્થીઓ ઉચ્ચગુણ મેળવીને ઉત્તીર્ણ થયા છે. તે સૌને "વડવાળા ડોટ કોમ" તરફથી હાર્દિક અભિનંદન...**

**જનરલ સામ માણેકશા ના ભેરૂ લિંબાળાના રણછોડ પગી**

બનાસકાંઠા જિલ્લામાં ૧૫મી ઓગષ્ટની ઉજવણી પ્રસંગે વાવ તાલુકાના લિંબાળા ગામે રહેતા રણછોડભાઈ સવાભાઈ રબારી ને આમંત્રણ પાઠવાયું હતુ, જેમણે ૧૯૬૫ અને ૧૯૭૧ ના ભારત-પાકિસ્તાન ના યુધ્ધ દરમિયાન ભારતીય લશ્કરને બનાસકાંઠાની સરહદેથી છેક પાકિસ્તાનના નગરપારકર સુધી દોરી જઈને ૧૦ હજાર જવાનોની બટાલિયનને બચાવી હતી.

ભારત-પાકના ભાગલા દરમિયાન પાકિસ્તાનના પેથાપૂર ગથડો ગામમાં ૩૦૦ એકર જમીન અને ૩૦૦ સાંઢ, ગાય તેમજ ઘેટાં બકરાંનુ પશુધન ધરાવતા માલધારી રણછોડભાઈ રબારી પાકિસ્તાની સૈનિકોના ત્રાસથી વાવના રાધાનેસડા ગામમાં આવ્યા બાદ મોસાળ લિંબાળા ગામમાં સ્થાયી થયા હતા. જેમાં એ ૩૧ વર્ષ, ૨ માસ અને ૨૬ દિવસ દેશની સેવા કરવા બદલ સરકાર તરફથી સમર સેવા સ્ટાર મેડલ ૧૯૬૫, સંગ્રામ મેડલ અને પોલીસ મેડલ ફોર મેરીટોરિયસ સર્વિસ ઇન્ડિયન પોલીસ એનાયત થયા હતા અને તા.૩૧.૭.૯૨ ના રોજ સ્વેચ્છિક નિવૃત થયા હતા.

જનરલ માણેજશાએ બહુ ઓછા સિવિલિયન વ્યક્તિઓ સાથે ડિનર લીધું હતું, જેમાંના રણછોડ પગી એક હતા.

**"આરઝી હકૂમત" ના સ્વાતંત્ર્ય સેનાની હીરાભાઈ વેલાભાઈ ખાંભલાનું ભવ્ય બહુમાન થયું.**

જુનાગઢ ખાતે આઝાદીના લડવૈયા એવા ૪૫ "આરઝી હકૂમત" ના સ્વાતંત્ર્ય સેનાનીઓનું ભવ્ય બહુમાન થયું. તેમાં સમગ્ર રબારી સમાજમાંથી એકમાત્ર એવા હીરાભાઈ વેલાભાઈ ખાંભલા (વાંકાનેર) નું મરણોત્તર સન્માન થયું છે. તેમના વારસદાર જોમાબહેને ઉપસ્થીત રહી આ સન્માન સ્વીકારેલ. મોતને મૂઠ્ઠીમાં લઈ સર્વસ્વ ન્યોચ્છાવર કરી મા ભોમની મુક્તિ માટે ઝઝૂમનાર "આરઝી હકૂમત" માં રબારી હીરલો-વીરલો હતો તે સમગ્ર સમાજે ખૂબ ગૌરવ લેવા જેવી ઘટના છે.

**૬૦ લાખના ખર્ચે દ્વારકાધીશ માટે સોના-ચાંદીનું સિંહાસન**

ભગવાન દ્વારકાધીશ માટે રૂ.૬૦,૦૦,૦૦૦ ના ખર્ચે સોના-ચાંદીના ભવ્ય સિંહાસનનું નિંમાણ કરવામાં આવી રહ્યું છે. જેના નિર્માણનો તમામ ખર્ચ ઉઠાવનાર કાંકરેજના ધારાસભ્ય અને રબારી રત્ન શ્રી બાબુભાઈ દેસાઈ આગામી શરદપૂર્ણીમાના રોજ આ સિંહાસન ભગવાનને અર્પણ કરશે. સિંહાસનમાં રૂ.૨ લાખના લાકડાની નકશીવાળી ફ્રેમ, રૂ.૪૮ લાખનું સોનુ, રૂ.૬ લાખની ચાંદી હશે. સિંહાસનનું કામ છેલ્લા ૪ મહિનાથી ૮ થી ૧૦ કારીગરો દ્વારા ચાલી રહ્યું છે.

બાબુભાઈ દેસાઈ દ્વારા જ દ્વારકાધીશ મંદિર પરિસરમાં તા.૧.૩.૨૦૦૯ થી સતત એક વર્ષ સુધી શ્રીમદ ભાગવત કથાઓનું સુંદર આયોજન શ્રધ્ધા અને ભક્તિપૂર્વક કરવામાં આવનાર છે. જુદા જુદા ભાગવત કથાકારો દ્બારા વર્ષ દરમિયાન કુલ ૫૧ શ્રીમદ ભાગવત કથાઓ શ્રી દ્વારકાધીશને સતત શ્રવણ કરાવવામાં આવશે. આ માટેનું સંમ્પૂર્ણ આયોજન થઈ ગયેલું છે.

**સુરેન્દ્રનગર મુકામે શ્રી વડવાળા સોશ્યલ ટ્રસ્ટ દ્વારા યોજાયેલો "વિદ્યાર્થીઓનો પંચમ સન્માન સમારંભ"**

તા.૨૦/૭/૦૮ ને રવિવારે બપોરે ૧-૩૦ કલાકે શ્રી રંભાબેન ટાઉન હોલ, સુરેન્દ્રનગર મુકામે શ્રી વડવાળા સોશ્યલ ટ્રસ્ટ દ્વારા સુરેન્દ્રનગર જિલ્લાના રબારી સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનો "પંચમ સન્માન સમારંભ" નીચેના મહાનુભાવોની હાજરીમાં સુંદર રીતે યોજવામાં આવ્યો હતો. આ સમારંભના સૌજન્ય દાતાઓઃ-

શ્રી અમરતભાઈ દેસાઈ (ચેરમેન), શ્રી મહેશભાઈ ગોવિંદભાઈ સાવધરીયા(એમ.ડી.) શ્રી મણીનગર નાગરીક સહકારી બેન્ક લી.અમદાવાદ

નિંમત્રકઃ- શ્રી વડવાળા સોશ્યલ ટ્રસ્ટ - સુરેન્દ્રનગર જિલ્લા સમસ્ત રબારી સમાજ

પ્રમુખ સ્થાનઃ- બાબુભાઈ જેસંગભાઈ દેસાઈ (માન.ધારાસભ્યશ્રી)

દીપ પ્રાગટ્યઃ- પ.પૂ.શ્રી કણીરામ બાપુ (મહંતશ્રી ૧૦૦૮ દૂધરેજ વડવાળા મંદિર), મેઘમંડલેશ્વર શ્રી રામ બાલકદાસજી બાપુ (મહંતશ્રી દૂધઈ વડવાળા મંદિર)

ઉપસ્થિત પ્રેરક વ્યક્તિત્વઃ- શ્રી વી.વી.રબારી (આઈપીએસ- આઇ.જી.પી., રાજકોટ), શ્રી અશોકકુમાર યાદવ (આઈપીએસ. જી.પો.અ., સુરેન્દ્રનગર), શ્રી જી.ટી.ચાવડા (નાયબ સચિવશ્રી, ગાંધીનગર), શ્રી એમ.યુ.ટમાલીયા (સભ્યશ્રી ગુ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર), શ્રી કનુભાઈ કરમટા (માહિતી નિયામક, રાજકોટ), શ્રી અમૃતભાઈ દેસાઈ (ચેરમેન, કાંકરીયા મણીનગર બેંક, અ.વાદ) , શ્રી મહેશભાઈ સાવધરીયા (એમ.ડી., કાંકરીયા મણીનગર બેંક, અ.વાદ), શ્રી લાલસિંગભાઈ પવાર (વાઈસ પ્રેસિડેન્ટ, AXIS BANK, અ.વાદ), શ્રી ઘનશ્યામભાઈ સાવધરીયા (પ્રમુખશ્રી, જિ.પં.ભાજપ સેલ, અ.વાદ), શ્રી દેવસીભાઈ બી.પઢેરીયા (સમાજ અગ્રણી), શ્રી રતિલાલ દેસાઈ (પૂર્વ મેયરશ્રી, વડોદરા), ડો.શ્રી પી.એલ.દેસાઈ (એમ.ડી., પાલનપુર), શ્રી ગોવિંદભાઈ દેસાઈ (તંત્રીશ્રી, ગોપાલબંધુ, મહેસાણા), શ્રી ચીમનભાઈ કટારા (સી.એ., રાજકોટ), શ્રી વિજયભાઈ નાંગેશ (એડવોકેટશ્રી, ગુજરાત હાઈકોર્ટ)

પૂ.મહંતોના વરદહસ્તે દીપ પ્રાક્ટ્ય થયા પછી સમારંભ શરૂ થયો હતો. પ્રાર્થના પણ કરવામાં આવી હતી. ટ્રસ્ટના પ્રમુખશ્રી અરવિંદભાઈ દેસાઈએ સ્વાગત પ્રવચન કર્યુ હતું. મહેમાનોનું ફૂલહારથી સન્માન કર્યા પછી વિવિધ વક્તાઓએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતાં. જેમાં આ સમાજમાં શિક્ષણનો ખૂબજ વ્યાપ વધે, કન્યા કેળવણીનું પ્રમાણ પણ વધે અને પશુપાલનના વ્યવસાયને મર્યાદિત કરીને અન્ય વ્યવસાયો અપનાવવાની શીખ સમાજને આપવામાં આવી હતી. આ જિલ્લામાં ૧૦૦ કરતાં વધુ રબારી સમાજના શિક્ષકો છે. તેઓ પણ સમાજના શિક્ષણ માટે કંઈક કરી છૂટે તેવી અપેક્ષા રાખવામાં આવી હતી. પૂ.મહંતશ્રી કનીરામદાસજી તથા પૂ.મહંતશ્રી રામબાલકદાસજી એ આ સમાજમાં સંગઠન વધે, સંપ વધે, શિક્ષણ વધે અને કન્યા વિક્રય સદંતર બંધ થાય તેવા પ્રયત્નો કરવા માટે હાકલ કરી હતી. આ ભણતાં બાળકો પોતાનું ધ્યેય, લક્ષ્ય નક્કી કરે, સ્વપ્નો સેવતાં થાય અને એ સ્વપ્ન સાકાર કરવા પરિશ્રમ કરે તેવી શીખ આપવામાં આવી હતી.

**શ્રી વડવાળા મંદિર, દુધઈ તથા સમસ્ત મચ્છુ કાંઠાશ્રી વડવાળા યુવા સંગઠન દ્વારા યોજવામાં આવેલો તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ તથા પુરણ સ્મૃતિ એવોર્ડ અર્પણ સમારોહ**

તા.૨૦/૭/૨૦૦૮ ના રોજ ૩ કલાકે અપોલો હોલ, શનાળા બાય પાસ, મોરબીમાં સમસ્ત મચ્છુ કાંઠા શ્રી વડવાળા યુવા સંગઠન દ્વારા સમાજનાં તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ નીચેના મહાનુભાવોની હાજરીમાં યોજવામાં આવ્યો હતો.

દિપ પ્રાગટ્ય તથા પ્રમુખ સ્થાને પ.પૂ.ધ.ધૂ.મહંતશ્રી ૧૦૮ શ્રી કનીરામજીબાપુ ગુરૂશ્રી કલ્યાણદાસજી મહારાજ (શ્રી વડવાળા મંદિર - દુધરેજ)

આર્શિવચન તથા અતિથિ વેશેષશ્રીઃ-

પરમ આદરણીય પુ.શ્રી મેઘમંડલેશ્વર રામબાલકદાસ બાપુ ગુરૂશ્રી પુરણદાસબાપુ (મહંતશ્રી વડવાળા મંદિર - દુધઈ), પરમ આદરણીય પુ.શ્રી બંસીદાસબાપુ ગુરૂશ્રી જીણારામબાપુ (મહંતશ્રી આપાઝાલાની જગ્યા -મેસરીયા), માનનીયશ્રી દાનવીર બાબુભાઈ જેસંગભાઈ દેસાઈ (ધારાસભ્યશ્રી, કાંકરેજ મત વિસ્તાર), પરમ પુજ્ય ભુવાશ્રી નાથાઆતા (ભુવાશ્રી - માતાનો મઢ,

લાંબા બંદર), પરમ પુજ્ય મહંતશ્રી નારદબાપુ (મહંતશ્રી, માંડણપીરની જગ્યા તથા દેવીદાસ જન્મભૂમિ - જુના મુંઝીયાસર), પરમ પુજ્ય મહંતશ્રી ભીખુબાપુ (મહંતશ્રી, રામેવબાપુની જગ્યા - દેવકી)

દીપ પ્રાક્ટય પછી સમારંભ શરૂ થયો હતો. મહેમાનોનું ફૂલહાર થી સ્વાગત કરવામાં આવ્યું, ત્યારબાદ વિવિધ વક્તાઓએ પ્રાસંગિક પ્રવચનો કરીને આ સમાજમાં ખૂબ ખૂબ શિક્ષણ વધે તેવી આશાઓ વ્યક્ત કરી હતી. પૂ.મહંતોએ પણ સમાજમાં શિક્ષણ વધે, સંપ વધે, ઈર્ષાદૂર થાય એવી શુભેચ્છાઓ પાઠવી હતી. આ સમસ્ત મચ્છુકાંઠાશ્રી વડવાળા યુવા સંગઠન દ્વારા આવતા વર્ષે સમૂહ લગ્નનું આયોજન કરવાની જાહેરાત કરવામાં આવી હતી. ધો ૮ થી ઉપરની કક્ષાઓમાં ભણતાં તેજસ્વી બાળકોને ઈનામો આપીને સન્માનવામાં આવ્યા હતાં.

પૂ.ગુરૂવર્યશ્રી પુરણદાસજીબાપુની દિવ્ય સ્મૃતિંમા શ્રી દુધઈ વડવાળા મંદિર દ્વારા પૂ.પુરણદાસજી બાપુના દિવ્ય સ્વપ્નને સાકાર કરતાં આપણા સમાજના કર્મશીલ વ્યક્તિને "શ્રી પુરણ સ્મૃતિ એવોર્ડ" આપવાનું નક્કી કર્યુ છે. જેણે આપણા સમાજને ગૌરવ યશ કિંતિ અપાવી છે, તેવી આપણા જ સમાજની દિકરી શ્રી ઉષાબેન રાડાને આ સેવા આપવાનાનું નક્કી થયું હતું.

"શ્રી પુરણ સ્મૃતિ એવોર્ડ" માટે પસંદ થયેલાં ઉષાબેન રાડા (D.Y.S.P.-અ.વાદ) તે એવોર્ડ લેવા મોરબી પધાર્યા ન હતાં. કારણકે અમદાવાદની અશાંત પરિસ્થિતિને કારણે તેઓશ્રી અમદાવાદ છોડી શક્યાં ન હતા. આ પ્રસંગે રાષ્ટ્રપતિ ચંદ્રક વિજેતા શ્રી વિરમભાઈ રબારીનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

**રાયકા એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ, રબારી ઉત્કર્ષ મંડળ- રાજકોટ આયોજીત વિઝન-૨૦૨૦ અંતર્ગત શિક્ષણ પ્રોત્સાહન શિબિર**

શિક્ષણથી સમાજ ઉત્કર્ષ, તે સમયની માંગ છે. જે અંતર્ગત ધોરણ ૧૦, ૧૨ ગ્રેજ્યુએશન, પોસ્ટગ્રેજ્યુએશન તથા ઉચ્ચ અભ્યાસ ક્ષેત્રે વિદ્યાર્થીઓએ મેળવેલ સિધ્ધિઓને બીરદાવવા, પ્રોત્સાહિત કરવા, પરિવારસહ સ્નેહમિલનનું આયોજન કર્યુ હતું.

શિબિરના મુખ્ય મહેમાનોઃ- શ્રી કનુભાઈ કરમટા (માહિતી નિયામકશ્રી-રાજકોટ), શ્રી લાલસીંગ પવાર (વા.પ્રે. AXIS BANK અ.વાદ), શ્રી બી.એમ.રબારી- D.F.O. રાજકોટ, ડૉ.તેજસ કરમટા M.D. રાજકોટ, પ્રો. અર્જુનભાઈ રબારી- વડોદરા, શિબીર સંચાલક- શ્રી દેવશીભાઈ રબારી-થોરીયાળી.

કાર્યસુચિઃ- દિપ પ્રાગટ્ય, મહેમાનોનો પરિચય અને સ્વાગત, વિદ્યાર્થીઓનું સન્માન, કારકીર્દી માર્ગદર્શન, મહેમાનોનું ઉદ્બોધન, આભારવિધી.

તારીખ અને સમય હતોઃ- ૮.૬.૨૦૦૮ રવિવાર બપોરે ૩ થી ૬

સ્થળ હતુઃ- હોબી સેન્ટર હોલ, એરપોર્ટ રોડ ફાટક, રાજકોટ.

નિંમત્રક હતાઃ- રાયકા એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ (રેક્ટ) રાજકોટ- રબારી ઉત્કર્ષ મંડળ-રાજકોટ.

**ચોટીલામાં 'રબારી સમાજ સામાજિક-શૈક્ષણિક સંમેલન' નું કરવામાં આવેલ આયોજન**

શ્રી વડવાળા મંદિર દૂધરેજના મહંત પૂ.કણીરામ બાપુ, શ્રી આપા ઝાલાની જગ્યા મેશરિયા મહંત પૂ.બંસીદાસબાપુ તથા ચોટીલાના સમાજ અગ્રણી શ્રી મોતીભાઈ હિરાભાઈ સાંબડ ની રાહબરીમાં તાજેતરમાં પવિત્ર યાત્રાધામ ચોટીલા તળેટીમાં 'રબારી સમાજ સામાજિક-શૈક્ષણિક સંમેલન' નું આયોજન કરવામાં આવેલ. જેમાં પાંચાળ પંથકના અતિ પછાત એવા ૨૦ ગામોમાંથી ત્રણ લેખે કુલ ૬૦ ગરીબ રબારી બાળકોને દત્તક લેવાનું નક્કી થયેલ છે. આ બાળકોના ભણતર ખર્ચ, નોકરી-વ્યવસાયની પ્રાપ્તિ, કન્યા શોધી અને સાથે સમૂહલગ્નમાં પરણાવી દેવા સુધીની તમામ જવાબદારી ઉપસ્થિત સંતો અને સમાજ અગ્રણીઓ દ્વારા લેવાઈ છે. સમાજમાં અન્ય સંતો અને સાધન સંપન્ન પરિવારોએ ચોટીલા સંમેલનના આવા સ્તુત્ય- સરાહનીય- પ્રશંસનીય પ્રયાસમાંથી પ્રેરણા લેવી ઘટે!

**મોરબી ખાતે શૈક્ષણિક - માર્ગદર્શન શિબિર યોજાઈ ગઈ.**

રાજકોટ જિલ્લાના મોરબી ખાતે સમસ્ત મચ્છુકાંઠા રબારી સમાજ અને રાયકા એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ ગુજરાત દ્વારા રબારી બાળકોમાં સુંદર શૈક્ષણિક- માર્ગદર્શન શિબિર મહંત પૂ.રામબાલકદાસ બાપુના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગઈ. રબારી સમાજમાં સામાજિક રીતે ખૂબજ વંચિત ગણાતા આ પંથકમાં "રેક્ટ" દ્વારા ખૂબજ સરાહનીય કાર્ય થયું છે.

**ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા શ્રી રબારી અમરતભાઈ ના બાળકાવ્ય સંગ્રહ "રંગતની સંગત" ની કરવામાં આવેલ પસંદગી.**

શ્રી રબારી અમરતભાઈ ગોબરભાઈ (મા.તંત્રીશ્રી ગોપાલગાથા, મુ.પો.જંત્રાલ, તા.વિજાપુર, જિ.મહેસાણા) જેઓ બાલસાહિત્યના જીવ છે. અગાઉ તેમનો બાળવાર્તા સંગ્રહ ગુજરાત સરકારના સમાજ કલ્યાણ ખાતા દ્વારા પુરસ્કૃત થયેલ અને ગ્રંથાલય નિયામકશ્રીએ પસંદ કરીને ગુજરાતની લાયબ્રેરીઓમાં આપેલ જેને પુનઃ મુદ્રિત કરાવવી પડેલ છે. તેટલી સફળતા મળેલ છે. તાજેતરમાં ગુજરાત સરકારના ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા તેમના બાળકાવ્ય સંગ્રહ "રંગતની સંગત" પસંદ કરવામાં આવેલ છે. તે આનંદની વાત છે. અમરતભાઈ આ સિવાય અનેક સમાજસેવી પ્રવૃતિઓ સાથે જોડાયેલ છે. અને નિઃસ્વાર્થ રીતે સદાય તત્પર રહીને કાર્ય કરે છે. તેમનો કાવ્ય સંગ્રહ પસંદ થવા બદલ સમગ્ર સમાજ ગૌરવની લાગણી અનુભવે છે અને સમાજ વતી હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવે છે. અભિનંદન.

### ૧૧૦ વર્ષના પૂનામા નો રબારી સમાજને સંદેશ

સુરેન્દ્રનગર જિલ્લાના મુળી તાલુકાના દૂધઈ પાસે આવેલા પલાંસા ગામના માજી પુનાબેન ભગવાનભાઈ કળોતરા સમગ્ર સમાજને સ્વાસ્થ્ય અને દીર્ધાયુષ્યનો દીવો દેખાડે છે. પુનામાંની હાલની ઉંમર ૧૧૦ વર્ષની છે અને તંદુરસ્તી મસ્ત મસ્ત છે.

આ ઉંમરે પણ તેઓ સ્વનિર્ભર - આત્મનિર્ભર છે. તેમના મતે ચારિત્ર્યની સંપતિજ શ્રેષ્ઠ છે. ચારિત્ર્ય ભ્રષ્ટ માલધારી યુવાનોને પણ તેઓ જણાવે છે કે, બાપલા તમારી અસલિયત ને ઓળખો! યાદ કરો કે અવતારી પુરૂષ શ્રીરામદેવ પીર બાપાએ પણ પોકણગઢ થી ૩૬૦ ગાઉ દૂરી પર પોતાની બહેન સગુણાને તેડવા માટે બીજા કોઈ સમાજને નહિ પણ રબારી સમાજના યુવાન રાયકાની પસંદગી કરેલી. ભલી ભોળી ઊજળાદૂધ જેવી કોમ અને જેના માથે શંકરનું ઓઢણું છે તે રબારીજાતિ સર્વોત્તમ બની રહે તે પુનામાનું સ્વપ્ન છે.

પાંચાળની કંકુવરણી ધરતીની અમિરાત અને માયાળુ માનવીની મીઠાશની મોલાત જેવા પુનામાને દુહાઈ દેવા તાજેતરમાં રામકથાકાર પૂ.મોરારિબાપુએ પણ ખાસ સમય ફાળવી છેક પલાંસાની મુલાકાત લઈ તેમની સાથે સોનાની લગડી જેવી જૂનવાણી ઘણી વાતો કરી પુનામાના ઘેર જ તેમની સાથે ભોજન લીધું હતું. જેને સ્થાનિક અખબારો અને દિવ્ય ભાસ્કરે સચિત્ર પ્રકાશિત કરેલ છે.

### ઉભરતો યુવા ગાયક કલાકાર શ્રીપોપટ માલધારી

ગોપાલક સમાજમાં ગાયનક્ષેત્રે ઘણા પ્રતિભાશાળી કલાકારો ઊભરી રહ્યા છે. ઊંડાણના ગામડાંઓમાંથી ઘણી પ્રતિભાઓ પાંગરી રહી છે, તે પૈકી એક એટલે ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના દેવલી ગામના જાજરમાન યુવા કલાકાર શ્રીપોપટ માલધારી! માત્ર ૨૩ વર્ષની ઉંમરના જૂનિયર ભીખુદાન ગઢવી તરીકે જાણીતા આ યુવા કલાકારે અત્યાર સુધીમાં ત્રણસો જેટલા સ્ટેજ કાર્યક્રમોમાં પોતાના ગળાના કામણ પાથર્યા છે. તેઓ છેલ્લા ચાર વર્ષથી ગાયન કલાક્ષેત્રે સક્રિય છે. મુંબઈ જેવા મહાનગરમાં પણ તેમના સત્યાવીસ જેટલા સફળ કાર્યક્રમો થયા છે.

### ખાસ કેટેગરી હેઠળ રાજસ્થાનના રબારીઓને પાંચ ટકા અનામતનો લાભ અપાયો.

રાજસ્થાનનાં મુખ્યમંત્રી શ્રીમતી વસુંધરા રાજે તાજેતરમાં રબારી સમાજને ખાસ કેટેગરી હેઠળ ૫% અનામત આપવાની જાહેરાત કરી છે. એ જાહેરાતને સમસ્ત ભારતનાં વિવિધ રાજ્યોમાં વસતા રબારી- રાયકા- દેવાસી- દેસાઈ નામે ઓળખાતો

માલધારી- પશુપાલક સમાજ હૃદયપૂર્વક આવકારે છે અને રાજસ્થાનનાં મુખ્યમંત્રી શ્રીમતી વસુંધરા રાજેનો આભાર માનીને એમને લાખ લાખ ધન્યવાદ અભિનંદન પાઠવે છે. ખાસ કેટેગરી હેઠળ આપેલી આ અનામતથી રાજસ્થાનનો સાવ પછાત રહી ગયેલો રબારી સમાજ ખૂબજ પ્રગતિ કરીને અન્ય સમાજોની હરોળમાં આવી શકશે.

**શિક્ષણરથ નીકળશે, શિક્ષણ ફંડ એકઠું કરવામાં આવશે**

ધારાસભ્યશ્રી બાબુભાઈ જેસંગભાઈ દેસાઈ દ્વારા તા.૨૨.૬.૨૦૦૮ ના રોજ સિધ્ધપુર મુકામે યોજાયેલા ઇનામ વિતરણ સમારંભમાં જાહેર કર્યુ છે કે આપણે શિક્ષણફંડ માટેના ટ્રસ્ટના રજીસ્ટ્રેશનની કાર્યવાહી કરી દીધી છે. આ શિક્ષણરથ નીકળશે, શિક્ષણ માટેનું ફંડ એકઠું કરીને ઉચ્ચ અભ્યાસ ઝંખતા વિદ્યાર્થીઓને તેમાંથી આર્થિક મદદ (વ્યાજ વગરની લોન) આપવામાં આવશે.

**જૂનાગઢના ભવનાથમાં કલ્યાણ ગુરુધામમાં તા.૨૭.૪.૦૮ ના રોજ માર્ગદર્શન શિબીર**

ધોરણ ૧૦ અને ૧૨ ની પરિક્ષા આપી હોય તેવા વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓ, વ્યવસાયિક માર્ગદર્શન મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓ તેમજ અન્ય સારી ફેકલ્ટીઓમાં જવા ઇચ્છતા રબારી સમાજના વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓ માટે એક માર્ગદર્શન શિબિર જૂનાગઢના ભવનાથ સ્થિત દૂધરેજ વડવાળા મંદિરની કલ્યાણ ગુરૂધામ સંસ્થામાં રાખેલ છે. આ સેમીનાર માત્ર નિંમત્રીતો અને વિદ્યાર્થીઓ માટે જ છે.

આ શિબીર તા.૨૭ એપ્રીલના સવારે ૯ કલાકે શરૂ થશે અને પૂર્ણ થતા સુધી (બપોરના ૧ કલાક સુધી)સુધી ચાલુ રહેશે. ત્યાર બાદ ભોજન લઈ સૌ છુટા પડીશું. સૌ યુવાનો, કાર્યકરો, વડીલો, સૌ વાલીઓને જણાવવામાં આવે છે કે તેઓ વિદ્યાર્થીઓને આ શિબીરની માહિતી આપી શિબીરમાં હાજર રહે તેવા પ્રયત્નો કરે. આ શિબીર જૂનાગઢ, પોરબંદર, જામનગર, રાજકોટ, ભાવનગર, સુરેન્દ્રનગર, અમરેલી જિલ્લાના વિદ્યાર્થીઓને માટે રાખેલ છે. દૂરથી આવતા વિદ્યાર્થીઓએ તા.૨૬ ના સાંજના ૬ વાગ્યા સુધીમાં શ્રી જીવાભાઈ ભારાઈ ૯૪૨૮૦ ૧૪૮૯૫ નો સંમ્પર્ક કરી નોંધણી કરાવી લેવી. નજીક રહેતા વિદ્યાર્થીઓએ સવારે ૮ વાગ્યા સુધીમાં આવી નોંધણી કરાવી લેવી.

આ શિબીરમાં એક્સિસ બેંકના વાઈસ પ્રેસીડેન્ટ શ્રી લાલસીંગ પવાર (અમદાવાદ), ડો.મેરૂભાઈ ટમાલીયા (સુરેન્દ્રનગર), ડો.અર્જુનભાઈ રબારી (વડોદરા), એસ.એમ.ખટાણા સાહેબ (નાયબ ડીડીઓ, પોરબંદર) વગેર મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

કાર્યક્રમને પાર પાડવા માટે જગ્યાના સંતશ્રી પૂરણદાસજી મહારાજ, શ્રી પ્રાગજીદાસજી મહારાજ, શ્રી જીવાભાઈ ભારાઈ (મો.૯૪૨૮૦ ૧૪૮૯૫), શ્રી વીરાભાઈ કોડીયાતર (મો.૯૪૨૬૯ ૬૪૦૯૬), શ્રી ચીમનભાઈ કટારા-CA (મો.૯૪૨૬૨ ૪૭૬૬૩) વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

**રાષ્ટ્રીય ભટકતી અને અર્ધભટકતી જાતિઓના અભ્યાસ માટેના કમીશન સમક્ષ રજૂ થયેલી માલધારી સમાજની સમસ્યાઓ**

તા.૧ અને ૨.૩.૨૦૦૮ દરમિયાન બેચરાજી મુકામે મારગ સંસ્થાના ઉપક્રમે માલધારી જનઆંદોલન આયોજીત રાષ્ટ્રીય અધિવેશન બોલાવવામાં આવ્યુ હતું. આ અધિવેશનમાં ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રમાંથી ઘણા માલધારી આગેવાન ભાઈ-બહેનો અને માલધારીઓ માટે કામકરતી સ્વૈચ્છીક સંસ્થાઓના પ્રતિનિધીઓએ હાજરી આપી હતી. આ અધિવેશનમાં જુદાજુદા વક્તાઓએ પોતપોતાના વિસ્તારની માલધારીઓની મુશ્કેલીઓની વિગતવાર માહિતી આપી હતી. 'મારગ' ના શ્રી લાલજીભાઈ દેસાઈ, 'માનવ કલ્યાણ ટ્રસ્ટ' ના શ્રી લલ્લુભાઈ દેસાઈ અને 'જનજાગરણ સંઘ' ના શ્રી તેજાભાઈ દેસાઈએ માલધારીઓની વર્તમાન પરિસ્થિતિ વિશે ખૂબજ મનનીય પ્રવચનો આપ્યા હતા.

આ અધિવેશનમાં કેન્દ્ર સરકારે ભટકતી અને અર્ધભટકતી જાતિઓના અભ્યાસ માટેના નીમેલા પંચના અધ્યક્ષશ્રી બાલકૃષ્ણ રેણકે, સભ્યશ્રી લક્ષ્મણભાઈ પટણી(પૂર્વ ધારાસભ્ય) તથા મહેસાણા જીલ્લા સમાજકલ્યાણ અધિકારીશ્રી પધાર્યા હતા.

તેમની સમક્ષ કચ્છ અને સૌરાષ્ટ્ર માંથી આવેલ કેટલાંક ભાઈ-બહેનોએ માલધારીઓની સમસ્યાઓ રજૂ કરી હતી. તેના પ્રત્યુત્તરમાં પંચના સદસ્યશ્રી લક્ષ્મણભાઈ પટણીએ સમસ્ત દેશમાં ભટકતી અને અર્ધભટકતી લગભગ ૪૦૦ જેટલી જાતિઓ છે તેમાં માલધારી સમાજની જાતિઓ પણ આવી જાય છે. આ તમામ જાતિઓની તમામ પ્રકારની મુશ્કેલીઓનો અભ્યાસ કરીને આ જાતિઓના સર્વાંગીણ વિકાસ માટે શું શું કરી શકાય? તેની ભલામણ ટૂંક સમયમાં અહેવાલ દ્વારા કેન્દ્ર સરકારને પહોંચાડવામાં આવશે. તેમણે હાકલ કરી હતી કે દેશમાં લગભગ ૧૫ કરોડ કરતાં વધારે સંખ્યાબળ ધરાવતી આ તમામ જાતિઓ પોતાના હિતો માટે સંઘર્ષ કરે તો તેમની ઉન્નતિ દૂર નથી.

ત્યાર બાદ આ પંચે બહુચરાજીથી થોડેક દૂર આવેલા કાલરી ગામની સીમમાં વાગડમાંથી આવી ગુજરાતમાં આગળ વધી રહેલા કચ્છી રબારી ભાઈઓના એક દંગ(પડાવ)ની મુલાકાત લીધી હતી. શ્રી બાલકૃષ્ણ રેણકે સાહેબે આ સ્થળાંતરીત માલધારીઓની ઘરવખરી એમનાં સંતાનો એમનાં ઘેંટા-બકરાં, ઉંટ અને રક્ષક કૂતરાં વગેરેનું જાતનિરિક્ષણ કરીને તેમજ સ્ત્રી, પુરૂષો અને બાળકોને તેમના પ્રશ્નો અને સમસ્યાઓ બાબતે પૂછપરછ કરીને વિગતો મેળવી હતી અને તેમણે જાણવા પ્રયત્નો કર્યો હતો કે આ ભટકતી રબારી જાતિની તેમના વિકાસ માટે કેવી કેવી માગણીઓ કે અપેક્ષાઓ છે.

તા.૨.૩.૦૮ ના રોજ આ કમીશને બેચરાજી નજીક આવેલા ભરવાડ સમાજના માલધારીઓના એક ગામડાની મુલાકાત લીધી હતી. અને તેમણે જાત અનુભવ કર્યો કે એ ગામના મોટાભાગના માલધારીઓ પોતાના પશુધનને લઈ ઘાસચારાની શોધમાં સન્યત્ર ચાલ્યા ગયા છે. ત્યારબાદ આ પંચના અધ્યક્ષશ્રી એ ઉપસ્થિત માલધારી આગેવાનોને સંબોધ્યા હતા. માનનીય અધ્યક્ષશ્રી અને સભ્યશ્રીનુ ગુજરાતના માલધારી સમાજ તરફનુ કૂણુ અને સહાનુભૂતિભર્યુ વલણ જોતાં એમ લાગે છે કે આ કમીશનમાં ગુજરાતની માલધારી જાતિઓનો પણ સમાવેશ થશે. આ કમીશન ટૂંક સમયમાં જ તેમનો અહેવાલ અને ભલામણો ભારત સરકારને સોંપનાર છે.

**યાત્રાધામ દ્વારિકામાં શ્રી બાબુભાઈ દેસાઈ દ્વારા યોજાયેલો દ્વિતીય વાલ્મિકી સમાજનો સમૂહ લગ્નોત્સવ**

રબારી સમાજના રત્નસમા દાનવીર, ધર્મવિભૂષણ શ્રી બાબુભાઈ જેસંગભાઈ દેસાઈ (ધારાસભ્યશ્રી કાંકરેજ) દર વર્ષે યોજાતાં સમૂહલગ્નોમાં ઉદાર હાથે મદદ કરે છે. સાથે સાથે ગયા વર્ષે તેમણે યાત્રાધામ 'દ્વારકા'માં વાલ્મિકી સમાજની દીકરીઓનાં સમૂહલગ્નનું આયોજન કર્યુ હતું. તે જ રીતે તા.૧૦.૩.૦૮ ના રોજ યાત્રાધામ દ્વારીકામાં તેમના દ્વારા વાલ્મિકી સમાજની ૩૮ દીકરીઓનાં સમૂહલગ્નનું આયોજન પોતાના ખર્ચે કર્યુ હતું. આ સમૂહલગ્નોત્સવ બાબુભાઈ દેસાઈએ ધામધૂમથી ઉજવાયો હતો. દરેક દીકરીને 'સોનાનું મંગળસુત્ર', પાંચ જોડી કપડાં અને અન્ય કરીયાવરની વસ્તુઓ તથા લગ્ન સ્થળે આવવા જવાના ભાડાનું ખર્ચ પણ શ્રી બાબુભાઈ દેસાઈ દ્વારા આપવામાં આવ્યું હતું.

ચાલુ સાલે ટૂંક સમયમાં બાબુભાઈ દેસાઈ દ્વારા દ્વારિકાધીશ મંદિરના પરિસરમાંજ આખુ વર્ષ ૩૬૦ (દિવસ) માટે સતત શ્રીમદ ભાગવતકથાનું આયોજન વિવિધ વક્તાઓની વાણીમાં કરવામાં આવશે. શ્રી બાબુભાઈની ભાવના છે કે શ્રી દ્વારકાધીશ સતત પોતાનું ઉમદા ચારિત્ર્યનું શ્રવણ કરે.

**હરિદ્વારમાં યોજનારી શ્રીમદ્ ભાગવત સપ્તાહ**

હરિદ્વારમાં યોજનારી શ્રીમદ ભાગવત સપ્તાહ દુધઈ વડવાળા મંદિર દ્વારા સમસ્ત માલધારી સમાજના પીતૃઓના મોક્ષાર્થે તા.૨૨.૫.૨૦૦૮ થી તા.૨૮.૫.૨૦૦૮ દરમિયાન શ્રીમદ ભાગવત કથાનું આયોજન ગંગાતટે, હરિદ્વાર (ઉત્તરાંચલ)માં કરવામાં આવ્યું છે. વ્યાસપીઠ ઉપર જશદણના ભાગવતાચાર્ય શ્રી મહેશપ્રસાદ વ્યાસ બિરાજશે, વધુ માહિતી માટે દૂધઈના પૂ.મહંતશ્રી મેઘમંડલેશ્વર રામબાલકદાસજીનો સંમ્પર્ક કરવો.

**રબારી સમાજમાં સમૂહ લગ્નો નો ઉજળી પરંપરા ફરી શરૂ**

રબારી સમાજમાં કુરીવાજોને તિંલાજલિ, દેખાદેખી દૂર, સમાજને નાના ધોળ-વાડામાંથી વિશાળતા, કન્યાવિક્રય બંધી વગેરે જેવા ઉમદા હેતુઓને ધ્યાનમાં રાખી હમણાંથી સમૂહલગ્નોનું મોટા પાયે આયોજન થઈ રહ્યુ છે. તાજેતરમાં અમદાવાદ ખાતે શ્રી પ્રકાશભાઈ ભુરાભાઈ ઉમોટના પથદર્શન માં ૨૧ નવદંપતિએ પ્રભુતામાં પગલાં માંડ્યા. રાજકોટ ખાતે વસંત પંચમીના પાવન દિને ૧૦૯ કન્યાના સમૂહલગ્નો થયાં. આજ દિને દૂધઈ વડવાળા મંદિરની પૂણ્ય પાવન નિશ્રામાં ૧૩૨ નવ દંપતિએ પૂ.મોરારીબાપૂની હાજરીમાં મંગળ ફેરા ફર્યા. આ જ દિવસે કચ્છમાં ભૂજ ખાતે સૌ પ્રથમ વખત સમૂહ લગ્નનું આયોજન થયું જેમાં ૩૭ વર-કન્યા નું પાણી ગ્રહણ થયું. વેરાવળ ખાતે સમસ્ત સોરઠિયા રબારી સમાજ આયોજિત દસમો સમૂહ લગ્ન ઉજવાઈ ગયો.

**સુરેન્દ્રનગરમાં બીજો સમૂહલગ્નોત્સવ તા.૯.૩.૦૮ ના રોજ યોજાઈ ગયો તેમાં ૭૧ નવદંપતિઓએ પ્રભુતામા પગલા પાડ્યા.**

વરસો પહેલાં સમૂહ લગ્નો એ રબારી સમાજની આગવી પરંપરા હતી. જે કાળક્રમે ક્ષિણ થઈ. રબારી સમાજની આ પરંપરા અન્ય વિકસિત સમાજોએ અપનાવી ત્યારે રબારી સમાજ આજે ઉંઘ માંથી ઝબકી એ સમાજની હરોળમાં આવવા સંઘર્ષ કરી રહ્યો છે. સમૂહલગ્નોની વ્યાપક સફળતા માટે સમાજના સાધનસંપન્ન લોકો એ પોતાની દીકરીઓને સમૂહ લગ્નોમાં જ પરણાવવી સમાજને પ્રેરણા-દોરવણી આપવી જોઈએ.

**અમરાઈ વાડી રબારી કોલોની અમદાવાદમાં ગુજરાત રબારી સમાજ બંધારણ પરિષદની બેઠકમાં હજારોની હાજરી**

ગુજરાત રબારી સમાજ બંધારણ પરિષદ દ્વારા રબારી સમાજમાં ખાસ કરીને ઉ.ગુજરાતના અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં કુરિવાજો સમાન જે જૂના રીતરિવાજો હતા તે તમામ રીત રિવાજો બંધ કરી દેવા માટે મહાશિવરાત્રીના પવિત્ર દિવસે અમદાવાદના અમરાઈવાડી રબારી કોલોનીમાં વિશાળ હાજરીમાં આ જૂના રીત રિવાજોને દફનાવી દઈ એકવીસમી સદીના નવા વિચારો સાથેના રબારી સમાજની ગીતા સમાન બંધારણ તા.૬/૩/૨૦૦૮ ના રોજ થી પ.પૂ.મહંતશ્રી કણીરામજી બાપુ (દૂધરેજ), પ.પૂ.મહંતશ્રી ભગવાન કાકા (પીરાણા), વેલજી ભગત (અરઠી), પ.પૂ.મહંતશ્રી સુંદરદાસજી મહારાજ (ચવેલી), શ્રી પ્રેમદાસજી મહારાજ (દૂધરેજ), નારદબાપુ (મોટા મુંજીયાસર) અને અન્ય સંતો, ભુવાજીઓ, રબારી સમાજના અગ્રણીઓશ્રી સાગરભાઈ રાયકા(માજી સાંસદ), રણછોડભાઈ રબારી(માજી મંત્રી), બાબુભાઈ જેસંગભાઈ દેસાઈ(ધારાસભ્ય શ્રી), ઈશ્વરભાઈ દેસાઈ (ડી.આઈ.જી.), ગોવિંદભાઈ દેસાઈ (ગોપાલબંધુ), વિરાભાઈ કોડીયાતર (રબારી મહિમા), આતમભાઈ માલધારી (કલાકાર), સંતોષકુમાર ભાટચા(પાકિસ્તાન), વિજયભાઈ નાગેશ(દ્વારકા) વગેરે અનેક અગ્રણીઓ અને વિસથી પચીસ હજાર જેટલી મેદની ઉમટી હતી.

સમગ્ર સમાજ માટે પ્રરણાદાયી બાબત એ હતી કે જે જૂના રિવાજો હતા અને એ રિવાજોથી સમાજના રૂપીયાનો દુર્વ્યય થતો હતો તેવા તમામ રિવાજો બંધ કરી દેવાયો દા.ત. મામેરૂં એક જ વખત લેવું, મરણ પ્રસંગમાં કોઈ જાતનું મિષ્ટાન બનાવવું જ નહીં, જાનમાં મર્યાદીત માણસોજ લઈ જવા, મરણ પ્રસંગ પાંચ જ દિવસ પૂરતો રાખવો, મરણ વખતે ઘરધણી સિવાય સગાસંબંધીના ઘેર રડવા જવું નહીં. આવા એકસો ને ચોત્રીસ જેટલા નવા નિયમો બનાવવામાં આવ્યા છે.

બંધારણની છાપેલી પુસ્તિકા મેળવવી હોય તો શ્રી પ્રકાશભાઈ ઉમોટ ૯૮૨૫૧ ૯૦૮૬૬ - ૯૪૨૭૯ ૦૧૯૧૧ પર સંમ્પર્ક સાધવો. અથવા સુધારા વાંચવા અહિંયા ક્લીક કરો.

**અખિલ કચ્છ રબારી સમાજ સેવા ટ્રસ્ટ તથા સમૂહ લગ્ન સમિતિ ભુજ - કચ્છ આયોજીત પ્રથમ સમુહ લગ્નોત્સવ ધામધૂમથી ઉજવાયો**

અખિલ કચ્છ રબારી સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા સમસ્ત કચ્છના રબારી સમાજના સહકાર અને દાતાઓના સહયોગથી ભવ્ય પ્રથમ સમુહલગ્નોત્સવનું આયોજન તા.૧૧.૨.૦૮ ને વસંત પંચમી ના શુભદિને કરવામાં આવ્યું હતું. જેમાં ૩૮ નવદંપતીઓએ પ્રભુતામાં પગલા પાડ્યા હતા.

સ્થળ હતુ = ગણેશ નગર, જયનગર બસ સ્ટેન્ડની બાજુમાં, ૩૬મી. રીંગ રોડ, ભુજ

નવદંપતીઓને આશીર્વાદ આપવા આવેલા સમૂહ લગ્નના ૧૧ લાખના મુખ્યદાતા ખાનાય જાગીરના ધર્મગુરૂ સંત મેઘરાજજીદાદાએ નવદંપતીઓને આશીર્વાદ આપતાં શીખ આપી હતી કે સૂતરના તાંતણાના આ સંબંધને સનાતન ધર્મ અને સંસ્કૃતિ સાથે જીવનભર નિભાવવા આજે વડીલોની હાજરીમાં સોગંદ લઈ તેને પૂરા કરજો. રાજ્યમંત્રી વાસણભાઈ આહીરે પણ આજના પ્રસંગને અભૂતપૂર્વ ગણાવી કહ્યુ કે બકરી ચારવા વાળાથી પૈસાપાત્ર સૌ અહીં એક મંડપમાં બેઠેલા જોઈ આનંદ અનુભવું છુ. તેમણે દરેક કન્યાને નર્મદા બોન્ડ, કિશાન વિકાસપત્રો અંદાજે ૪.૭૫ લાખની સરકાર તરફથી સહાય જાહેર કરી સમાજના છાત્રાલય માટે તેઓ કોશિશ જ નહીં નક્કર કાર્યવાહી કરશે તેવી ખાતરી આપી હતી તો જિલ્લા ભાજપ પ્રમુખ તારાચંદભાઈ છેડાએ રબારી સમાજે સમૂહલગ્નનું આયોજન કરી કરોડો રૂપિયા બચાવવા સાથે સમાજને એક સેતુમાં બાંધવા બદલ આયોજકોને બિરદાવ્યા હતા.

જિલ્લા સમાજ કલ્યાણ અધિકાર-કચ્છ તરફથી કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ દરેક યુગલને રૂ.૫૦૦૦ ની સહાયના ચેક અપાયા હતા. દરેક યુગલને રૂ.૫૦૦૦ બીજા તથા રૂ.૫૦૦૦ ની મામેરા યોજનાના તેમજ સમૂહલગ્નનું આયોજન કરનાર સંસ્થાને યુગલ દીઠ રૂ.૧૦૦૦ ખાતા તરફથી આપવામાં આવશે તેવી જાહેરાત કરાઈ હતી.

કચ્છના વિવિધ તાલુકાઓના અબડાસા, લખપત, માંડવી, મુંદ્રા, નખત્રાણા અને ભૂજા કંઠી, માકપટ અને ગરડો પરગણાં ના ગામડાંઓમાંથી લગ્નોને માણવા વર અને કન્યાઓના સગાસંબંધીઓ સહિત મોટી સંખ્યામાં સ્ત્રી, પુરુષો અને તેમના બાળકો પરંપરાગત પહેરવેશોમાં ઉમટી પડતાં રીતસર ભુજમાં ભાતીગળ સંસ્કૃતિ મેળા જેવું વાતાવરણ ઉભું થયું હતું.

સમૂહલગ્ન માણવા વિદેશી મહેમાનો પણ આવ્યા હતા.

**રાયકા એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શિષ્યવૃતિ આપવાનો સમારંભ યોજાઈ ગયો.**

રાયકા એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ, (રેક્ટ) અમદાવાદ, વડોદરા અને રાજકોટ દ્વારા તા. ૨૪.૨.૨૦૦૮ ના રોજ રાઈફલ કલબ, કામા હોટલની પાસે, ખાનપુર, અમદાવાદ મુકામે ૫૦ જેટલા વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ આપવાનો, રાયકા ટ્રસ્ટ વેબ સાઈટ અને રાયકા ડોક્યુમેન્ટરી ફિલ્મના અનાવરણનો સમારંભ યોજાઈ ગયો.

**ગૌરક્ષા એવોર્ડ**

ભુરાભાઈ ભરવાડ મુ.ભાદરા તા.મહુવા જી.ભાવનગર જણાવે છે કે ગુજરાત સમાચારના તા.૨૫.૧.૨૦૦૮ ના પાના નં.૩ ઉપર નીચે મુજબ સમાચાર છે. "ગૌરક્ષા શ્રેષ્ઠ કામગીરી કરનારને એવોર્ડ અપાશે" ગુજરાતમાં ગૌરક્ષાની શ્રેષ્ઠ કામગીરી કરનાર ગૌરક્ષકને ગૌસેવા આયોગ દ્વારા રૂ.૨૫ હજારનો એવોર્ડ તથા પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરવામાં આવશે. ગૌસેવા આયોગ દ્વારા વર્ષ ૨૦૦૫-૦૬, ૨૦૦૬-૦૭ તથા ડીસેમ્બર ૨૦૦૭ સુધી ગૌરક્ષાની ઉત્તમ કામગીરી કરનારા સૌએ તેમની પૂરી વિગતો 'આયોગ' ને મોકલી આપવાની રહેશે.

**દૂધઈ ના વડવાળા દેવસ્થાનમાં ધામધૂમ પૂર્વક ઉજવાયેલો ધર્મોત્સવ**

સુરેન્દ્રનગરના મૂળી તાલુકામાં મૂળી થી ૧૮ કી.મી. દૂર દૂધઈ ગામે વડવાળા દેવસ્થાન આવેલુ છે. ત્યાં તા.૯.૨.૨૦૦૮ થી તા.૧૭.૨.૨૦૦૮ દરમ્યાન વિવિધ ધાર્મિક પ્રસંગો દ્વારા અનેક સંતો, મહંતો, વિદ્વાનો અને સેવકોની ઉપસ્થિતિંમા ભવ્ય મહોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. માનસ મર્મજ્ઞ સંત શ્રી મોરારીબાપૂની રામકથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ

મહોત્સવમાં વંદનીય શ્રી મેઘસ્વામી મૂર્તી પ્રાણપ્રતિષ્ઠા, સદગુરૂ પુરણદાસજી મહારાજ, કોઠારી સરસ્વતી દાસબાપુનો ભંડારો, ૧૫૧ કુંડી મહાવિષ્ણુયાગ યજ્ઞ, મંદિરને સુવર્ણ કળશ, ધર્મ સ્તંભ સ્થાપના, અંતર્ગત વિધ વિધ કાર્યક્રમોનું આયોજન થયું હતું. આ પ્રસંગે મોરબી તા. ના બરવાડાના નાથાભાઈ એસ. રબારીના સુપુત્ર ચિ.રત્ન ને મંદિરે અર્પણ કરવામાં આવ્યો હતો.

ભારાપરના મહંત દેવજી રાજાએ નવનીર્મીત ભોજનાલય ખુલ્લું મુક્યું હતું. જગત તારણહાર "દૂધઈવડ દર્શન" પુસ્તક વિમોચન પૂ.મોરારીબાપૂએ કર્યુ હતું. માલધારી સમાજના સમૂહલગ્નોનું પણ આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં ૧૩૨ નવદંપતીઓએ પ્રભુતામાં પગલા પાડ્યા હતા. દૂધઈધામના ક્રાંતીકારી મહંત રામબાલકદાસજી બાપુની પદપ્રતિષ્ઠા વિધિ કરવામાં આવી હતી. જગદગુરૂ રામાનંદાચાર્ય શ્રી સ્વામી રામનરેશાચાર્યજી મહારાજ દ્વારા તેમને મેઘમંડલેશ્વર નું પદ એનાયત કરવામાં આવ્યુ હતું. સાથે સાથે તેમની વિધ વિધ તુલા યોજાઈ હતી.

નવ નવ દિવસ સુધી લાખો માણસો એ ભજન, ભક્તિ અને ભોજન ના ત્રિવેણી સંગમ સમો ધર્મોત્સવ અતિ આનંદ પૂર્વક માણ્યો.

**રામકથા ની સાથે સાથે....**

બુધવાર તા.૧૩.૨.૦૮ ન રોજ પૂ.પ્રમુખ સ્વામી મહારાજ આર્શિવચન પાઠવશે.

પાકિસ્તાન સહિત વિદેશમાંથી આવનાર અંદાજે આઠ હજાર જેટલા રબારી ભાવિકો અને દેશભરમાંથી આવનાર એક લાખ ભાવિકો માટે ઉતારા-ભોજનની વ્યવસ્થા. ૩૦ હજાર સ્વયંસેવકો ખડે પગે સેવામાં હાજર.

દુધઇ વડવાળા દેવની જગ્યામાં આજ તા.૯.૨.૦૮ થી પૂ.મોરારીબાપુની રામકથાનો ભવ્ય પ્રારંભ.સંસ્કાર ચેનલ ઉપરથી રામકથાનું લાઈવ ટેલીકાસ્ટ કરવામાં આવશે.

૧૧મી ફેબ્રુઆરીએ વસંત પંચમીના દિવસે ૧૩૨ જેટલી માલધારી (રબારી, ભરવાડ) સમાજની દિકરીઓના સમૂહલગ્ન નું આયોજન કર્યુ છે. દરેક કન્યાઓને રૂ.૨૧૦૦૦નો કરીયાવર આપવામાં આવશે

પ.પૂ.શ્રી રામબાલકદાસ બાપુ બાળપણથીજ મંદિરને અર્પણ કરવામાં આવ્યા હતા. બાળપણથી જ તેજસ્વી વ્યક્તિત્વ ધરાવતા હતાં. તેમણે સ્નાતક અભ્યાસ કર્યા બાદ બનારસ અને ઋષિકેશમાં અભ્યાસ કર્યો અને આજથી પાંચ વરસ પહેલાં માત્ર ૨૪ વરસની વયે દુધઈ વડવાળા મંદિરમાં ગાદીએ બેઠા છે.

આધુનિક સુધારાવાળી વિચાર સરણીવાળા પ.પૂ.શ્રી રામબાલકદાસ બાપુ માલધારી સમાજનું સામાજિક અને શૈક્ષણિક ઉત્થાન માટે સતત ચિંતન કરતા અને પ્રયત્નશીલ રહ્યા છે.

દુધઈની આ કથામાં પૂ.મોરારીબાપુની કથા સાંભળવા માટે આફ્રિકા, યુ.કે. અને અમેરિકાથી આવશે. જ્યારે સમસ્ત માલધારી ગુજરાત અને ગુજરાત બહાર થી આવશે.

છેક પાકિસ્તાનથી માલધારી સમાજનાં મંગળભાઈ રબારી રામકથામાં આવશે. પાકિસ્તાનમાં રહેતા અન્ય માલધારીઓના વિઝાની પ્રક્રિયા ચાલુ છે. જેમને ભારત સરકારનાં વિઝા મળશે તે લોકો પાકિસ્તાનથી કથા સાંભળવા આવશે.

ધર્મ મહોત્સવને આખરી ઓપ અપાઈ રહ્યો છે. ત્રીસ હજારથી વધુ સ્વયં સેવકો ખડેપગે સેવા આપશે. મહોત્સવમાં આવનારને તકલીફ ન પડે એવી ચોકકસાઈ રાખવામાં આવશે. સર્વો માટે બન્ને સમયે મહાપ્રસાદ તેમજ રહેવાની વ્યવસ્થા છે. દરરોજ રાત્રે નામાંકિત કલાકારો સંતવાણી પીરસશે. મહોત્સવનું કલાત્મક પ્રવેશદ્વાર આકર્ષણનું કેન્દ્ર બનશે. રાજ્યનું પ્રધાનમંડળ હાજરી આપશે. દુધઈ ગામને ઈલેક્ટ્રીક સીરીઝો, ધજા-પતાકાથી સુશોભિત કરાયુ છે. સમગ્ર ઝાલાવાડમાં પ્રસંગ જેવો માહોલ સર્જાયો છે. ઠેર ઠેર ચા, દુધ, કોફીના કાઉન્ટર ઉભા કરાયા છે.

ધર્મપ્રેમી જનાતાએ મહોત્સવનો બહોળા પ્રમાણમાં લાભ લેવા જાહેર આમંત્રણ પાઠવાયેલ છે.

## પોરબંદર જીલ્લા રબારી સમાજ

પોરબંદર જીલ્લામાં રબારી સમાજના વિકાસ કાર્યો કરવા માટે પૂજ્ય ભુવાઆતાશ્રીઓ શ્રી જેઠઆતા તથા શ્રી સરમણ આતા તથા જીલ્લાના સૌ અગ્રણીની હાજરીમાં તા.૧૬/૨/૨૦૦૮ ના રોજ જ્યુબેલી (પોરબંદર) ખાતે એક મીટીંગ મળી હતી. આજે દરેક સમાજની સંસ્થાઓ છે. આ સંસ્થાઓ કોઈ પણ જાતના પક્ષપાત વિના માત્ર સમાજના હિતને ધ્યાનમાં રાખી કાર્યો કરે છે. આપણી આ સંસ્થા પણ બન્ને ભુવાઆતાશ્રીઓની તથા સમાજના અગ્રણીઓની એવી ઈચ્છા અને અપીલ છે કે સૌ સાથે મળીને સમાજનું કામ કરે.

આ સંસ્થા આગામી સમયમાં સામાજિક વિકાસની ઉત્કર્ષની પ્રવૃતિઓ, વિદ્યાર્થી ઉત્કર્ષની પ્રવૃતિઓ, સમાજના નબળા વર્ગના સુખ દુઃખમાં ભાગીદાર થવા માટેની પ્રવૃતિઓ, ગરીબ દર્દીઓને જરૂરિયાતના સમયે ઉપયોગી કાર્ય વગેરે અનેક સારાં કાર્યો તેમજ આગામી વર્ષે સમૂહ લગ્ન જેવા આયોજનો પણ આ સંસ્થા કરવા ઈચ્છે છે. આ તમામ કાર્યોમાં અમારે તમારા સૌના સાથ સહકાર જોઈએ છે.

કોઈ પણ સંસ્થા આર્થિક ભંડોળ વિના કાર્ય કરી શકે નહી, એ બાબત પૂ.ભુવાઆતાશ્રીઓ સમક્ષ મૂકતા, બળેજ મઢના ભુવાઆતાશ્રી જેઠાઆતા એ રૂ.૫૧.૦૦૦/- રોકડા, ઓડદર મઢના ભુવાઆતાશ્રી સરમણ આતાએ રૂ.૧૧.૦૦૦/-, ભોદના શ્રી બાલાભાઈ મોરીએ રૂ.૨૫.૦૦૦/-, શ્રી હમીરભાઈ હરદાસભાઈએ રૂ.૨૧.૦૦૦/-, તેમજ અનેક અગ્રણીઓએ દાન લખાવતા માત્ર દસ જ મિનિટમાં પોણા બે લાખ રૂપિયાના દાનની જાહેરાત થઈ ચુકી હતી. અમારી આપ સૌને પણ નમ્ર અપીલ છે કે સૌ સૌની શક્તિ મુજબ આ સંસ્થાને દાન આપી સમાજના ઉત્કર્ષ અને વિકાસમા ભાગીદાર બનશો એવી નમ્ર અપીલ છે.

આ સંસ્થામાં દરેક જોક દીઠ એક સભ્ય લેવાનું નક્કી કર્યુ છે. આ સંસ્થા વધારે સારા કાર્યો કરી શકે તે માટે આપના રચનાત્મક સૂચનો અને સહકાર આપવા નમ્ર વિંનતી. દરેક કર્મચારીશ્રીઓ-સમાજના અધિકારીશ્રીઓ દાન આપે તેવી નમ્ર અપીલ.

ચાલો, સૌ સાથે મળીને સમાજના વિકાસના કાર્યો કરવા તન, મન, ધનથી સહકાર આપીએ. એવી સમગ્ર સમાજને નમ્ર અપીલ સાથે જય માતાજી...

લી. અમો છીએ પોરબંદર જિલ્લા રબારી સમાજ વતી

પ્રમુખ
શ્રી અરજણભાઈ કારાભાઈ મોરી
માતૃકૃપા, બર્ડાઈ બ્રામ્હણની વંડી પાસે, જુબેલી, બોખીરા, તા.જી.પોરબંદર
મો.૯૪૨૭૨૫૮૫૫૫

ઉપપ્રમુખ
શ્રી વિરાભાઈ કોડીયાતર
મુ.બખરાલા તા.જી.પોરબંદર
મો.૯૪૨૬૯૬૪૦૯૬

## સહકારીક્ષેત્રના સફળ સંચાલક શ્રી બાબુભાઈ કે. રબારીનું થયેલું દુઃખદ અવસાન

સાબરકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ હિંમતનગર (સાબર ડેરી) ના પૂર્વ મેનેજીંગ ડીરેક્ટર શ્રી બાબુભાઈ કે.રબારી નું ૭૭ વર્ષની વયે દુઃખદ અવસાન થયુ છે. સાબરડેરીના સ્વપ્ન દ્રષ્ટાએ સંસ્થાને શૂન્યમાંથી એક વિશાળ વટવૃક્ષ સમી બનાવનાર શ્રી બાબુભાઈ એ સાબર ડેરીમાં ૨૦ વર્ષ કરતાં પણ વધુ સમય માટે સફળ સંચાલક તરીકે સેવાઓ આપીને સાબરડેરીનો સર્વાંગી

વિકાસ કર્યો હતો. શ્રી બાબુભાઈ એ બેંગ્લોરમાં ડેરી સાયન્સનો ડીપ્લોમા કોર્સનો અભ્યાસ કર્યો હતો. તેમણે થોડો સમય મધર ડેરી - દિલ્હી અને અમુલ ડેરી - આણંદ ની સેવા પણ કરેલી.

**પરમ પૂ. સંતશ્રી વેલજીબાપાના સાનિધ્યમાં "સમસ્ત રબારી સમાજ યુવા જાગૃતિં સમેલન યાજાયું"**

પરમાત્મા જ્યારે કૃપા કરે ત્યારે કોઈ મહાપુરૂષ સમાજના ઉત્થાન માટે સક્રીય બને છે. આપણે એટલા ભાગ્યશાળી છીએ કે પરમકૃપાળુ પરમાત્મા એ આપણા પર અસીમકૃપા કરી છે. જે અઢારે આલમમાં વહેંચાયેલા "પ.પૂ. પ્રાંતઃસ્મરણીય સંતા શ્રી વેલજીબાપા" ના સાનિધ્યમાં રબારી સમાજનું એક યુવા સંમેલનનું ભવ્ય આયોજન થયું હતું

જેમા ભાઈઓ નું જાગૃતિં સમેલન તા.૨૦/૧/૨૦૦૮ અને બહેનો નું તા.૨૨/૧/૨૦૦૮ ના રોજ અલખ દરબાર આશ્રમ. અરઠી તા.ખેરાલુ. જિ.મહેસાણા ખાતે યોજાઈ ગયું.

પૂ.બળદેવગિરિજી બાપુએ દીપ પ્રકટ કરીને આર્શીવચન પાઠવીને "યુવા જાગૃતિં સમેલન" નો શુભારંભ કર્યો હતો. હજારોની સંખ્યામાં યુવાનો અને વડીલોએ આ સમંલનમાં ભાગ લઈને પૂ.વેલજી ભગતની ક્રાંતિકારી વાણીનો લાભ લીધો હતો. બહેનોએ પણ શ્રધ્ધા અને ભક્તિભાવ પૂર્વક મહિલા જાગૃતિં સમેલનમાં મોટી સંખ્યામાં હાજરી આપી હતી. સંમેલનની વ્યવસ્થા અને શિસ્ત ખૂબજ ઉમદા પ્રકારના હતાં.

**શ્રી કરશનભગત સેવા ટ્રસ્ટ, મુ.સણાદર સંચાલિત અંબાજી આશ્રમના મુખ્ય પ્રવેશ દ્વારનું થયેલું ઉદ્‌ઘાટન**

સોહામણા ગુજરાતના બનાસકાંઠા જીલ્લાના ડીસા - દિયોદર રોડ પર દિયોદર નજીક નાનકડા સણાદરા ગામમાં અંબાજી આશ્રમ છે. આ આશ્રમમાં અંબાજી આશ્રમ ગૌશાળા નિંમાણ થઈ છે. આ ગૌશાળા કોઈપણ કારણસર રખડતી - ભટકતી, ભૂખી-તરસી ગાયોની સેવા કરવા માટે નિંમાણ થઈ છે.

આશ્રમમાં ગૌશાળા, દેવ-દેવતાઓના મંદિર, ગાર્ડન, તળાવ વગેરે નિંમાણ થયેલ છે. આ એક પર્યટક સ્થાન છે. અહીં પર્યટકો, શાળાના વિદ્યાર્થીઓ તેમજ તેમજ સાધુ-સંત મહાત્માઓ પણ પધારે છે. અહીં દર પૂનમે મેળો ભરાય છે. અને ભાદરવી પૂનમે તો લાખોની સંખ્યામાં શ્રધ્ધાળુઓ દર્શનાર્થે આવે છે અને લાભ લે છે.

આ ગૌશાળા અને આશ્રમના લાભાર્થે તા.૮/૧/૨૦૦૮ થી તા.૧૬/૧/૨૦૦૮ દરમિયાન સંસ્થાના વડા પ.પૂ. મહંતશ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર ક્રિષ્ણાનંદગિરિએ "નવાહત રામપારાયણ તથા શતચંડી નવકુંડી યજ્ઞના મહોત્સવનું ભવ્ય આયોજન કર્યુ હતું. આ મહોત્સવ પ્રસંગે જ તા.૧૬/૧/૨૦૦૮ ના રોજ સંસ્થાના મુખ્ય પ્રવેશદ્વાર "સ્વ. મીઠીબેન માલજીભાઈ દેસાઈ(આલ) પ્રવેશ દ્વારનું શુભ ઉદ્‌ઘાટન શ્રી વાળીનાથ અખાડા ના મહંત શ્રી બળદેવગિરિજી મહારાજના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.

**સતત પ્રગતી કરતી સુરેન્દ્રનગર જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ - સુરસાગર ડેરી**

સુરેન્દ્રનગર જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ - સુરસાગર ડેરી દ્વારા તાજેતરમાં ૫૨૭ દૂધ સહકારી મંડળીઓ દ્વારા દૈનિક ત્રણ લાખ લિટર થી વધારે દૂધ એકત્રિત ક્ષમતા હાંસલ કરી નવો વિક્રમ કર્યો છે. જિલ્લા દૂધ સંઘના ચેરમેન તરીકે સાયલા તાલુકાના થોરિયાળી ના વતની શ્રી માલાભાઈ શામળાભાઈ નાંગર કાર્યરત છે. તેમની આગેવાનીમાં જિલ્લા દૂધ સંઘે જબ્બર પ્રગતિ કરી છે. અને ગોપાલકોને દૂધના કદી ન મળ્યા હોય તેવા સારા ભાવ-વળતર મળી રહ્યા છે. સંઘને ઓડિટ વર્ગ "અ" મળ્યો છે. સંઘ દ્વારા સાવ અંતરિયાળ ગામોમાં પણ ગોપાલકો માટે સહકારી દૂધ મંડળીઓ શરૂ કરાઈ છે.

**ભારત સરકારનો ૨૦૦૭ નો બાળ કલાકારનો એવોર્ડ મેળવતાં બાળ કલાકાર હરી ભરવાડ**

ભારત સરકાર તરફથી સમગ્ર ભારતનાં લોકસંગીતમાં અસાધારણ યોગ્યતા પ્રાપ્ત કરનાર બાળકલાકારોનું સન્માન ભારત સરકારના મહિલા અને બાળવિકાસ મંત્રાલય નવી દિલ્હી તરફથી યોજવામાં આવ્યું હતું.

તેમાં સમગ્ર ગુજરાતમાંથી ફક્ત હરી ભરવાડની પસંદગી થઈ હતી. અત્યારે તે ધો.૧૧ માં અભ્યાસ કરે છે. તેઓએ ૫૦૦ સ્ટેજ પ્રોગામ કર્યા છે. હાલ તેમના ભજનો અને લોકગીતોની બે લાખ કેસેટો બહાર પાડેલી છે. સમગ્ર માલધારી સમાજના ખૂબ ખૂબ અભિંનદન...

(મો.૯૮૨૫૦ ૬૭૬૯૪)

**ખૂબ ખુબ અભિંનદન ધારાસભ્ય શ્રી બાબુભાઈ જેસંગભાઈ દેસાઈ ને...**

ગુજરાતમાં એક માત્ર રબારી સમાજનો વીરલો કહી શકાય તેવા દ્વારકાધીશજીના પરમભક્ત અને સમાજના ભામાશા શ્રી બાબુભાઈ જેસંગભાઈ દેસાઈ (વાતમા)એ વિજય મેળવ્યો અને જાણીને સમગ્ર ગુજરાતના રબારી સમાજમાં ખૂબજ આનંદની લાગણી ફેલાણી છે. વડવાળા ડોટ કોમ તરફ થી ખૂબ ખુબ અભિંનદન.

ધારાસભ્ય શ્રી નો ટૂંકમાં પરિચય

નામઃ બાબુભાઈ જેસંગભાઈ વાતમા

ધર્મપત્નીઃ શ્રીમતી અંબાબેન

સંતાનોઃ રવિ, આનંદ અને બીનલ

ભાઈઓઃ શ્રી અમૃતભાઈ, શ્રી કરમશીભાઈ અને શ્રી રમેશભાઈ

શિક્ષણઃ પ્રાથમિક શિક્ષણ તેમના વતન મક્તુપુર તા.ઊંઝા હાઈસ્કુલનું શિક્ષણ પાટણ તાલુકાના જંધરાલ માં, સ્નાતક કક્ષાની (બી.એ.)ની ડીગ્રી તેઓએ બહારના વિદ્યાર્થી તરીકે ઉ.ગુજરાત યુનિવર્સિટી માં લીધી.

નોકરીઃ શરુઆતના તબક્કે PWD વિભાગમાં કારકુન તરીકેની નોકરી સ્વીકારી હતી. ત્યાર બાદ નોકરી છોડીને જમીન લે-વેચનો ધંધો કર્યો , ત્યાર બાદ બિલ્ડીંગ કોન્ટ્રાક્ટર (બિલ્ડર) તરીકે વ્યવસાય શરૂ કર્યો.

શ્રી બાબુભાઈ દેસાઈએ અનેક જગ્યાએ લાખો-કરોડોના દાન કર્યા. ભગવાન શ્રી દ્વારકાધિશને ૧૦૮ ધ્વજારોહણ, પૂ.ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના વ્યાસાસને તા.૯-૫-૦૭ થી તા.૧૬-૫-૦૭ સુધી શ્રીમદ ભાગવત પારાયણ દ્વારિકા ખાતે કરી. દ્વારકા નગરીમાં ભજન, ભોજન અને ભકિત સાથે સેવા યજ્ઞો પણ ચલાવ્યા. દર પૂનમે દ્વારીકાધીશજીને માથું ટેકવવા જાય છે. આવા ધર્મશ્રધ્ધાળુ દાનવીર સપૂત શ્રી બાબુભાઈ દેસાઈ ધારાસભ્ય તરીકે બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ વિધાનસભા મતક્ષેત્રમાંથી ચુંટાઈ આવી સમગ્ર નાત વિહોતરનું નામ ઉજળું કર્યુ છે. સૌના લાડીલા શ્રી બાબુભાઈ દેસાઈને ખુબ ખુબ અભિંનદન.

**જામનગર ખાતે દર્દિઓના સગા વ્હાલાઓ માટે રબારી સમાજ ભવનનુ ઉદ્ઘાટન**

સૌરાષ્ટ્રના જામનગર શહેરમાં એશીયાની સૌથી મોટી ગણાતી હોસ્પિટલોમાંની એક હોસ્પિટલ એટલે ગુરૂ ગોવિંદસિંહ (જુનુ ઈરવીન) હોસ્પિટલ અને બીજી અનેક ખ્યાતનામ હોસ્પિટલો આવેલી છે. આ હોસ્પિટલોમાં રબારી સમાજના દર્દીઓ દાખલ થાય ત્યારે તેના સગાં વ્હાલાઓને ઉતરવા- રહેવા માટેની તકલિફ હતી. તે તકલીફ દૂર કરવા સતાપર ઓરડીના પૂજ્ય ભુવાઆતાશ્રી પરબત આતા પરિવાર વતી શ્રી અમરા આતા તથા સોરઠીયા રબારી સમાજના પટેલ શ્રી પુંજાભાઈ આલાભાઈ મોરી અને સમાજના અગ્રણીઓના સાથ સહકારથી તૈયાર થયેલ 'શ્રી સોરઠીયા રબારી સમાજ ભવન. જામનગર' નું શુભ ઉદ્ઘાટન આગામી તા.૨૨-૧-૦૮ ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે ભૂવા શ્રી પરબત આતા તથા પટેલ શ્રી પુંજાભાઈ આલાભાઈ મોરીના વરદ હસ્તે કરવામાં આવશે. સૌને આ પ્રસંગે પધારવા જાહેર નિંમત્રણ છે.

સ્થળઃ શ્રી સોરઠીયા રબારી સમાજ ભવન

ગાયત્રી ચોક, જી.જી.ઈરવીન હોસ્પિટલ પાછળ, ભરવાડ બોર્ડીંગ સામે, નવા ગામ(ઘેડ) જામનગર

**સાડા ચાર લાખ રૂપિયાની શિષ્યવૃતિ અર્પણ**

રાયકા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રષ્ટ (રેક્ટ) સંસ્થા દ્વારા ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, હરિયાણા, પંજાબ અને ઉ.પ્ર. ના રબારી સમાજના તેજસ્વી અને જરૂરતમંદ વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ અર્પણનો એક કાર્યક્રમ ગત તા.૩૦.૧૨.૦૭ ના રોજ રાજસ્થાનના સોઝત સીટીમાં ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી લાલસીંગભાઈ પવાર, પૂ.ભોપાજી શ્રી ઓટારામજી, રાજસ્થાન પશુપાલક પ્રકોષ્ટના ચેરમેન શ્રી ખેમરાજભાઈ દેસાઈ, શ્રી ગોરધનભાઈ રાયકા, પ્રો.અર્જુનભાઈ રબારી (વડોદરા રેક્ટ પ્રમુખ), શ્રી ચીમનભાઈ કટારા (રાજકોટ રેક્ટ પ્રમુખ) હાજર રહ્યા હતા. આ શિષ્યવૃતિ માસિક, વાર્ષિક અને સહાયક એમ ત્રણ ભાગમાં રૂ. ૧૧૦૦૦, રૂ.૫૦૦૦, રૂ.૩૦૦૦ એવી રીતે ચૂકવવામાં આવી છે.

ગુજરાત વિભાગની શિષ્યવૃતિ આગામી તા.૩.૨.૦૮ ને રવિવારના રોજ અમદાવાદ મુકામે ચૂકવવામાં આવશે, જે કોઈ વિદ્યાર્થીઓ-જરૂરતમંદ હોય તેઓએ નીચેના સરનામેથી ફોર્મ મેળવી તા.૨૫.૧.૦૮ સુધીમાં પરત મોકલી આપવા જણાવ્યું છે.

શ્રી ચીમનભાઈ જી. કટારા
૬૦૬, શિલ્પ ટાવર, ગોડાઉન માર્ગ, ટાગોર રોડ, રાજકોટ
ફોનઃ (૦૨૮૧)૨૪૬૫૩૧૦ મો.૯૪૨૬૨૪૭૬૬૩

પ્રો.શ્રી અર્જુનભાઈ રબારી
પંપીગ સ્ટેશન પાછળ, કલાદર્શન રોડ, વાઘોડીયા, વડોદરા
મો.૯૮૨૫૦૫૭૮૮૪

## સોરઠીયા રબારી સમાજ સમૂહલગ્ન

સોરઠીયા રબારી સમાજ માટે દસમા સમૂહલગ્નનું આયોજન જૂનાગઢ જિલ્લાના વેરાવળ મુકામે તા.૪-૩-૦૮ ના રોજ યોજાશે. આ સમૂહલગ્નમાં અંદાજે ૫૧ કન્યાઓ પ્રભુતામાં પગલાં પાડશે. આ કાર્યને પાર પાડવા માટે શ્રી નાંજાભાઈ ચોપડા (મો. ૯૨૨૮૩૦૯૦૭૮) તથા રબારી સમાજ વેરાવળના વડીલો, યુવાનો જહેમત ઉઠાવી રહ્યા છે. વિશેષ વિગતો માટે શ્રી નાંજાભાઈ ચોપરાનો સંપર્ક સાંધવો.

## રબારી-ભરવાડ સમાજ એસ.ટી. પરિવારનો દૂધરેજ ધામમાં સન્માન સમારંભ

રબારી-ભરવાડ સમાજના રાજ્યના એસ.ટી. નિગમમાં સેવા આપતા ભાઈઓ- બહેનો તરફથી છેલ્લા લગભગ ૧૦ થી ૧૨ વર્ષથી અવિરત પણે દર વર્ષે રાજયના જાણીતા તિર્થધામોમાં નિવૃતિ સન્માન અને ઉપસ્થિત સંતો-મહંતો-ભુવાજી અને વડીલોનું સન્માન કરવાનો કાર્યક્રમ કરવામાં આવે છે.

આ વર્ષે તા.૬-૧-૦૮ ના રોજ રબારી સમાજના જાણીતા તીર્થધામ દૂધરેજ વડવાળા મંદિરે આ કાર્યક્રમ યોજાયો હતો. આ વર્ષે ૨૭ જેટલા નિવૃત વડીલો અને ૨૦ જેટલા સંતો મહંતો ભુવાઓ અગ્રણીઓનું સન્માન કરવામાં આવ્યુ હતું. આગલી રાત્રે સમાજના લોક કલાકારોનો સંતવાણી કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

સમગ્ર કાર્યક્રમની બાગડોર શ્રી કે.ડી.દેસાઈ અને શ્રી અમૃતભાઈ કલોતરા દ્વારા સંભાળવામાં આવી હતી. કાર્યક્રમને પાર પાડવા માટે દૂધરેજ મંદિરના મહંતશ્રી કનીરામજી મહારાજ, કોઠારીશ્રી વનરાવનદાસજી, સંતો,યુવાનોએ ખુબ જ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમ ખુબ જ સફળ રહ્યો હતો.

## સુરેન્દ્રનગર જિલ્લા અને તાલુકાના પ્રાથમિક શિક્ષક સંઘોની ચૂંટણીમા ગોપાલક સમાજનું ગૌરવ

સુરેન્દ્રનગર જિલ્લા અને તાલુકાના પ્રાથમિક શિક્ષક સંઘોની ચૂંટણી તાજેતરમાં ધારાસભાના માહોલ જેવા અત્યંત રસાકસી ભર્યા વાતાવરણમાં યોજાઈ ગઈ હતી. તેમાં નીચેના ગોપાલકો વિજય મેળવી ગોપાલક સમાજનું ગૌરવ વધાર્યુ છે. તે પૈકી રણછોડભાઈ બીજલભાઈ નાંગર તથા કારોબારી સદસ્ય તરીકે બાળાના શ્રી કરશનભાઈ પઢેરીયા, નાની કઠેચીના હરિભાઈ ભરવાડ

તથા જિલ્લા સંઘમાં કારોબારી સદસ્ય તરીકે નડાળાના શ્રી દેવાયતભાઈ સાદુળભાઈ સાંબડ તથા દુદાપુરના શ્રી હરજીભાઈ નાંધા વિજેતા થયા છે.

વઢવાણ તાલુકા સંઘમાં કારોબારી સદસ્ય તરીકે ટીકરના શ્રી લાલજીભાઈ મર્યા અને બલદાણાના શ્રીમતિ મધુબેન કલોતરા તથા સાયલા તાલુકા સંઘમાં કારોબારી સદસ્ય તરીકે શાંતિનગરના શ્રી જગદીશભાઈ ભરવાડ, વઢવાણ સંઘમાં સુરેન્દનગરના શ્રી કાનજીભાઈ નાધાં, જિલ્લા સંઘમાં કારોબારી સદસ્ય તરીકે સુરેન્દ્રનગરના શ્રી રાજાભાઈ હણ, ધ્રાંગધ્રા તાલુકા સંઘમાં પ્રમુખ તરીકે રાવળીયાવદર ના શ્રી રામજીભાઈ વસ્તાભાઈ પઢેરિયા, વઢવાણ સંઘના પ્રમુખ તરીકે સુરેન્દ્રનગરના શ્રી નારણભાઈ કડ, લીંબડી તાલુકા સંઘના પ્રમુખ તરીકે શ્રી ભીમાભાઈ તથા ચોટીલા તાલુકા સંઘના ઉપપ્રમુખ તરીકે પાંચવડાના શ્રી સામતભાઈ રબારી વિજેતા થયા છે. આ સિવાય અન્ય સંખ્યાબંધ ગોપાલક શિક્ષકો વિજેતા થયા છે. બધાની માહિતી નિંધારીત સમયમાં મળી શકી નથી, સર્વે ગોપાલક શિક્ષકો ને ધન્યવાદ...

સમાજ પર્િવતનમાં શિક્ષકો અતિ મહત્વનું અંગ છે.

**જસદણ માં કારોબારી સદસ્યા તરીકે રબારી મહિલાની વરણી**

રાજકોટ જિલ્લાના જસદણમાં તાજેતરમાં ગ્રાહક સુરક્ષા મંડળીની નવી બોડીમાં ભડલી ગામના રબારી સવુબેન ટરમટા ની કારોબારી સદસ્યા તરીકે વરણી કરવામાં આવી છે. તેઓ ગ્રાહક સાથે થતી છેતરપિંડીનો પર્દાફાસ કરી ગ્રાહકોને ન્યાય અપાવવા સક્રિય ભૂમિકા અદા કરી રહ્યા છે.

**ગૌ ગૌચર ગોપાલક સુરક્ષા અભિયાન માલધારીઓ-રબારી,ભરવાડ**

આપણા માલધારી સમાજ અને પશુધનની ઉપેક્ષા થતી હોય તો સમયની પૂકાર સંગઠન કરવા પ્રેરણા આપે છે. ગૌચર ગોપાલક સમાજના પ્રશ્નોને વાચા આપવા સક્ષમ છો? સમાજના હિત રક્ષકો છો? સમાજ ઉત્થાનનો અભિગમ અપનાવો છો? આપ કોઈ પણ રાજકિય વિચાર સરણી ધરાવતા હોય તો આવો આપનું નામ, સરનામું, અભ્યાસ, વ્યવસાય, કૌટુંબિક વિગત, સામાજિક પ્રવૃતિઓમાં યોગદાન સાથેનો સંમ્પૂર્ણ બાયોડેટા સત્વરે મોકલી આપો.

*સંયોજક*

ગુજરાત પ્રદેશ

ગૌ ગૌચર ગોપાલક સુરક્ષા અભિયાન

સાગર દેસાઈ (એડવોકેટ)

સી-૨, ત્રિમૂર્તિ એપાર્ટમેન્ટસ, જવાહર ચોક, સાબરમતી, અમદાવાદ-૫

ટે.નં,૦૭૯-૨૭૫૦૭૦૪૯

મો.૯૮૯૮૦૫૫૯૯૫

**રબારી સમાજના અગ્રેસર માસિક "ગોપાલબંધુ" એ ૩૮ માં વર્ષમાં મંગલ પ્રવેશ કરતા વડવાળા ડોટ કોમ અભિંનદન પાઠવે છે...**

**દુધઈના વડવાળા દેવસ્થાનમાં ધ્વજારોહણ સંપન્નઃ મોરારીબાપુની રામ કથાઃ મેધસ્વામી મૂર્તિ પ્રતિષ્ઠા, સમૂહ લગ્નનું આયોજન ૯ ફેબ્રુઆરી થી**

સમાજના કચડાયેલાઓની સાચા અર્થમાં સેવા કરતા સુરેન્દ્રનગરના મૂળી તાલુકાના દુધઈ ગામના લબ્ધ પ્રતિષ્ઠિત વડવાળા દેવસ્થાન ખાતે નૂતન સ્તંભરોપણ સમારોહ પુર્ણ ભાવપુર્વક સંપન્ન થયેલ.

આ પવિત્ર સ્થળે તા.૯.૨.૨૦૦૮ થી ૧૭.૨.૨૦૦૮ સુધી માનસ મર્મજ્ઞ સંતશ્રી પૂ.મોરારીબાપુની શ્રી રામ કથા યોજાનાર છે. શ્રી મેઘસ્વામી મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ, પુર્વ મહંત પુરણદાસબાપુ અને પુર્વ કોઠારી સરસ્વતીદાસબાપુ ભંડારા અંતર્ગત વિધ-વિધ કાર્યક્રમોનું આયોજન થયુ છે.

મહોત્સવના સ્તંભરોપણ સમારોહ પ્રસંગે સોનગઢ (થાન)લાખાબાપુ જગ્યાના મહંત કિશોરબાપુએ જણાવ્યુ કે દુધઈ ધર્મોત્સવ આજીવન સ્મૃતિમા રહે એ નેમ છે, તમામ સ્તરના લોકો પાસેથી અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડ્યો છે તેઓએ દુધઈના જગમશહુર વડવાળા દેવસ્થાનમાં વિશ્વ કલ્યાણ અર્થે થતી માનવ માત્રની વિસ્તૃત સેવા-પ્રવૃતિ વર્ણવી પીઠ થાબડી હતી અને આહવાન કર્યુ હતુ કે મહોત્સવ સેવા ઉત્સવ બનશે. સાયલા લાલજી મહારાજ જગ્યાના મહંત દુર્ગાદાસબાપુએ જણાવ્યુ કે માનવ સેવા દ્વારા યોજાતા મહોત્સવને ચીરંજીવ બનાવવા માલધારી સમાજના સમૂહલગ્ન, વિવિધલક્ષી રોગ નિદાન કેમ્પનું આયોજન થયુ છે. જે સરાહનીય ગણાવ્યો હતો. ઝાંડના ગણેશદાસબાપુ, તોરણીયાના રાજેન્દ્રદાસજી, પાળીયાદ સહિત દેહાણ જગ્યાના પ્રતિનિધિ હળવદના દલસુખબાપુ, ચોટીલાના પ્રાણજીવન સ્વામી, મોલડી મહંત વગેરે સંતો ખાસ હાજર રહેલ હતા. નૂતન સ્તંભરોપણ સમારોહમાં રાજ્યોના પ્રતિનિધિ વિશાળ ફ્લક પર પથરાયેલ શિષ્ય સમૂદાયને વિવિધ જવાબદારી સોપાયેલ એ પૈકી સૌથી મોટી આવકાર-સત્કાર સેવા કચ્છને સોપવામાં આવેલ.

પ્રારંભમાં મહંત રામબાલકદાસબાપુએ આવકાર્યા હતા. મેસરીયા (વાંકાનેર) આપા ઝાલા ની જગ્યાના મહંત પૂ.બંસીદાસબાપુએ આભારવિધિ કરી હતી.

**ડિસેમ્બર ૨૦૦૭ માં થનારી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ઉભા રહેલા આપણાં માલધારી સમાજનાં ઉમેદવારોને તન, મન, ધન થી મદદ કરીને એમને જીતાડીને વિધાનસભામાં મોકલીને વર્ષોથી વણઉકેલ્યા રહેલા આપણાં પ્રશ્નોને વાચા આપવાના સમાજ કાર્યમાં સહયોગ આપવા સર્વેને નમ્ર વિંનતી છે.**

**ભારતીય સંસ્કૃતિનો પ્રચાર કરવા વિદેશમાં ધર્મયાત્રા કરતા પ્રથમ રબારી મહંત શ્રી રામબાલકદાસજી મહારાજ**

ભારતીય સંસ્કૃતિના પ્રચાર અને પ્રસાર માટે તથા ત્યાંના ગુજરાતી સમાજ આયોજીત 'ધ્યાનયોગ' ના પ્રવચનો અને સત્સંગ સભા માટે સુરેન્દ્રનગર જીલ્લાના મુળી તાલુકાના શ્રી વડવાળા મંદિર, દુધઈના યુવા મહંત પ.પૂ.શ્રી રામબાલકદાસજીએ તાજેતરમાં મલેશિયા અને ઈન્ડોનેશિયાનો ધર્મયાત્રા-પ્રવાસ ખેડ્યો છે. આ યાત્રા દ્વારા પૂ.બાપુએ વિદેશમાં ભારતીય સંસ્કૃતિનું સફળ પ્રતિનિધિત્વ કરી રબારી સમાજને ગૌરવ આપ્યુ છે.

**કચ્છ રબારી સમાજ દ્વારા દ્વારકામાં ઉજવયેલો ત્રિદિવસીય મહોત્સવ**

કચ્છ જિલ્લા રબારી સમાજ દ્વારા પૂણ્ય પાવનકારી શ્રી દ્વારકાનગરીના પવિત્ર પ્રાંગણમાં જગત મંદિર શ્રી દ્વારકા મંદિર પર સમસ્ત કચ્છ જિલ્લા રબારી સમાજ દ્વારા આયોજિત ત્રિદિવસીય નુતન ધ્વજારોહણ તથા સમાજ યાત્રાનું ભવ્ય આયોજન તા.૧૪/૧૫/૧૬-૯-૨૦૦૭ ના રોજ કરવામાં આવ્યું હતું.

ભારતમાં આવેલા હિંદુ ધર્મના મુખ્ય ચાર ધામમાં દ્વારકા એક છે. દોઢસો ફૂટની ઉંચાઈવાળા દહેરા સાથેનું ભગવાન શ્રી દ્વારકાધીશનું ભવ્ય મંદિર 'જગત મંદિર' તરીકે ઓળખાય છે. પૌરાણિક દ્રષ્ટિએ સાત મોક્ષદાયક સ્થળોમાં દ્વારકાપુરીનો સમાવેશ થાય છે. દ્વારકાધીશ મંદિરની વિશેષતા એ છે કે ભગવાન શ્રી દ્વારકાધીશના જગતમંદિર ઉપર દરરોજ ૪ ધ્વજા જગત મંદિર ઉપર ચડે છે. તો આ ધ્વજારોહણનો ધ્વજા ચઢાવવાનો લાભ છેલ્લા ત્રણ વર્ષથી કચ્છ રબારી સમાજ દ્વારા પણ લેવામાં આવે છે. દર વર્ષે કચ્છ જિલ્લા રબારી સમાજ દ્વારા રબારી સમાજ વાડી શ્રી મૂળા ભગતની જગ્યામાં ત્રિદિવસીય મહાસંત આયોજન કરવામાં આવ્યુ હતું. વિદ્વાન બ્રામ્હણો દ્વારા ધ્વજાજીનું પુજન કરીને ધામ ધર્મથી ભક્ત પુરાણ સામૈયા કરીને દ્વારકા નગરમાં ફેરવીને ભગવત શ્રી દ્વારકાધીશ નુતન મંદિર જગતમંદિર ઉપર ચઢાવવામાં આવે છે. શ્રી ધ્વજાજીનું મહાત્મના પૂર્ણ કરે છે. ધ્વજા

સ્વરૂપે શ્રી દ્વારકાધીશ પ્રત્યક્ષ બિરાજે છે. વિવિધ રંગોની ધ્વજાઓ ભક્તિનું અનેરૂ પ્રતિક છે. અને તેના રંગની અલગ અલગ ભાવનાઓ સંકેત કરે છે.

કચ્છ જિલ્લા રબારી સમાજ દ્વારા આ ત્રિદિવસીય મહોત્સવ માં સમગ્ર કચ્છ રબારી સમાજ, વિહોતર તથા આ મહોત્સવમાં આર્શીવચન આપવા સમગ્ર રબારી સમાજના ધર્મ ગુરૂશ્રી ૧૦૦૮ શ્રી મહંત કણીરામ બાપુ-દૂધરેજ તથા રામબાલકદાસબાપુ-દુધઈ તથા મુળાબાપાની જગ્યાના અધ્યક્ષશ્રી રઘુબાપા ભક્ત તથા અનેક મહંતો તથા ધર્મ ગુરૂઓ પધાર્યા હતા.

### ગાય માતાનું સમાધિં મદિર

બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરી ગામે ગાયમાતાનું સ્થાનક-સમાધિં મદિર આવેલું છે. આ મંદિરે દર વર્ષે આસો સુદ-૧૧ થી શરદપૂનમ સુધી ગરબા મહોત્સવ અને લોકમેળોનું સુંદર આયોજન કરવામાં આવે છે. આ ગાય માતાનું સ્થાનક દુનિયામાં સર્વ શ્રેષ્ઠ છે જે બીજી કોઈપણ જગ્યાએ નથી. મંદિરના વિકાસ માટે ગુજરાત સરકાર દ્વારા પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવામાં આવે તો તેની શોભામાં અભિવૃધ્ધિ થાય તેમ આમ જનતા ઈચ્છી રહી છે. આ સ્થાનક જેનો આગવો ઈતિહાસ ધરાવે છે. જ્યાં વાદળી ગાય માતાએ જીવતાં સમાધી લીધેલ છે.

### શ્રી રબારી સમાજે સેવા ટ્રસ્ટ અંબાજી સંચલિત "રબારી સમાજ ધર્મશાળા" માં યોજાયેલો સેવા કેમ્પ

ચાલુ સાલે ભાદરવી પૂનમના મેળા પ્રસંગે રબારી સમાજ ધર્મશાળા અંબાજી મુકામે અગિયારસથી પૂનમ સુધીનો સેવા કેમ્પ રાખેલ. જેમાં પગપાળા તથા અન્ય રીતે આવેલ સમાજના યાત્રિક ભાઈ બહેનોને બે ટાઈમ ભોજન અને ચા-પાણી વિના મૂલ્યે સેવા આપવામાં આવેલ. જેમાં નીચે મુજબના દાતાઓના સહકારથી કેમ્પનું આયોજન કરેલ હતું.

શ્રી ગોવાભાઈ રબારી (ધારાસભ્યશ્રી), શ્રી મગનભાઈ મશરૂભાઈ દેસાઈ, સ્વ.ભીખાભાઈ રામાભાઈ દેસાઈ, શ્રી નારણભાઈ હરિભાઈ દેસાઈ, શ્રી નરસિંહભાઈ ઉમેદભાઈ દેસાઈ, શ્રી ભગવાનભાઈ બબાભાઈ દેસાઈ, શ્રી દેવકરણભાઈ ધનાભાઈ નાંગોહ, શ્રી સાગરભાઈ હરજીભાઈ દેસાઈ, શ્રી જીવરાજભાઈ બબાભાઈ દેસાઈ, શ્રી સ્વ.રમેશભાઈ સુખાભાઈ દેસાઈ, શ્રી નારણભાઈ એલ.દેસાઈ અને ડીસા ના હિરા ઉધ્યોગમાં સંકળાયેલા ભાઈઓ.

### રબારી સમાજના સમુહલગ્નના આયોજન માટેની મીટીંગ, સ્નેહમિલન તથા પાટકોરીનો ત્રિવેણી સંગમ કાર્યક્રમ યોજાયો

રબારી સમાજના પ્રથમ સમુહલગ્ન આયોજન મીટીંગ સ્નેહમીલન તથા પાટકોરી, શ્રી માલધારી વિદ્યામંદિર છાત્રાલય-નખત્રાણા ખાતે ભાઈબીજ તા.૧૨/૧૧/૨૦૦૭ ના રોજ યોજવામાં આવ્યા.

અખિલ કચ્છ રબારી સમાજ તથા પશ્ચિમ કચ્છ રબારી એજ્યુકેશન ટ્રસ્ટ આયોજીત કાર્યક્રમની પ્રથમ સભા રબારી કરણા રાણાના પ્રમુખ સ્થાને મળી હતી.

ટ્રસ્ટ ના પ્રમુખ શ્રી વેલજી કરમશી ખટાણાએ સમુહલગ્નના નિયમો અંગે છણાવટ કરી હતી. તથા સમુહલગ્ન થી સમાજને થતા ફાયદાઓ જણાવ્યા હતા. પ્રથમસભા જ્ઞાનસભર ચર્ચા સાથે પૂર્ણ થઈ સહુએ સમુહ ભોજનનો લાભ લીધો .

રાત્રે બીજી સભા પ.પૂ.સંતશ્રી મેઘરાજજી દાદાના અધ્યક્ષ સ્થાને મળી ઉપસ્થિત મોટી સંખ્યામાં ભાઈબહેનોએ પાટકોર જ્યોતના દર્શનનો લાભ લીધો હતો. આધ્યાત્મીક આનંદની અનુભુતી કારી.

ત્યારબાદ સૌપ્રથમ પ.પૂ.સંત શ્રી મેઘરાજજી દાદાએ આર્શિવચન આપ્યા હતા અને સમુહલગ્ન માટે રૂ.૧,૦૧,૧૧૧ ની જાહેરાત કરી હતી. અને જરૂર પડે તો વધારે મદદ કરવાની તૈયારી બતાવી હતી.

પૂ.મેઘરાજજી દાદા-ખાનાય જાગીર તા.અબડાસાની પવિત્ર નિશ્રામાં સમૂહલગ્નનું મુહૂર્ત કાઢવામાં આવ્યું છે. તા. ૧૧/૨/૨૦૦૮ ને વસંત પંચમીના રોજ ભુજમાં આ સમૂહલગ્ન યોજાશે.

સંમ્પર્કઃ- જયમલભાઈ કોડકી મો.૯૮૨૫૯ ૯૩૨૨૪ માંડણ રાણા ફાચરિય મો.૯૮૨૫૫ ૩૨૧૦૭

## શ્રી માલધારી મંગલ મંદિર ટ્રસ્ટ મુ.ભુજોડી (કચ્છ) માં ઉજવાયેલો દશાબ્દી મહોત્સવ

કચ્છમાં ભુજ નજીક આવેલા ભુજોડી ગામેશ્રી માલધારી મંગલ મંદિર ટ્રસ્ટ દ્વારા મંગલ મંદિર નામનું શૈક્ષણિક સંકુલ ચાલે છે. તેમાં રબારી ગોપાલક સમાજનાં ભાઈઓ તથા બહેનોને પ્રાથમિક તથા માધ્યમિક શિક્ષણ આપવાની તેમજ છાત્રાલયમાં રહેવાની સગવડ પણ આપવામાં આવે છે.

આ સંસ્થાની સ્થાપનાને દશ વર્ષ પૂર્ણ થતાં તા.૧૬/૧૧/૨૦૦૭ થી તા.૨૪/૧૧/૨૦૦૭ દરમ્યાન સવારે ૯ થી ૧૧ શ્રી પૂંજલભાઈ રબારીએ લોક રામાયનનું ગાન કર્યુ હતું અને સવારે ૧૧ થી ૧ દરમ્યાન શિક્ષણ પર ચિંતન અને વ્યાખ્યાન રાખવામાં આવ્યાં હતાં અને અત્રે ૯ થી ૧૧ કલાક દરમ્યાન લોક સંસ્કૃતિના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારંભ પ.પૂ. મહંત શ્રી બળદેવગીરીજી બાપુ (વાળીનાથ અખાડા, તરભ)ના વરદ હસ્તે દિપ પ્રકટ કરીને કરવામાં આવ્યુ હતું.

મંગલ મંદિર મુ.ભુજોડી, તા.ભુજ (કચ્છ) ફોનઃ(૦૨૮૩૨)૨૪૦૮૫૧ મો.૯૮૨૫૫ ૬૦૯૩૩

## જયશ્રી દ્વારકાધીશ રબારી સમાજ એજ્યુકેશન ચેરીટેબલ ટ્રષ્ટની થયેલી રચના

તા.૧૬/૧૦/૨૦૦૭ નારોજ શ્રી બાબુભાઈ દેસાઈ ના દ્વારકેશ ફાર્મ (શેરથા જી.ગાંધીનગર) ઉપર આવેલા શ્રી ચામુંડા નિવાસના પ્રાંગણમાં સમસ્ત રબારી સમાજની ગુરૂગાદીઓના પૂ.મહંતશ્રી, સંતશ્રીઓ, ભુવાશ્રીઓ તથા સમાજના આગેવાનોની એક સભા મળી હતી. આ સભામાં રબારી સમાજ માટે માતબર રકમનું શિક્ષણફંડ ઉભું કરવા માટે સમાજમાં 'શિક્ષણરથ' કાઢીને એ ફંડ મેળવવા બાબતની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી અને આ શિક્ષણફંડની વ્યવસ્થા માટે એક ટ્રસ્ટની રચના કરવાની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. સૌએ સર્વાનુમતે ઠરાવ્યુ હતુ કે જયશ્રી દ્વારકાધીશ રબારી સમાજ એજ્યુકેશન ચેરીટેબલ નામનું ટ્રસ્ટ રચીને તે દ્વારા શિક્ષણફંડ માટે શિક્ષણરથ કાઢવો તેમ નક્કી થયુ હતુ.

આ ટ્રસ્ટની રચના,ટ્રસ્ટીઓની પસંદગી, ટ્રસ્ટના હેતુઓ અને ટ્રસ્ટની કામગીરીની પધ્ધતિઓ વગેરે નક્કી કરવાનુ કાર્ય સર્વાનુમતે શ્રી બાબુભાઈ જેસંગભાઈ દેસાઈ તથા શ્રી જીવણભાઈ જોરાભાઈ દેસાઈને સોંપવામાં આવ્યુ હતુ. અને એમ પણ નક્કી કરવામાં આવ્યુ હતુ કે જે દાતાશ્રી તરફથી આ ટ્રસ્ટને રૂપિયા એકવીસ લાખનું દાન આપવામાં આવશે તે જ ટ્રસ્ટના ટ્રસ્ટી ગણાશે અને આગામી છ માસ સુધીમાં આ રકમ લખાવીને આ ટ્રસ્ટના ટ્રસ્ટી બનવા સમાજના સૌ સાધનસંપન્ન અને સુખી વ્યક્તિઓને આગ્રહ ભરી વિંનતી કરવામાં આવે છે. આ ઉપરાંત આ ટ્રસ્ટને રૂ.અગિયાર લાખનુ દાન આપનાર વ્યક્તિઓનો પણ આ ટ્રસ્ટી મંડળમાં સમાવેશ કરવામાં આવશે. આ ઉપરાંત જરૂર પડ્યે અન્ય દાતાઓ અને સમાજના આગેવાનો અને કાર્યકરોનો ટ્રસ્ટીમંડળમાં સમાવેશ કરવાની વિચારણા પણ કરવામાં આવશે. આ ટ્રસ્ટના આધ્યસ્થાપકો તરીકે સમસ્ત રબારી સમાજની ગુરૂગાદીઓના મહંતશ્રીઓ રહેશે.

આજ સુધીમાં કેટલાક મહાનુભાવોએ આ શિક્ષણરથ માટે સ્વેચ્છાએ નીચે પ્રમાણેના દાનની જાહેરાત કરી છે.

પૂ.મહંતશ્રી ભગવાનભાઈ (સતપંથની જગ્યા, મુ.પીરાણા) રૂ.૨૫,૦૦,૦૦૦ થી વધુ

પૂ.મહંતશ્રી બળદેવગીરીજી મહારાજ (વાળીનાથ અખાડા, મુ.તરભ) કુલ ૮૪ કિલો ચાંદીની કિંમત

શ્રી બાબુભાઈ જેસંગભાઈ દેસાઈ (મુ.મક્તુપુર, હાલ- અમદાવાદ)રૂ.૨૧,૦૦,૦૦૦

શ્રી ગોવાભાઈ હમીરાભાઈ રબારી (ધારાસભ્યશ્રી, ડીસા) રૂ.૨૧,૦૦,૦૦૦

શ્રી જીવરાજભાઈ વસ્તાભાઈ દેસાઈ (મુ.પાલોદર, હાલ અમદાવાદ) રૂ.૨૧,૦૦,૦૦૦

શ્રી બળદેવભાઈ નાગજીભાઈ દેસાઈ (મુ.કંથારવી હાલ અમદાવાદ) રૂ.૧૧,૦૦,૦૦૦

શ્રી જીવણભાઈ જોરાભાઈ દેસાઈ (મુ.ભાન્ડુ હાલ અમદાવાદ) રૂ.૧૧,૦૦,૦૦૦

શ્રી મહેન્દ્રભાઈ અમથાભાઈ દેસાઈ (મુ.ચાણસ્મા હાલ અમદાવાદ) રૂ.૧૧,૦૦,૦૦૦

શ્રી દિનેશભાઈ ઈશ્વરભાઈ દેસાઈ (મુ.કમલીવાડા હાલ અમદાવાદ) રૂ.૧૧,૦૦,૦૦૦

## જયશ્રી દ્વારકાધીશ રબારી સમાજ એજ્યુકેશન ચેરીટેબલ ટ્રષ્ટની થયેલી રચના

તા.૧૬/૧૦/૨૦૦૭ નારોજ શ્રી બાબુભાઈ દેસાઈ ના દ્વારકેશ ફાર્મ (શેરથા જી.ગાંધીનગર) ઉપર આવેલા શ્રી ચામુંડા નિવાસના પ્રાંગણમાં સમસ્ત રબારી સમાજની ગુરૂગાદીઓના પૂ.મહંતશ્રી, સંતશ્રીઓ, ભુવાશ્રીઓ તથા સમાજના આગેવાનોની એક સભા મળી હતી. આ સભામાં રબારી સમાજ માટે માતબર રકમનું શિક્ષણફંડ ઉભું કરવા માટે સમાજમાં 'શિક્ષણરથ' કાઢીને એ ફંડ મેળવવા બાબતની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી અને આ શિક્ષણફંડની વ્યવસ્થા માટે એક ટ્રસ્ટની રચના કરવાની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. સૌએ સર્વાનુમતે ઠરાવ્યુ હતુ કે જયશ્રી દ્વારકાધીશ રબારી સમાજ એજ્યુકેશન ચેરીટેબલ નામનું ટ્રસ્ટ રચીને તે દ્વારા શિક્ષણફંડ માટે શિક્ષણરથ કાઢવો તેમ નક્કી થયુ હતુ.

આ ટ્રસ્ટની રચના,ટ્રસ્ટીઓની પસંદગી, ટ્રસ્ટના હેતુઓ અને ટ્રસ્ટની કામગીરીની પધ્ધતિઓ વગેરે નક્કી કરવાનુ કાર્ય સર્વાનુમતે શ્રી બાબુભાઈ જેસંગભાઈ દેસાઈ તથા શ્રી જીવણભાઈ જોરાભાઈ દેસાઈને સોંપવામાં આવ્યુ હતુ. અને એમ પણ નક્કી કરવામાં આવ્યુ હતુ કે જે દાતાશ્રી તરફથી આ ટ્રસ્ટને રૂપિયા એકવીસ લાખનું દાન આપવામાં આવશે તે જ ટ્રસ્ટના ટ્રસ્ટી ગણાશે અને આગામી છ માસ સુધીમાં આ રકમ લખાવીને આ ટ્રસ્ટના ટ્રસ્ટી બનવા સમાજના સૌ સાધનસંપન્ન અને સુખી વ્યક્તિઓને આગ્રહ ભરી વિંનતી કરવામાં આવે છે. આ ઉપરાંત આ ટ્રસ્ટને રૂ.અગિયાર લાખનુ દાન આપનાર વ્યક્તિઓનો પણ આ ટ્રસ્ટી મંડળમાં સમાવેશ કરવામાં આવશે. આ ઉપરાંત જરૂર પડ્યે અન્ય દાતાઓ અને સમાજના આગેવાનો અને કાર્યકરોનો ટ્રસ્ટીમંડળમાં સમાવેશ કરવાની વિચારણા પણ કરવામાં આવશે. આ ટ્રસ્ટના આધ્યસ્થાપકો તરીકે સમસ્ત રબારી સમાજની ગુરૂગાદીઓના મહંતશ્રીઓ રહેશે.

આજ સુધીમાં કેટલાક મહાનુભાવોએ આ શિક્ષણરથ માટે સ્વેચ્છાએ નીચે પ્રમાણેના દાનની જાહેરાત કરી છે.

પૂ.મહંતશ્રી ભગવાનભાઈ (સતપંથની જગ્યા, મુ.પીરાણા) રૂ.૨૫,૦૦,૦૦૦ થી વધુ

પૂ.મહંતશ્રી બળદેવગીરીજી મહારાજ (વાળીનાથ અખાડા, મુ.તરભ) કુલ ૮૪ કિલો ચાંદીની કિંમત

શ્રી બાબુભાઈ જેસંગભાઈ દેસાઈ (મુ.મક્તુપુર, હાલ- અમદાવાદ)રૂ.૨૧,૦૦,૦૦૦

શ્રી ગોવાભાઈ હમીરાભાઈ રબારી (ધારાસભ્યશ્રી, ડીસા) રૂ.૨૧,૦૦,૦૦૦

શ્રી જીવરાજભાઈ વસ્તાભાઈ દેસાઈ (મુ.પાલોદર, હાલ અમદાવાદ) રૂ.૨૧,૦૦,૦૦૦

શ્રી બળદેવભાઈ નાગજીભાઈ દેસાઈ (મુ.કંથારવી હાલ અમદાવાદ) રૂ.૧૧,૦૦,૦૦૦

શ્રી જીવણભાઈ જોરાભાઈ દેસાઈ (મુ.ભાન્ડુ હાલ અમદાવાદ) રૂ.૧૧,૦૦,૦૦૦

શ્રી મહેન્દ્રભાઈ અમથાભાઈ દેસાઈ (મુ.ચાણસ્મા હાલ અમદાવાદ) રૂ.૧૧,૦૦,૦૦૦

શ્રી દિનેશભાઈ ઈશ્વરભાઈ દેસાઈ (મુ.કમલીવાડા હાલ અમદાવાદ) રૂ.૧૧,૦૦,૦૦૦

ઉપરોક્ત દાતાઓએ સ્વેચ્છાએ શિક્ષણરથ માટે માતબર રકમનાં દાન જાહેર કર્યા છે. તે બદલ તે સૌનો ખુબખુબ આભાર.

આ ટ્રસ્ટની રચનાનો એકમાત્ર હેતુ એ છે કે આ સમાજનુ કોઈપણ તેજસ્વી બાળક પૈસાના અભાવે ઉચ્ચશિક્ષણથી વંચિત ન રહી જાય તે માટે તેને જરૂરી આર્થિક મદદ કરવી તે છે. આ ઉપરાંત આ સમાજના સર્વાંગીણ વિકાસ માટેના કાર્યો પણ જરૂર પડે આ ટ્રસ્ટ કરશે.

## ઉત્તમ ધ્યેય સાથે પોરબંદર જિલ્લા રબારી સમાજ ની થયેલી રચના

સમાજના અગ્રણીઓની હાજરીમાં આ સંસ્થાના પ્રમુખ તરીકે બારવાણનેસના ઉત્સાહી કાર્યકર શ્રી ભીમાભાઈ દાનાભાઈ મકવાણા તથા ઉપપ્રમુખ તરીકે શ્રી જીવાભાઈ મોરી તથા શ્રી અરજણભાઈ કારાભાઈ મોરી અને મહામંત્રી તરીકે અનેક સંસ્થાઓ

સાથે સંકળાયેલા તથા 'રબારી મહિમા' ના તંત્રી એવા અતિ ઉત્સાહી કાર્યકર શ્રી વીરાભાઈ ડાયાભાઈ કોડિયાતરની ગૌરવરૂપ વરણી કરવામાં આવી છે. હક અને તકથી વંચિત એવા પોરબંદર જિલ્લાના રબારીઓના સર્વાંગી વિકાસ માટે આ સંસ્થા દ્વારા અતિ મહત્વના પાંચ ધ્યેયો- સિધ્ધાંતોનો પંચશીલ નક્કી કરવામાં આવ્યો છે. (૧) રબારી સમાજની એકતા અને સંગઠન (૨) રબારી સમાજમાં શિક્ષણની વૃધ્ધિ માટે સક્રિય પ્રયાસો (૩) રબારી સમાજને યોગ્ય રાજકીય પ્રતિનિધિત્વ માટે પ્રયાસો (૪) રબારી સમાજમાંથી કુરિવાજો અને અંધશ્રધ્ધાની નાબૂદી અને (૫) રબારી સમાજના તેજસ્વી વિધ્યાર્થીઓ અને અગ્રણીઓને સન્માન તથા પ્રોત્સાહન.

તાજેતરમાં 'પોરબંદર જિલ્લા રબારી સમાજ' ની રચના કરવામાં આવી છે. બારવાણનેસ ખાતે પોરબંદર જિલ્લા રબારી સમાજમાં પોતાને મળેલા હક અને વિકાસની આવેલી તક પાછલા થોડા વરસોમાં અગ્રણીઓ અને ભુવઆતાશ્રીઓનો સિંહ ફાળો છે, આમના દ્વારા ઉપરોક્ત પાંચ ધ્યેયોની સિધ્ધિ માટે માતાજીના અવિરત આશીર્વાદ ઉત્તરો એવી પ્રાર્થના સાથે હોદેદારોને સમગ્ર સમાજવતી હાર્દિક અભિનંદન

## પશુપાલનમાં થઈ રહેલા અન્યાય સામે ગોપાલકોનું અભિયાન

ખેતી માટે યોજનાઓ જાહેર કરીને સહાયો આપવા અંગે સરકાર જાહેરાતો કરે છે ત્યારે પશુપાલનના વ્યવસાય સાથે જોડાયેલા ગૌપાલકો પ્રત્યે અન્યાય થઈ રહ્યો હોવાની રાવ લઈને ગૌ, ગૌચર અભિયાનના પ્રયોજકોએ મુખ્યમંત્રીને આવેદનપત્ર આપી રજૂઆતો કરી છે અને ગૌપાલકોને સાચવવા માટે અનામત ગૌચર જમીન રખાતી હતી તે ઉદ્યોગપતિઓ સાથે મળીને આવી ગૌચર સાચવેલ નથી એમ સર્વાનુમતે ગૌપાલકોએ એકસુરમાં જણાવ્યું હતું.

ગાંધીનગર ખાતે સેક્ટર-૨૮ બગીચામાં ગૌ ગૌચર ગોપાલક અભિયાન અંતર્ગત ગૌપાલકોની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ગૌપાલક વિકાસ મંડળ દ્વારા મુખ્યમંત્રીને સમસ્યાઓ સંબંધે આપવામાં આવેલ આવેદનપત્ર અંગે ચર્ચા કરાઈ હતી. અને જણાવ્યુ હતું કે, રાજ્યમાં માત્ર ૧૧.૬ ટકા માલધારી સમાજ છે. ત્યારે વાડાઓ સંબંધિત જે નોટીફીકેશન તેનો ચુસ્ત અમલ કરવા માટે તથા માલધારીઓ જમીન સંપાદન કરી પશુધનને બચાવવા માટે ખેડૂતે વ્યાખ્યામાં સમાવિષ્ટ કરવા જણાવ્યું હતું.

આ ઉપરાંત અદાલતના આદેશ અનુસાર ગૌચર પરના દબાણો દુર કરવા અને દરેક ગ્રામ પંચાયતમાં કાયદા પ્રમાણે ગૌચરની જાળવણી કરવી તેવા આદેશનું સત્વરે સઘન અમલીકરણ થાય તેવા પ્રયાસો કરવા, ઉપરાંત માલધારી સમાજને શેડ્યુલ ટ્રાઈબમાં ગણના કરવી જોઈએ. વધુમાં બાળકોને શિક્ષણ અને સામાજિક ઉત્થાન માટે ગાંધીનગરમાં જમીન આપી શિક્ષણ સંકુલ બનાવી સરકારે પહેલ કરવી જોઈએ. ગૌચરો લુંટાયા હોવાથી મહારાષ્ટ્રના ધોરણે વસવાટની વ્યવસ્થા આપ્યા વગર મેગા સિટી બનાવવાનું દુસાહસ ગણાશે.

ગૌચર પરના દબાણ કરતાં વ્યક્તિ કે સત્તા વિરૂધ્ધ એટ્રોસિટી એક્ટ મુજબની જોગવાઈઓ લાગુ કરી શકાય તેવા પગલાંની માગણી કરી હતી અને માલધારીના પુઃનવસન યોજના શરૂ કરવા માટે પણ રજુઆતો કરવામાં આવી હતી. બેઠકમાં પશુપાલનના થઈ રહેલા અન્યાય સંબંધે ગોપાલકોએ એકસુર વ્યક્ત કર્યો હતો.

## ગૌ, ગૌચર, ગોપાલક સુરક્ષા અભિયાન

આપણા માલધારી સમાજ અને પશુધનની ઉપેક્ષા થતી હોય તો સમયની પૂકાર સંગઠન કરવા પ્રેરણા આપે છે. ગૌ ગૌચર ગોપાલક સમાજના પ્રશ્નોને વાચા આપવા સક્ષમ છો? વિધાનસભા ચુંટણીમાં ઉભા રહેવા માંગો છો? સમાજના હિતરક્ષક છો? સમાજ ઉત્થાનનો અભિગમ અપનાવો છો? આપ કોઈ પણ રાજકીય વિચારસરણી ધરાવતા હોય તો આવો આપનું નામ, સરનામું, અભ્યાસ, વ્યવસાય, કૌટુંબિક વિગત, સામાજિક પ્રવૃતિઓમાં યોગદાન સાથેનો સંમ્પૂર્ણ બાયોડેટા સત્વરે મોકલી આપો.
સંયોજક ; ગુજરાત પ્રદેશ, ગૌ ગૌચર ગોપાલક સુરક્ષા અભિયાન

સાગર દેસાઈ (એડવોકેટ)
સી-૨, ત્રિમૂર્તિ એપાર્ટમેન્ટસ, જવાહર ચોક, સાબરમતી, અમદાવાદ-૫
ફોન ; ૦૭૯-૨૭૫૦૭૦૪૯, મો-૯૮૯૮૮૦ ૫૫૯૯૫

**ગુ.પ્ર, ભાજપ યુવા મોરચામાં વિશેષ આમંત્રિત સદસ્ય તરીકે અમદાવાદના રાજુભાઈ દેસાઈની વરણી**

અમદાવાદના રાજુભાઈ દેસાઈની ગુજરાત પ્રદેશ ભાજપ યુવા મોરચામાં વિશેષ આમંત્રિત સદસ્ય તરીકે તથા અમરેલી જિલ્લા ભાજપ યુવા મોરચાના સહપ્રભારી તરીકે વરણી કરવામાં આવી છે શ્રી રાજુભાઈ યુવાન, ઉત્સાહી અને શિક્ષિત કાર્યકર છે તથા મોટપ વાળા સ્વ.પ્રભાતભાઈ દેસાઈના પુત્ર છે. સ્વ.પ્રભાતભાઈ દેસાઈ મોટપવાળા સમાજના જાણીતા કાર્યકર હતા અને તેઓ અમદાવાદ ઘાટલોડીયા ન્યુ સૌરભ શાળા સંકુલના આદ્ય સ્થાપક છે. તેમના મુલ્ય પ્રદાનની કદરરૂપે ઘાટલોડીયાના જાણીતા ચોકનુ નામકરણ "પ્રભાત ચોક" કરવામાં આવેલ છે.

**શ્રી બી.ડી.રબારીની કારકિર્દીની કદરરૂપે રાજકોટ એલ.સી.બી.માં નિંમણૂક અપાઈ**

રાજકોટ પ્રદ્યુમનનગર પોલીસ મથકના જાંબાઝ પોલીસ ઈન્સ્પેક્ટર (પી.આઈ.) શ્રી બી.ડી.રબારીને શહેર પોલીસ કમિશ્નર શ્રી કે.નિત્યાનંદન દ્વારા ખાસ આદેશથી રાજકોટ ક્રાઈમબ્રાંચ-એલ.સી.બી. માં મૂકવામાં આવ્યા છે. ગુજરાત પોલીસ ડિપાર્ટમેન્ટમાં શ્રી બી.ડી.રબારીની ગણના ખૂબજ શિસ્તબધ્ધ કડક અધિકારી તરીકેની છે. આ અગાઉ તેમણે ગુનાખોરીમાં ગુજરાતના શિકાગો ગણાતા પોરબંદર એલ.સી.બી.માં અઢીવર્ષ અતિંપ્રશસનીય કામગીરી બજાવી અનેક ગુન્હેગારોને ભોંયભેગા કરેલા. તેમની આવી નીડર-બાહોશ કારકિર્દીની કદરરૂપે રાજકોટ એલ.સી.બી.માં નિંમણૂક અપાઈ છે.

**કસોટી સ્પર્ધામાં પ્રથમ ક્રમે આવી ગોપાલક સમાજનું ગૌરવ વધાર્યુ**

ભાવનગર જિલ્લાના બોટાદ શહેરના સર તખતસિંહજી ગ્રંથાલય સંચાલિત 'સમર્પણ ગૃપ' દ્વારા યોજાયેલી સ્પર્ધા ગુજરાતી ભાષામાં "ચ" થી જેના જવાબ શરૂ થાય તેવી એક લેખિત પ્રશ્નોત્તરી-ભાષાકીય શાબ્દિક કસોટી-શબ્દ ગેઈમમાં સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાના થોરિયાળી ગામના મૂળવતની તથા બોટાદની સરકારી શાળા નં.૧૯ ના મદદનીશ શિક્ષક તથા કવિ-પત્રકાર-ચિત્રકાર-કટાર લેખક શ્રી રત્નાભાઈ બિજલભાઈ નાંગરે પ્રથમ ક્રમે આવી સમગ્ર ગોપાલક સમાજનું અને શિક્ષક સમાજનું ગૌરવ વધાર્યુ છે.

**ગૌરવ પુરસ્કાર મેળવતી ઝાલાવાડની માલધારી રાસમંડળી**

આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા સુરેન્દ્રનગરની 'શક્તિપરા માલધારી રાસમંડળી' ના સુકાની રાહબર શ્રી કરણાભાઈ ભાયાભાઈ સિંધવ ને પરંપરાગત લોકનૃત્યોના ક્ષેત્રે આગવા પ્રદાન બદલ ગુજરાત રાજ્ય સરકાર દ્વારા 'ગૌરવ પુરસ્કાર' એનાયત કરવામાં આવેક છે. અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે કરણાભાઈની આગેવાનીમાં આ મંડળીએ દેશ અને દુનિયાના અનેક ભાગમાં માલધારીઓના માનીતા 'હુડો રાસ' ન કાર્યક્રમો આપી દેશ-વિદેશમાં ઝાલાવાડનું, માલધારીઓનું અને ગુજરાત રાજ્યનું ગૌરવ વધાર્યુ છે, ત્યારે રાજ્યના સંગીત-નાટક અકાદમી વિભાગ દ્વારા ઉચિત બહુમાન કરવામાં આવેલ છે. આ મંડળીએ અગાઉ અનેક ઈનામો-માન-સન્માનો મેળવેલ છે.

**શિક્ષણ રથ માં ૧ કરોડથી વધુ રકમની મિલકત અર્પણ કરતાં પ.પૂ.મહંતશ્રી શંકરનાથજી મહારાજ**

તા.૨/૯/૦૭ ના રોજ મગરવાડા મુકામે રબારી સમાજ યુવ વિકાસ મંચ વડગામ દ્વારા યોજાયેલ સન્માન સમારંભમાં શ્રી બાબુભાઈ જેસંગભાઈ એ 'શિક્ષણરથ' ની વિગતવાર માહિતી આપી સમાજને તેનાથી વાકેફ કરવાનું સાંભળીને સમારંભમાં

આર્શિવચન પાઠવવા માટે પધારેલા પ.પૂ.મહંતશ્રી શંકરનાથજી મહારાજ (શ્રી નકળંગની જગ્યા, મુ.વાગડોદ, જી.પાટણ) એ પોતાના મનની વાત વ્યક્ત કરતાં કહ્યું કે 'અમે સૌ સંતો સમાજના સેવકોથી ઉજળા છીએ. અમારે પણ સમાજને કંઇક આપવુ જોઇએ. અમારી નકળંગની જગ્યાની કેટલીક મિલકતો પાટણમાં આવેલી છે. જેની હાલની બજાર કિંમત ગણતાં તે કરોડ રૂપિયાની મિલકત ગણાય. સાથે સાથે પાટણમાં ઝીણી રેતમાં અમારી સંસ્થાનાં કેટલાંક કિંમતી મકાનો છે તે તમામ હું રબારી સમાજ માટેના 'શિક્ષણ ફંડ' માં શિક્ષણરથ માં આપી દેવાનો આ અફર નિર્ણય અત્રે આપ સૌ સમક્ષ જાહેર કરતાં ખૂબ જ આનંદ અનુભવુ છું. હું ઈચ્છુ છું કે આ રકમમાંથી પાટણમાં જ રબારી સમાજની દિકરીઓના શિક્ષણ માટેનું શિક્ષણ સંકુલ બને અને તેમાં જ આ રકમ ખર્ચાય તો મને ઘણો આનંદ અને સંતોષ થશે. આ કન્યા શિક્ષણ સંકુલને પૂ.મહંતશ્રી શંકરનાથજી ગુરૂશ્રી કાશીનાથજી મહારાજ (નકળંગની જગ્યા, વાગડોદ) એવુ નામ આપવામાં આવે.

આ વખતે શ્રી વરવાભાઈ લેંબાભાઈ (મેણોજવાળા), શ્રી રામજીભાઈ મૂળજીભાઈ દેસાઈ (દસાવાડા), શ્રી અમૃતભાઈ હરીભાઈ દેસાઈ (મેથાણ), શ્રી બાબુભાઈ રાયકા (ચંદ્રાવતી), શ્રી નાગજીભાઈ દેસાઈ (ભુવાજી,નાંદોતરા), શ્રી પ્રભાતભાઈ જોગાભાઈ દેસાઈ (એદરાણા), શ્રી અમૃતભાઈ લીલાભાઈ દેસાઈ (દેથળી), શ્રી ભૂરાભાઈ દેસાઈ (ચંદ્રાવતી), શ્રી બાબુભાઈ જેસંગભાઈ દેસાઈ (મક્તુપુર), શ્રી ગોવિંદભાઈ દેસાઈ (તંત્રીશ્રી ગોપાલ બંધૂ) તથા અનેક જ્ઞાતિંબધુઓ હાજર હતા.

## ચાણસ્મા ખાતે ગોગા મહારાજની "વાહ રે વાહ ગોગા" કેસેટનું વિમોચન

થોડા સમય પહેલાં લોક ગાયક પ્રફુલ્લ દવેની ચાણસ્મા ખાતે ગોગા મહારાજની "વાહ રે વાહ ગોગા" કેસેટનું વિમોચન કર્યુ હતું. તે પ્રસંગે જણાવ્યુ હતું કે મને મારા જીવનના પાંત્રીસ વર્ષની સ્વર આરાધના દરમિયાન સેંકડો લોકગીતો, ભજનો, શોર્યગીતો અને પ્રભાતિયા ગાવાની તક આકાશવાણી અને દૂરદર્શન ઉપર તેમજ વિવિધ કાર્યક્રમોમાં મળી છે. સાથે સાથે ૧૪ જેટલાં ગૌરવ પુરસ્કારો પણ મળ્યા છે. પણ આજે શ્રી ગોગામહારાજના મહિમાની કેસેટ તૈયાર કરતાં મને અતિ આનંદ અને ગૌરવની લાગણી થાય છે. આ પ્રસંગે શ્રી પ્રફુલ દવે ની ઈચ્છાથી ચાણસ્મા ખાતે શ્રી ગોગા મહારાજ પરિવાર વતી શ્રી અમથાભાઈ દેસાઈ અને શ્રી મહેન્દ્રભાઈ દેસાઈ (ભુવાજી) દ્વારા બ્રમ્હચોર્યાસીના સમુહભોજનનું આયોજન કર્યુ હતુ. અને તે પ્રસંગે શ્રી પીંપળેશ્વર મહાદેવમાં વિવિધ સમાજો અને બ્રમ્હસમાજ દ્વારા શ્રી પ્રફુલ દવેનું સન્માન કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે મુનિબાબા, મફતકાકા, ધારાસભ્ય માલજીભાઈ દેસાઈ, કેળવણીકાર મનુભાઈ પટેલ, પ્રફુલભાઈ વ્યાસ, ઘનશ્યામભાઈ વ્યાસ, હસમુખગિરિ ગોસ્વામી વગેરેએ ઉપસ્થિત રહી પ્રફુલ દવેની સ્વર આરાધનાને બિરદાવી હતી.

આ કાર્યક્રમ બાદ નગરની સ્થાપના કાળના એટલે કે ૧૨૦૦ વર્ષ પુરાણા શૈષનારાયણ ગોગા મહારાજના પ્રસિધ્ધ સ્થાનકનો મહિમા વર્ણવતી સીડી કેસેટનું વિમોચન પૂજા-અર્ચના સાથે પ્રફુલ દવે ના હસ્તે મંદિર સંકુલમાં કરાયું હતું.

## અખિલ ભારતિય પાલ મહાસભા દ્વારા યોજવામાં આવેલી પાલ-પશુપાલક-ગોપાલક સમાજના પત્રકારોની વિશિષ્ઠ બેઠક

તા.૯/૯/૨૦૦૭ ના રોજ અખિલ ભારતિય પાલ મહાસભાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી શૈતાનસિંહ પાલની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય કાર્યાલય, ૪૦,દુર્ગા માર્કેટ, શાહપુરા, ભોપાલ (મ.પ્ર.) ખાતે પાલ સમાજ-ગોપાલક-પશુપાલક સમાજનાં દેશભરમાંથી નીકળતાં સામયિકોના માલિકો-તંત્રીઓ-પત્રકાર પરિષદ બોલાવી હતી. શરૂઆતમાં હાજર રહેલ પત્રકારો અને મહાસભાના કાર્યકરો અને દેવી અહલ્યાબાઈ હોલકરની પ્રતિમાને ફૂલહાર પહેરાવિને તેમની વંદના કરીને ત્યાં અહલ્યાબાઈ હોલકર ચૌરાહા ઉપર વૃક્ષારોપણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. વૃક્ષારોપણ પછી મહાસભાના કાર્યાલયમાં પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી. સૌ પ્રથમ રાષ્ટ્રીય અધ્યક્ષશ્રીએ તમામ પત્રકારોનું ફૂલહાર, શાલ, અને પાઘડી બંધાવીને હાર્દિક સ્વાગત કર્યુ હતું. ત્યાર બાદ રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી એ આજની પત્રકાર પરિષદનો હેતુ સમજાવ્યો હતો. અને તેમણે સમગ્ર રાષ્ટ્રમાં વસતી માલધારી-પશુપાલક જાતિના સર્વાંગી વિકાસ માટે, તેમનામાં ચેતનાની જાગૃતિ માટે કેવા કેવા પ્રયત્નો કર્યા છે અને ભવિષ્યમાં રાજ્યકક્ષાએ, તાલુકા કક્ષાએ

'ચેતના યાત્રા' કાઢીને સમાજ ઉત્થાન માટે જે જે પ્રયત્નો તેઓ કરવા માંગે છે તેની વિગતવાર માહિતી આપી હતી. તેમના આ રાષ્ટ્રીય કાર્યમાં પત્રકારમિત્રો પણ પોતાની કલમ દ્વારા પૂરતો સહકાર આપે તેવી આશા વ્યક્ત કરી હતી અને સૌ પત્રકારોને "પોઝીટીવ એપ્રોચ" (હકારાત્મક વલણ) રાખીને પત્રકારત્વ કરવાની હાકલ કરી હતી. તેમણે રાષ્ટ્રીય અધ્યક્ષની જવાબદારી સ્વીકાર્યા પછી ફક્ત ૩૫ દિવસોમાં દેશનો ૧૨૦૦૦ કી.મી.નો પ્રવાસ કરીને સમાજમાં નવી ચેતના જગાડવાનો જે પ્રયત્ન કર્યો હતો. તેની પણ વિગતો આપી હતી. તેમણે સમસ્ત દેશના પશુપાલકોનો સમવેશ એસ.ટી.માં આદિજાતિંમા થાય તે માટેના પ્રયત્નોની વિગતો પણ આપી હતી. તેના અનુસંધાનમાં જમ્મુ-કાશ્મીર અને છત્તીસગઢમાં આ જાતિને એસ.ટી.માં ગણવામાં આવી છે તેમ જણાવ્યું હતું. હાજર રહેલા પત્રકારોએ જુદા જુદા પ્રશ્નો પૂછીને રાષ્ટ્રીય અધ્યક્ષની કામગીરીની માહિતી મેળવી હતી . આ પત્રકાર પરિષદમાં નીચેના પત્રકારોએ હાજરી આપી હતી.

(૧)ગોપાલ બંધુ -ગોવિંદભાઈ રબારી, મહેસાણા (૨)ગોપાલ ગાથા -અમરતભાઈ દેસાઈ, રમણભાઈ દેસાઈ, જંત્રાલ (૩)પાલદીપ -પ્રદિપકુમાર પાલ, કાનપુર(ઉ.પ્ર.) (૪)પાલ બધેલ જાગરણ -રોશનલાલ પાલ, ઝાંસી (૫)કાલકા પ્રસાદ પાલ, ઝાંસી (ઉ.પ્ર.) (૬)સલેકચંદ પાલ મુઝફ્ફરનગર (ઉ.પ્ર.) આ ઉપરાંત અન્ય કેટલાક કાર્યકરો પરિષદને સફળ બનાવી હતી.

નજીકના ભવિષ્યમાં ગુજરાત રાજ્ય અને અન્ય રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીઓ આવી રહી છે. ત્યારે તેમાં પણ અખિલ ભારતીય પાલ મહાસભાની શી ભૂમિકા હશે તેની પણ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

## મેડ્રીડ (સ્પેન) માં માલધારી મહાસભા

UNDP તથા FAO નાં સંયુક્ત ઉપક્રમે સ્પેન દેશનાં મુખ્ય મથક મેડ્રીડમાં વિશ્વનાં માલધારીઓનું અધિવેશન યોજવામાં આવ્યુ હતું. જેમા દુનિયામાં વસતા માલધારી સમુદાયનાં પ્રશ્નો અને નિતિ વિષયક મુદ્દા પર ચર્ચા થઈ હતી. આ અધિવેશન સપ્ટેમ્બર ૯ થી ૧૮ સુધી ચાલ્યું હતું. જેમા દુનિયાનાં ત્રીસથી વધુ દેશોનાં માલધારી સમુદાયમાંથી આવતા પ્રતિનિધિઓ, તથા આ મુદ્દે વિશ્વમાં કામ કરતી સંસ્થાનાં પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. અમને જણાવતાં આનંદ થાય છે કે આ કાર્યક્રમની સંકલન સમિતિ દ્વારા 'મારગ' સંસ્થાનાં શ્રી લાલજીભાઈ દેસાઈને આમંત્રીત કરવામાં આવ્યા હતા. લાલજીભાઈ તા.૨૦/૯/૨૦૦૭ ના રોજ પ્રવાસ પુરો કરીને પરત આવી ગયા છે.

## કચ્છમાં ગોકુળીયા લગ્નો લેવાયા

કચ્છી રબારી સમાજમાં લગ્નો અંગેની ભવ્ય-જાજરમાન સંસ્કૃતિ છે. દર વરસે પરંપરા પ્રમાણે ગોકુળ આઠમ-જન્માષ્ટમીના રોજ કચ્છી રબારી સમાજમાં મોટા પાયા પર સમૂહ લગ્નો થાય છે. જેને ત્યાં 'ગોકુળીયા લગ્નો લેવાયા' એવું કહેવાય છે. ચાલુ સાલે તાજેતરમાં જન્માષ્ટમીના રોજ કચ્છમાં ઢીંકરા, વાંજિયા, નવાગામ, વરનોરા, હોબાઈ અને મીદિયાળા ખાતે આવા ગોકુળીયા લગ્નો લેવાયા હતા. શ્રી વડવાળા મંદિર દૂધઈ ના મહંત શ્રી રામબાલકદાસજી આશીર્વાદ પાઠવવા પધાર્યા હતા.

## કામની કદર - મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે થયેલું સન્માન

તા.૨૩/૯/૨૦૦૭ ના રોજ હિંમતનગર મુકામે આવેલી સાબરડેરીમાં ડેરીના આધ્યસ્થાપક સ્વ.શ્રી ભુરાભાઈ પટેલની પ્રતિમાનું અનાવરણ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે કરવામાં આવ્યું હતું. સાથે સાથે સાબરડેરી કેમ્પસમાં જ દૂધની ભારતીય બનાવટોના ઉત્પાદન માટે બનાવવામાં આવેલા નવીન પ્લાન્ટનું ઉદ્‌ઘાટન પણ તેમના હસ્તે કરવામાં આવ્યું હતું. આ સમારંભમાંજ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સાબરડેરીના પ્રથમ એમ.ડી. શ્રી બાબુભાઈ કે.રબારી (સાદરા)- અમદાવાદ (સેવા નિવૃત) નું મોમેન્ટો અને સાલથી સન્માન કર્યુ હતું. સાથે સાથે સાબરડેરીના પૂર્વ ચેરમેનશ્રીઓ ખેમાભાઈ પટેલ અને જેઠાભાઈ પટેલનું પણ મુખ્યમંત્રીશ્રીએ સન્માન સન્માન કર્યુ હતું. સાબરડેરીની સ્થાપના અને વિકાસમાં પ્રથમ પ્રમુખ સ્વ.શ્રી ભુરાભાઈ પટેલ અને એમ.ડી. શ્રી બાબુભાઈ રબારી પાયાની ઈંટ સમાન હતા. એટલે આજે શ્રી બાબુભાઈ રબારીને સેવા નિવૃત થયે ૧૮ વર્ષ થયાં હોવા

છતાં સાબરડેરી પરિવારે તેમને નિંમત્રીને તેમનું સન્માન કર્યુ-કરાવ્યું તે શ્રી બાબુભાઈ રબારીની કર્તવ્ય નિષ્ઠા અને પ્રામાણિકતાની કદર સમાન છે.

### શ્રી રાજસ્થાની પ્રવાસી રબારી-રાયકા સમાજ સેવા સંઘ કર્ણાવતીની મોટી સિધ્ધિ

રાજસ્થાનમાંથી જુદા જુદા જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં રબારી ભાઈઓ નોકરી , ધંધાર્થે અમદાવાદમાં વસ્યા છે. તેઓ દર વર્ષે સમૂહમાં જન્માષ્ટમી મહોત્સવ ધામધૂમથી ઉજવે છે. આ ભાઈઓએ ચાલુ સાલે રૂપિયા અઢાર લાખના ખર્ચે ઓઢવ, અમદાવાદ માં કુલ ૧૨૦૦ ચો.વા. જમીન સમાજવાડી બનાવવા માટે ખરીદી છે. ચાલુ સાલનો જન્માષ્ટમી મહોત્સવ પોતાની આ જમીન ઉપર મંડપ બાંધીને ઉજવવામાં આવ્યો હતો. જમીન ઉપર ટૂંક સમયમાં ભવ્ય સમાજ વાડીનું ર્નિમાણ કરવામાં આવનાર છે.

રાજસ્થાન ના 'નૈનોલ' ગામે રબારી-રાયકા સમાજ નુ મળનારૂ સંમેલન.

રાજસ્થાન રાજ્યના સાંચોર જિલ્લામાં ગુજરાતની સરહદ નજીક આવેલા 'નૈનોલ' ગામે રબારી-રાયકા સમાજની એક ધાર્મિક જગ્યા છે તેના પૂ.મહંતશ્રી જણાવે છે કે તા.૧/૧૧/૨૦૦૭ ના રોજ નૈનોલમાં સમસ્ત રાજસ્થાન અને ગુજરાતના રબારી આગેવાનો, રાજકીય આગેવાનો અને પૂ.મહંતો-સંતોનું એક મોટું સંમેલન મળનારૂ છે.

### રબારી આઈ.એ.એસ.

ચાલુ સાલે ભારત સંઘ લોક સેવા આયોગની I.A.S. પરીક્ષા(પ્રિ.) રાજસ્થાનમાં રબારી સમાજના નીચેના પાંચ યુવાનો પાસ થયા છે. અભિનંદન.

નિમ્બારામ દેવાસી (મુ.સરણાઉ, સાંચોર),

ભોલારામ સાંધુ (મુ.બાગરા, જાલોર)

સાદતારામ દેવાસી (મુ.રોજડા,સુમેરપુર)

માણકારામ દેવાસી (મુ.કુંડકાલામ્બા, અજમેર)

મદનલાલ રબારી

### પેણ મુકામે (જી.રાયગઢ, મહારાષ્ટ્ર) ગૌરવવંતા તેજસ્વી વિધ્યાર્થીઓનું સન્માન

પેણ મુકામે (જી.રાયગઢ, મહારાષ્ટ્ર) વિષ્ણુ સમાજ પેણ તરફથી ગૌરવવંતા તેજસ્વી વિધ્યાર્થીઓનું સન્માન કરવાનો એક કાર્યક્રમ પેણના યુવાન કાર્યકર તથા સમાજના પ્રમુખ શ્રી કિસનભાઈ રાયકા (મુ.ગુડા કલ્યાણસિંહ, તા. બાલી, જી.પાલી) ના પ્રમુખ સ્થાને યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના અતિથી વિશેષ તરીકે એડવોકેટ બાપુ સાહેબ તથા માધવ નારાયણ અને રાયગઢ જીલ્લા પરિષદ પ્રમુખ શ્રીમતી નિલિમા પાટીલના વરદહસ્તે અહિંના ગુજરાતી સમાજ હોલ ખાતે ઈનામ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ સમારંભમાં રબારી સમાજના શિક્ષકો, વાલીઓ તથા વિધ્યાર્થીઓએ મોટી સંખ્યામાં હાજરી આપી વિધ્યાર્થીઓને મેડલ, પ્રમાણ પત્ર અને ભેટો આપીને સત્કાર્યા હતા. રાજસ્થાનમાંથી ખૂબ દૂર મહારાષ્ટ્રમાં પ્રવાસી રબારીઓ તરીકે જઈને વિવિધ વ્યવસાયોમાં સ્થિર થયેલા રાયકા ભાઈઓનો આ કાર્યક્રમ શ્રી કિશનભાઈ રાયકા અને સાથીદારોના પ્રયત્નોથી યોજાયો હતો. કાર્યક્રમનું સંચાલન અશોકભાઈએ કર્યુ હતું. અને આભારદર્શન શ્રી કપૂરચંદે કર્યુ હતું.

બેચરાજી તાલુકા મા યોજાયેલો યુવક મહોત્સવ

તા.૧૪/૯/૨૦૦૭ ના રોજ સવારે ૯.૩૦ કલાકે મહેસાણા જીલ્લાના બેચરાજી મુકામે આવેલી શ્રી ખાંભલ્યા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ગંગાબા મહિલા બી.એડ.કોલેજ, તથા એમ.એડ.કોલેજ બેચરાજીના પટાંગણમાં બેચરાજી તાલુકા યુવક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યુવક મહોત્સવના ઉદ્ઘાટન સમારંભના પ્રમુખ તરીકે કાંકરીયા મણિનગર નાગરીક સહકારી

બેન્કના મેનેજીંગ ડિરેક્ટર શ્રી મહેશભાઈ ગોવિંદભાઈ સાવધરીયાએ પ્રાસંગીક પ્રવચનો કરીને આજના યુવાનો આવા યુવક મહોત્સવોમાં ભાગ લઈને તેમનામાં રહેલી સુષુપ્ત શક્તીઓને જાગૃત કરીને પોતાની જાતને દેશના એક ઉત્તમ નાગરીક તરીકે ઘડીને આગળ વધે તેવી શીખ આપી હતી. સંસ્થાના સંચાલક શ્રી શંકરભાઈ દેસાઈ (લીંચ) તથા બી.એડ્. અને પી.ટી.સી. કોલેજના સ્ટાફે પણ આ સમારંભની સફળતા માટે ખૂબજ મહેનત ઉઠાવી હતી.

**દુધરેજ વડવાળા મંદિર રબારી સમાજની શિક્ષણ રચના આયોજન માટે લોકમત જનસમર્થન બેઠક મળી**

સમગ્ર રબારી સમાજના ઈષ્ટદેવ શ્રી વડવાળા ધામ દૂધરેજ ખાતે ગત તા. ૨૬/૮/૨૦૦૭ ના રોજ રબારી સમાજમાં શિક્ષણ વધે અને આમૂલ ક્રાતિ લાવવા રબારી સમાજ શિક્ષણ રથ દ્વારા કરોડો રૂપિયા ભંડોળ એકઠું કરવાના શુભ હેતુ એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દૂધરેજ વડવાળા મંદિરના મહંત શ્રી કનીરામ મહારાજ, વાળીનાથ અખાડાના મહંતશ્રી બળદેવગીરીજી મહારાજ, પીરાણાના મહંતશ્રી ભગવાન કાકા, સાણંદ ના મહંતશ્રી, ગોગામહારાજના ભુવાજી શ્રી રાજાભાઈ, સતાપર ઓરડીના મહંતશ્રી અમરા આતા, શ્રી અમથાભાઈ દેસાઈ, શ્રી બાબુભાઈ જેસંગભાઈ દેસાઈ, ભાન્ડુના શ્રી જીવણભાઈ દેસાઈ, ગોવિંદભાઈ રબારી તંત્રીશ્રી ગોપાલબંધુ, શ્રી અમરતભાઈ દેસાઈ તંત્રીશ્રી ગોપાલ ગાથા, શ્રી વિરાભાઈ કોડીયાતર તંત્રીશ્રી રબારી મહિમા, પાલ મહાસભાના પ્રદેશ પ્રમુખ શ્રી મફાભાઈ દેસાઈ, સુરેન્દ્રનગરના શ્રી નાગજીભાઈ દેસાઈ, ઘનશ્યામભાઈ સાવધરીયા, દેવશીભાઈ નાંગહ, દાદુભાઈ રબારી, હિંગોળભાઈ રબારી, શ્રી મોતીભાઈ હિરાભાઈ સાંબડ વગેરે અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આગેવાનોએ તેમના પ્રવચનમાં સમાજમાં એકતા, સંગઠન અને જે મુદ્દા માટે મળ્યા હતા એ શિક્ષણરથ વિશે સમાજમાં જાગૃતતા લાવવા હાકલ કરી હતી. શિક્ષણરથ માટે સવાસો કરોડના ભંડોળનું લક્ષ્ય પુરૂં કરવા દૂધરેજ મહંતશ્રીએ સમાજને આહવાન કર્યુ હતુ. આ પ્રસંગને પાર પાડવા માટે દૂધરેજના સંતો ઉપરાંત પ્રોફેસર મુકેશભાઈ કલોતરા, ડો.મેરૂભાઈ ટમાલીયા અને વડવાળા યુવક મંડળના યુવાનોએ સારી એવી જહેમત ઉઠાવી હતી.

આ પ્રસંગે સવારના સમયે દૂધરેજ મંદિર સંચલિત છાત્રાલયના વિશાળ પ્રાર્થના સભા હોલ સદગુરૂ શ્રી ગોમતીદાસજી પ્રાર્થના હોલ પણ વાળીનાથ અખાડાના મહંત શ્રી બળદેવગીરીજીબાપુ અને દૂધરેજ મહંત શ્રી કનીરામબાપુના વરદ હસ્તે ખુલ્લો મુકાયો હતો. ઝાલાવાડ રબારી સમાજ દ્વારા દાનવીર શ્રી બાબુભાઈ દેસાઈ નું ભવ્ય સન્માન કરવામાં આવ્યુ હતું.

સંગઠન, શિક્ષણ, તેમજ આગામી વિધાન સભા ચુંટણીઓમાં રાજકીય પ્રતિનિધિત્વ મળે તે અંગે મીટીંગ મળી

કુતિયાણાનાં ઈશ્વરીયા નજીક સારણનેસ ખાતે આવેલી બળેજ મઢનાં ભુવાઆતાની વાડીએ પોરબંદર, જૂનાગઢ, જામનગર અને રાજકોટ જિલ્લાનાં રબારી સમાજની હાજરીમાં પ.પૂ.ભુવાઆતા શ્રી જેઠાઆતા ના અધ્યક્ષ સ્થાને ચાર થી પાંચ હજાર જેટલી વિશાળ સંખ્યામાં રબારી સમાજની મીટીંગ ગત તા.૩/૧૦/૨૦૦૭ ના રોજ મળી હતી.

આ મીટીંગનો હેતુ રબારી સમાજમાં સંગઠન વધે, શિક્ષણ વધે, તેમજ આગામી વિધાન સભા ચુંટણીઓમાં અંદાજે બે લાખ જેટલી જનસંખ્યા ધરાવતા રબારી સમાજને રાજકીય પ્રતિનિધિત્વ મળે એવો સર્વાનુમતે રબારી સમાજે નિંધાર કર્યો છે.

રબારી સમાજ રાજકિય રીતે ભાજપ સાથે જોડાયેલો છે, ઈ.સ.૧૯૯૫ માં જ્યારે કુતિયાણા વિધાનસભાની ભાજપની ટિકીટ લેવા કોઈ તૈયાર નહોતું ત્યારે રબારી સમાજે ટિકીટ સ્વીકારીને ભાજપને અપનાવેલ છે. આગામી વિધાનસભાની ચુંટણીઓમાં કુતિયાણા અને માંગરોળ સીટ પર રબારી સમાજ ટિકીટ માંગનાર છે.

આ પ્રસંગે રબારી સમાજનાં વીસાવાડાનાં ભુવાઆતા શ્રી રામભાઈ કોડીયાતર, સતાપર ઓરડીના પૂ.ભુવાઆતા શ્રી અમરાઆતા, ભુવાઆતા શ્રી સરમણભાઈ ભારાઈ, શ્રી અરજણભાઈ મોરી, શ્રી બાલાભાઈ મોરી, શ્રી રૈયાભાઈ ઉલવા, શ્રી વી.ડી.મોરી, શ્રી એ.એસ.ભારાઈ, શ્રી સેજાભાઈ ગરચર, શ્રી નારણભાઈ કોડિયાતર, શ્રી દુદાભાઈ કોડીયાતર વગેરે અનેક અગ્રણીઓ હાજર રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી વીરાભાઈ કોડીયાતર તંત્રીશ્રી રબારી મહિમા એ કર્યુ હતું.

## રાજસ્થાનના રબારીઓનો અનોખો મેળો

રાજસ્થાનના શિરોહી નજીક ડુંગરની તળેટીમાં સુપ્રસિધ્ધ સારણેશ્વર મહાદેવજીનું મંદિર આવેલું છે. આ મંદિરે દર વર્ષે ભાદરવા સુદ-૧૧ ના દિવસે માત્ર રબારી સમાજના ભાઈબેનો જ અને એ પણ ત્યાંના રબારી પહેરવેશમાં જ આ મેળામાં જઈ શકે છે. આ મેળાના દિવસે કલેક્ટર, D.S.P કે રાજ્યના મુખ્યમંત્રીને પણ આવવું હોય તો રબારીના પહેરવેશમાં જ આવી શકે અન્યથા કોઈ સંજોગોમાં નહી. એવો આ રાજસ્થાનના રબારીઓનો ભાતીગળ મેળો જઈને જીવનમાં એકવાર માણવા જેવો છે. આ મંદિરનો ઈતિહાસ કાંઈક આ પ્રમાણે છે.

ગુજરાતના રાજવી સિધ્ધરાજ સોલંકીએ સિધ્ધપુરમાં બાંધેલ રુદ્રમાળ મંદિરને તોડીને તેની શિવલીંગ ગાયના ચામડા સાથે બાંધી મહંમદ બેગડો લઈ જતો હતો. રસ્તામાં શિરોહી રાજ્ય આવ્યું. શિરોહી રાજ્યે આજુબાજુના રાજવીઓની મદદ માગી પણ મદદ કરવામાં રાજવીઓએ આનાકાની કરી. આથી શિરોહી રાજ્યે રાજ્યના રબારીઓનું લશ્કર તૈયાર કર્યુ. રબારીઓ શૂરવીરતાપૂર્વક લડીને શિવલીંગ બાદશાહ પાસેથી પડાવી લીધું. ત્યાં જ મહાદેવની સ્થાપના કરી. શિરોહી રાજવીએ રબારીઓને રાજ્ય અર્પણ કરી આપવા તૈયાર થયા. પરંતુ રબારીઓએ રાજ્યનો સવિનય ઈન્કાર કરી જે દિવસે સ્થાપના થઈ તે દિવસનો અધિકાર માંગ્યો. ત્યારથી પરંપરા ચાલી આવે છે. અને ત્યારથી ભાદરવા સુદ-૧૧ ના દિવસે માત્ર રબારીઓનો જ અધિકાર છે બીજો કોઈ જઈ શકે નહી.

## તંત્રીની વાત...

ચુંટણી એ લોકશાહી શાસન વ્યવસ્થાનું એક અવિભાજ્ય અંગ છે. ચુંટણીમાં મતદાન કરી આપણો નાગરિક તરીકેનો હક્ક મળેલો છે તે સૌ મતદારોએ અવશ્ય ભોગવવો જોઈએ. આપણા રબારી સમાજમાં હજુ પણ અમુક વિસ્તારોમાં મતદાન પ્રત્યે નિષ્કાળજી જોવામાં આવી રહી છે. મતદાન પ્રત્યે જેટલી નિષ્કાળજી એટલી તમારી વિકાસ પ્રક્રિયા ધીમી. જ્યાં સુધી તમે સામૂહિક રીતે ઊમટી પડી મતદાન નહીં કરો ત્યાં સુધી તમારી સામે કોઈ જોવાનું નથી. શિક્ષિત યુવાનો આપણા તમામ ભાઈબહેનો મતદાન કરે તે માટે એક ઝુંબેશ ઉપાડે મતદાન યોગ્ય રીતે કરતા શીખવો તમામને શક્ય હોય ત્યાં સુધી એકી સાથે મતદાન મથક સુધી પહોંચાડો તો લાગે કે આપણા હક્ક માટે જાગૃત અર્થે પ્રવૃત બન્યા લેખાશે.

આગામી ચુંટણી માં આપણા સમાજના જે કોઈ જીતી શકે એવા ઉમેદવારો કોઈ પણ પાર્ટીમાંથી ઊભા હોય તેમને તમારાથી થાય તેટલી અને તેવી તમામ મદદ કરજો. આપણો માણસ વિધાનસભામાં ચુંટાઈને જશે તો જ એ આપણી સમસ્યાઓ આપણા દુઃખદર્દ વિધાનસભામાં રજુ કરશે. હાલની ધારાસભામાં રહેલા આપણા મુરબ્બી વડીલો શ્રી માલજીભાઈ દેસાઈ, શ્રી જેઠાભાઈ ભરવાડ, શ્રી ગોવાભાઈ રબારી, શ્રી ભવાનભાઈ ભરવાડે આપણા માલધારી સમાજની સમસ્યાઓ રજુ કરી હતી. પરંતુ આવનારી વિધાનસભામાં આપણા સમાજના વધારે ને વધારે પ્રતિનિધિઓ, જંગી લીડથી ચુંટાઈને ધારાસભા શોભાવે અને તેમાં પણ આપણા સોરઠ વિસ્તારમાંથી બે ત્રણ પ્રતિનિધિઓ ચુંટાઈ આવે તેવી શુભકામનાઓ સહ સૌ ઉમેદવારોને આગોતરા અભિનંદન સાથે અઢળક શુભેચ્છાઓ.

–વીરાભાઈ કોડીયાતર, તંત્રીશ્રી "રબારી મહિમા"

## પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર,જસદણ દ્વારા યોજવામાં આવેલ માલધારી સંમેલન

પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર, જસદણ, જી.રાજકોટ દ્વારા તાજેતરમાં તાલુકાના આંબરડી મુકામે ભવ્ય માલધારી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર (C.E.E.)જસદણ તાલુકાના ૩૭ ગામોમાં છેલ્લા ૨૦ વર્ષથી જળ,

જમીન, જંગલ, જન અને જાનવર આવા પાંચ જ પર ભગીરથ કાર્ય કરે છે. સંસ્થાના આવા ઉદ્દેશોને કારણે યોજાયેલ આ માલધારી સંમેલન આંબરડીની સુપ્રસિધ્ધ માલધારી સમાજની શ્રી મુળવાનાથની જગ્યામાં રાખવામાં આવેલ, આર્શીવચનો મુળવાનાથની જગ્યાના સેવાભાવી મહંતશ્રી લીંબા આપાએ આપેલ. અધ્યક્ષ સ્થાને અને ઉદ્‌ઘાટક તરીકે પ્રખર ગાંધીવાદી અને સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિના મંત્રીશ્રી દેવેન્દ્રભાઈ દેસાઈએ પધારી પશુપાલન અને માલધારી સમાજ વિષય પર પોતાનું મનનીય-પ્રેરક પ્રવચન આપી માલધારીઓના પ્રશ્નોની વિસ્તૃત છનાવટ સાથે ઈ.સ.૧૯૬૦ આસપાસ માલધારીઓ માટે અદ્‌ભુત કાર્ય કરનાર સ્વ.પુષ્પાબેન મહેતાનું પણ પુણ્ય સ્મરણ કરાવેલ. અતિથી વિશેષ તરીકે લોકભારતી સંસ્થાના નિવૃત પ્રોફેસર શ્રી રતિભાઈ પંડ્યાએ ખાસ હાજર રહી માલધારીઓને વૈજ્ઞાનિક ઢબે પશુપાલન કરવામાં આવે તો કેવા અદ્‌ભુત ફળદાયી પરિણામો મેળવી શકાય તેની સુંદર વાત કરેલ. શ્રી રતિભાઈ પંડ્યા લોકભારતીમાં ગૌશાળા વિભાગના પણ વડા હતા અને પોતાના પશુપાલન ક્ષેત્રના ૪૦ વર્ષોના અનુભવ નિચોડને માલધારીઓ સમક્ષ રજુ કરેલ.

ગોપાલ ડેરી રાજકોટ વતી શ્રી પ્રણવભાઈ દેસાઈએ હાજર રહી દૂધ અને બજાર વ્યવસ્થા વિષય પર સુંદર પ્રવચન આપેલ. સાથે ખાણદાણ અને પશુ સંવર્ધન અંગે પણ ઉપયોગી માહિતી આપેલ. રેંન્જ ફોરેસ્ટ R.F.O જસદણ શ્રી ઠુંમર સાહેબે પણ હાજર રહી 'વીડી વ્યવસ્થાપન અને સ્થાનિક મુશ્કેલી' વિશે સમજાવેલ. આ પ્રસંગે માલધારી રૂરલ એક્શન ગૃપ મારગ સંસ્થા અમદાવાદ ના એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર શ્રી લાલજીભાઈ દેસાઈએ ખાસ ઉપસ્થિત રહીને માલધારીઓની ગઈકાલ, આજ અને આવતીકાલ વિષય પર પોતાની વિદ્‌વતાપૂર્ણ શૈલીમાં અદ્‌ભૂત માહિતી  આપેલ. ગુજરાતના સર્વે માલધારીઓ પરિચિત હશે જ કે શ્રી લાલજીભાઈ દેસાઈ અને શ્રી નીતાબેન પંડ્યા દ્‌વારા મારગ સંસ્થાના માધ્યમથી કચ્છ, સુરેન્દ્રનગર અને અમદાવાદના જીલ્લાઓના માલધારીઓ માટે ભગીરથ કાર્યો થઈ રહ્યા છે. આખો દિવસ ચાલેલા આ રંગારંગ શિબીર સંમેલનમાં માલધારીઓના પ્રશ્નો અને સંસ્કૃતિની ઝાંખી કરાવતું ચિત્ર પ્રદર્શન અને ઈલેક્ટ્રોનિક સ્લાઈડ શો નું પણ આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં જસદણના ગામડાંઓ માંથી ૫૦૦ થી વધારે માલધારીઓ એ હાજર રહી જિંદગીનો લાહવો કહી શકાય તેવો લાભ લીધેલ. કાર્યક્રમનું સંચાલન C.E.E. ના પ્રોજેક્ટ ઓફિસર ભરતભાઈ ગોહિલે કરેલ. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા C.E.E. જસદણ ટીમે અને શ્રી સુમનભાઈ વોરા એ સક્રિય સહયોગ આપેલ.

## પોરબંદરમા યોજાયેલો વિધ્યાર્થી સન્માન સમારંભ

પોરબંદર જિલ્લા રબારી સમાજ અને વિરાભગત ચેરીટેબલ ટ્રસ્ટના ઉપક્રમે જિલ્લાના ઓડદર મુકામે આઈ મોમાઈમાંના મઢના આંગણે તેજસ્વી વિધ્યાર્થીઓનો ભવ્ય સન્માન સમારંભ સતાપર ઓરડીના ભુવાઆતા પૂ.અમરા આતાની સફળ દોરવણીમાં યોજાઈ ગયો જેમાં કુલ ૧૫૧ વિધ્યાર્થીઓનું સન્માન કરવામાં આવેલ. અતિથી વિશેષ તરીકે ગુજરાત O.B.C. નેતા શ્રી રણવીરભાઈ દેસાઈ તથા જન જાગરણ વાળા શ્રી તેજાભાઈ દેસાઈએ હાજરી આપેલ. કાર્યક્રમનું સુંદર સંચાલન પોરબંદર જિલ્લા રબારી યુવા મંડળના પ્રમુખ શ્રી રામભાઈ કોડિયાતરે કરેલ જેમા સાજણભાઈ ઉલ્વા, ડાહ્યાભાઈ મારૂ, મેરૂભાઈ સિંધલ અને હમીરભાઈ મકવાણા એ સક્રિય સાથ સહકાર આપેલ.

## પાટડી મા યોજાયેલો તેજસ્વી વિધ્યાર્થી સન્માન સમારોહ

સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા-પાટડી તાલુકા ખારાપાટ રબારી સમાજ દ્‌વારા ગેડિયા જગ્યાના મહંત ભગત વાલદાસજીના અધ્યક્ષ સ્થાને તેજસ્વી વિધ્યાર્થી સન્માન સમારોહ સુંદર રીતે યોજાઈ ગયો. જેમા ધો-૧૦ અને ધો-૧૨ ના પ્રતિભાશાળી રબારી બાળકોનું ઉચિત સન્માન કરવામાં આવેલ. આ પ્રસંગે અમદાવાદ I.I.M. નો ઈનોવેટીવ ટીચર તરીકેના એવોર્ડ મેળવનાર બાળ સાહિત્યકાર શ્રીદાદુભાઈ રબારી તથા નવી ભરતીમાં P.S.I. બનનાર શ્રી કનુભાઈ ડી.ખાંભલા નું વિશેષ બહુમાન કરવામાં આવેલ.

સુરેન્દ્રનગર જિલ્લાના મુળી તાલુકાના પલાસા ગામના શ્રી રત્નાભાઈ ભગવાનભાઈ કલોતરા ની ગુજરાત પ્રદેશ કોંગ્રેસ માલધારી સેલના પ્રદેશ મહામંત્રી તરીકે વરણી કરવામાં આવી છે.

જૂનાગઢ જિલ્લાના ચોરવાડ મઢના ભુવાઆતાશ્રી ભોજાભાઈ લાખાભાઈ શામળાની જૂનાગઢ જિલ્લા કોંગ્રેસ માલધારી સેલના પ્રમુખ તરીકે વરણી થઈ છે.

રાજકોટ જિલ્લાના ભારતીય જનતા પાર્ટીના બક્ષીપંચ મોરચાના ઉપપ્રમુખ તરીકે જામકંડોરણાના શ્રી બટુકભાઈ ખાંભલાની વરણી કરાઈ છે.

તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા પ્રાન્ત કરવાની વેઠ પ્રથા નાબુદી તકેદારી સમિતિના દસમાં સભ્ય તરીકે માંગરોળના માલધારી આગેવાન શ્રી દાનાભાઈ ખાંભલાની નિયુકિત કરી છે. શ્રી દાનાભાઈએ આ પંથકના રબારીઓના અનુસુચિત જનજાતિના પ્રમાણપત્રોના પ્રશ્ને ખુબજ સક્રિય ભુમિકા ભજવી ખૂબજ સરાહનિય કાર્ય કરેલ છે.

રાજકોટના મોરબી તાલુકા ભાજપ સંગઠનમાં ઉપપ્રમુખ તરીકે ત્રાજપર ના શ્રી વિક્રમભાઈ અરજણભાઈ ગોલતરની વરણી કરાઈ છે.

ભાવનગર જિલ્લા ના પાલિતાણા તાલુકા પ્રાથમિક શિક્ષણ સંઘના પ્રમુખ તરીકે શ્રી પાચાભાઈ વી.ચોસલાની વરણી કરવામાં આવી છે.

## ગૌવંશ ઉઠાવી જતા કસાઈઓ નહીં પકડાય તો આંદોલન

શહેરના માર્ગો પરથી રાત્રી દરમ્યાન ગાય-વાછરડાંને ઝેરી ઈન્જેક્શન આપી બેભાન બનાવી ચોરી કરતી કસાઈ ગેંગથી ત્રાહિમામ પોકારી ઉઠેલા રબારી સમાજે ગૌવંશ બચાવો અભિયાન ઉગ્ર બનાવવાની ચીમકી ઉચ્ચારી છે.

રબારી સમાજના અગ્રણી હરજીભાઈ એસ. રબારી અને તેજાભાઈ રબારીએ જણાવ્યું હતું કે કસાઈઓને પડકારનાર પર હુમલાઓ પણ થાય છે. અમરાઈવાડી, સુરેલિયા વોર્ડ, ભાઈપુરા સહિતના વિસ્તારોમાં રહેતા માલધારીઓએ દેખાવો કર્યો હતો. ડીસીપી ડી.આર.પટેલને ગૌવંશની ચોરી કરતી ગેંગને પકડવા માંગણી કરી હતી.

તેમણે ઉમેર્યુ હતું કે આગામી દિવસોમાં હજારો ગોપાલકો ઈન્કમટેક્ષ ચાર રસ્તા પર દેખાવો કરશે. ગીર કાંકરેજ ગોપાલક સહકારી સંઘના ડિરેક્ટર હરજીભાઈએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારને આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવી છે.

આ ઉપરાંત નરોડા રોડ અને મેઘાણીનગરમાંથી પણ આ રીતે ગાયો લઈ જવાની ઘટના થોડા સમય પહેલા બની હતી. આ અંગે એડવોકેટ ગિરીશભાઈ દેસાઈને શહેર કોટડા પોલીસ ઈન્સ્પેક્ટર પ્રધાને પોલીસ કેસ નહીં કરવા મનાવી લઈ રાત્રી પેટ્રોલિંગ કરવામાં આવશે તેવી ખાતરી આપી હતી. ગોપાલકોના જણાવ્યા પ્રમાણે તેઓ ખુદ પોલીસથી ખુબ ડરતા હોવાને કારણે પહેલા તો પોલીસ સ્ટેશને જતા ડરે છે અને જ્યારે હિંમત કરી પોલીસ સ્ટેશને જાય છે ત્યારે પોલીસ તેમની ફરિયાદ સાંભળતી જ નથી.

થલતેજના એક ગોપાલકના જણાવ્યા પ્રમાણે તેમના વિસ્તારમાંથી ગાયો ઉપાડી જવાની ઘટના પછી તેઓ સેટેલાઈટ પોલીસ સ્ટેશને ગયા હતા પરંતુ ફરજ ઉપરના પોલીસ અધિકારીએ તેમને ધમકાવ્યા હતા કે તમે ગાયો રસ્તા ઉપર છૂટી મૂકો છો ત્યારે કસાઈ લઈ જાય છે, તેમ કહી કાઢી મૂક્યા હતા.

## ગૌ, ગૌચર અને ગોપાલક સુરક્ષા અભિયાન

શ્રી મગનભાઈ દેસાઈ (એડવોકેટ) રૂનીવાળા મુંબઈ તથા શ્રી રતિલાલ દેસાઈ (પૂર્વ મેયર,વડોદરા) છેલ્લા કેટલાક સમયથી ગાય, ગૌચર અને ગોપાલકોની સુરક્ષા માટેનું અભિયાન ચલાવી રહ્યા છે. તેના અનુસંધાનમાં તેમણે સમગ્ર ગુજરાતમાં અનેક ગોપાલક સંમેલનો કરીને આ 'સંગઠન' મજબૂત બને અને માલધારીઓને એમના હક્કો મળે તેવી ભાવના-ચેતના જગાડવા પ્રયત્નો કરી રહ્યા છે. તેના અનુસંધાનમાં તેઓ જન્માષ્ટમી તા.૫/૯/૨૦૦૭ ના રોજ દ્વારકાથી ગોપાલક સંપર્ક યાત્રા શરૂ કરવાના છે. આ સમ્પર્ક

યાત્રા સમગ્ર સૌરાષ્ટ્રમાંથી પસાર થઈને કચ્છના ભૂજ મુકામે પહોંચશે. આ લોકસંમ્પર્ક યાત્રા દ્વારા તેઓ સંદેશો આપવા માગે છે કે ગુજરાત હાઈકોર્ટે સ્પેશીયલ સી.એ.૧૯૮૨/૨૦૦૪ માં તા.૨૯/૬/૨૦૦૬ ના ચુકાદામાં હુકમ કરેલ છે કે ગૌચરની જમીન પરનાં દબાણો દૂર કરવા તેમજ પંચાયતના કાયદા મુજબ પશુ ધનના પ્રમાણમાં પુરતું ગૌચર ઉપલબ્ધ રાખવું.

ઉપરોક્ત હુકમનો સંબંધકર્તા અધિકારીઓ અમલ કરે તે માટે ગોપાલકોએ પોતાની માગણી બુલંદ બનાવવી.

વધુ માહિતી માટે સંમ્પર્ક કરોઃ-


શ્રી મગનભાઈ એચ. રબારી

૭,મેહુલ, પ્લોટ નં.૩, સેક્ટર નં.૧૪, વાશી, નવી મુંબઈ-૪૦૦૭૦૫

મો.નં.૦૯૮૬૯૪૮૪૬૯૨ (મુંબઈ)

મો.નં.૯૪૨૮૩૫૩૪૩૩ (ગુજરાત)

રતિલાલ દેસાઈ

આશિષા દંતેશ્વર, વડોદરા

મો.નં.૯૪૨૬૩૫૨૨૨૧


વધુમાં શ્રી રતિલાલ દેસાઈ જણાવે છે કે આ સંપર્કયાત્રા ઉત્તર ગુજરાત, મધ્યગુજરાત અને દક્ષિણ ગુજરાતનો પણ પ્રવાસ કરશે. તે પછી બીજા તબક્કામાં ગુજરાતભરમાં 'જ્ઞાનયાત્રા' કાઢવામાં આવશે. જે દ્વારા તમામ માલધારીઓને તેમની વર્તમાન પરિસ્થિતિ અને હક્કો અને અધિકારોનું જ્ઞાન અપાશે. ત્યાર બાદ ત્રીજા તબક્કામાં 'શક્તિયાત્રા' કાઢવામાં આવશે. જે દ્વારા સમગ્ર ગુજરાતના માલધારીઓનું મજબૂત સંગઠન ઉભું કરીને તેના હક્કો માટે તેઓ પોતાના સંગઠનની શક્તિ બતાવી શકે.

## માલધારી યુવકોના સંગઠનનું મહાઅભિયાન

જનજાગરણ સંઘના પ્રમુખ અને માલધારી સમાજના અગ્રણી કાર્યકર શ્રી તેજાભાઈ રામજીભાઈ દેસાઈએ (ખાંભેલ) હાલ સમગ્ર ગુજરાતના માલધારી યુવાનોમાં નવી ચેતના, નવું જોમ પ્રગટાવવાનું મહા અભિયાન શરૂ કર્યુ છે. તેમણે તાલુકે તાલુકે માલધારી યુવાનોનાં સંમેલનો કરીને 'માલધારી રક્ષક દળ' ની રચના કરવાનું અભિયાન ચલાવ્યું છે. તેના અનુસંધાનમાં તેમણે પાટણ, વડગામ, દિયોદર, ડીસા વગેરે સ્થળોએ યુવકોનાં સંમેલનો કર્યા છે અને હજુ પણ એ કાર્યક્રમનું આયોજન ચાલુજ છે. આ સંગઠન દ્વારા શ્રી તેજાભાઈ યુવાનોમાં રાજકીય જાગૃતિ આવે, માલધારીઓના પ્રશ્નો ઉકેલવામાં આ યુવાનો સક્રિય બને તેવી ભાવના જાગૃત કરવા કટિબધ્ધ થયા છે.

શ્રી તેજાભાઈ કહે છે કે આગામી ૨જી ઓક્ટોબર ૨૦૦૭ ના રોજ ઇન્કમટેક્ષ-ગાંધીજીની પ્રતિમાથી એક માલધારીઓની માગણીઓને બુલંદ બનાવવાની નેમ સાથે શ્રી ઇન્દુચાચાની પ્રતિમા સુધી આ રેલીની કૂચ કરવામાં આવશે. એમાં જોડાવવા સૌ માલધારીઓને આગ્રહ ભરી વિંનતી છે.

## અંજાર જિ.કચ્છમાં યોજાયેલો સ્વ. શ્રી લાખાભાઈ દેવાભાઈ રબારીની પ્રતિમાનું અનાવરણ તથા સર્કલના લોકાર્પણ કરવામાં આવ્યુ

તા. ૨૨/૮/૨૦૦૭ ના રોજ કચ્છ જિલ્લાના અંજાર શહેરમાં સમગ્ર માનવ સમાજ ઉત્કર્ષ માટે હરહંમેશ પ્રયત્નશીલ રહેલા સ્વ.લાખાભાઈ દેવાભાઈ રબારીની કાયમી યાદ રહે અને નવી પેઢીને પ્રેરણા મળે તે હેતુથી તેમના પરીવાર દ્વારા અંજાર શહેરના ઐતિહાસિક ઓળખ એવા જેસલ-તોરલ સમાધીની બાજુના વરસામેડી રોડના મુખ્ય ચોકમાં બી.એમ.પંપ સામે, સ્વ.શ્રી લાખાભાઈ દેવાભાઈ રબારી ચોક-સર્કલનું નામાભિમાન કરવમાં આવ્યું હતું. સાથે સાથે તેજ સ્થળ સ્વ. શ્રી લાખાભાઈ દેવાભાઈ રબારીની 'પ્રતિમા' મૂકવામાં આવી હતી. આમ 'પ્રતિમા અનાવરણ તથા સર્કલના લોકાર્પણ' નો કાર્યક્રમ ધામધૂમથી ભવ્ય રીતે

પૂ.મહંતો, પૂ.સંતો, સાંસદો, ધારાસભ્યો, સામાજિક કાર્યકરો અને વિશાળ સંખ્યામાં પધારેલા જ્ઞાતિંબધુઓની હાજરીમાં યોજાયો હતો.

'પ્રતિમા' નું અનાવરણ પરમપુજય મહંતશ્રી રામબાલકદાસજી બાપુ (વડવાળા મંદિર, દુધઈ) ના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઘણા સંતો-મહંતો આશીર્વચન પાઠવવા પધાર્યા હતા.

આ સમારંભમાં કચ્છના સાંસદો, ધારાસભ્યો, માલધારી સમાજના આગેવાનો તથા શ્રી સાગરભાઈ રાયકા (પૂર્વસાંસદ), માલજીભાઈ દેસાઈ (ધારાસભ્ય), ગોવાભાઈ દેસાઈ (ધારાસભ્ય), તળજાભાઈ ભુવાજી, ચેહોરભાઈ ભુવાજી તથા અમરાભાઈ ભુવાજી,પૂંજલભાઈ કવિ, પૂ.મહંતશ્રી ગણેશદાસજી (ઝાક), પૂ.મહંતશ્રી અરજણભાઈ (ભચાઊ), લખીરામદાસજી (ટીંટોડા), પૂ.મહંતશ્રી બંશીદાસજી (મેશરીયા) તથા પૂ.મહંતશ્રી સરસ્વતીદાસજી (ડાકોર) વગેરેએ પણ હાજરી આપી હતી. શ્રી ગોવિંદભાઈ દેસાઈ (તંત્રી શ્રી ગોપાલબંધુ), શ્રી વિરાભાઈ કોડીયાર (તંત્રીશ્રી રબારી મહીમા), પ્રભાતભાઈ (કંથારવી), કે.ડી.દેસાઈ (પાનસર), બબાભાઈ લીંબાળા પણ પધાર્યા હતા.

આ પ્રસંગ સમગ્ર રબારી સમાજ માટે ગૌરવસમાન છે. આજે સૂરતમાં વાળીનાથ ચોક, અમદાવાદમાં વાળીનાથ ચોક, પ્રભાત ચોક તથા મણીનગરમાં શ્રી ગોવિંદભાઈ સાવધરિયા ચોક કે ગોગા મહારાજ ચોક જેવા નામ આપીને આપણા સમાજને ગૌરવ અપાવેલ છે. પણ આપણા રબારી સમાજના ઈતિહાસમાં કોઈ વ્યક્તિની પ્રતિમા મોટા શહેરમાં જાહેરમાં મૂકવામાં આવી હોય તો તે છે સ્વ.શ્રી લાખાભાઈ દેવાભાઈ રબારી.

## શ્રી વાળીનાથ, તરભ મુકામે મળેલી "રબારી સમાજ શિક્ષણ રથ" અંગેની મીટીંગ

તા. ૫/૮/૨૦૦૭ ના રોજ શ્રી વાળીનાથ તરભમાં સમસ્ત કચ્છ-સૌરાષ્ટ્ર અને ગુજરાતમાંથી પધારેલા રબારી સમાજના વડીલો, યુવાનો અને અધિકારીઓની એક તાકીદની મીટીંગ આપણી પરમશ્રધ્ધાનાં ધામ સમાં મંદિરોના પૂ.મહંતો તથા પૂ.ભુવાજીઓની નિશ્રામાં મળી હતી.

આ મીટીંગનો હેતુ સ્પષ્ટ કરતાં ગોપાલબંધુના તંત્રી શ્રી ગોવિંદભાઈ દેસાઈએ કહ્યુ હતુ કે "આજે શિક્ષણ ખૂબજ મોંઘું થઈ ગયું છે. રબારી સમાજના અનેક તેજસ્વી બાળકો પૈસાના અભાવે ધો.૧૦ તથા ધો.૧૨ પછીનું ઉચ્ચ શિક્ષણ મેળવી શકતાં નથી. એવાં તેજસ્વી બાળકોને મદદરૂપ થવા માટે સમાજનું એક માતબર રકમનું શૈક્ષણિક ફંડ હોય અને તેના વ્યાજમાંથી જરૂરિયાતવાળાં બાળકોને વગરવ્યાજની લોન આપી તેમનો અભ્યાસ સંપૂર્ણ કરાવી શકાય. આવું ફંડ ઉભું કરવા માટે સમાજમાં એક 'શિક્ષણરથ' કાઢીને સમાજમાંથી યથાશક્તિ સહકાર મેળવીને મોટું આર્થિક ભંડોળ ઉભું કરવું. તેવા વિચારને મૂર્ત સ્વરૂપ આપવા માટે આપણે કેવી રીતે આગળ વધવું તે બાબતે વિગતવાર ચર્ચા વિચારણા સમગ્ર ગુજરાતના પ્રતિનિધિઓ વચ્ચે થાય, તેઓ સૂચનો કરે તે માટે આ મિટીંગ બોલાવી છે.

આ મીટીંગમાં વ્યક્ત થયેલાં પ્રાસંગિક પ્રવચનો અને સૂચનોનો મુખ્ય સૂર એવો હતો કે આવું શૈક્ષણિક ફંડ સત્વરે એકઠું કરવાની કાર્યવાહી કરવી જોઇએ. તે માટેની સંસ્થાની રચના પરમ પૂજય મહંતો તથા સંતોના અને વડીલોના આશીર્વાદ અને સલાહ સૂચનોથી શ્રી બાબુભાઈ દેસાઈ તથા જીવણભાઈ દેસાઈ સત્વરે કરે અને આ રથ શરૂઆતમાં મોટા શહેરોમાં જ ફેરવવો. સાથે સાથે વડવાળા-દૂધરેજ, વાળીનાથ-તરભ, સત્પંથની જગ્યા-પીરાણા અને શ્રીરામ અખાડા-ચવેલીથી એમ ચાર જુદી જુદી દિશામાં ફેરવવો. અને આવતા વર્ષે આ સંસ્થા કાર્યન્વિત થઈને જરૂરીયાતવાળા વિધ્યાર્થીઓને મદદરૂપ થાય એવી લાગણીઓ વ્યક્ત કરવામાં આવી હતી. સાથે સાથે તેનો વ્યવહાર ખૂબજ પારદર્શક અને પ્રમાણિક રીતે ચાલે તેવી આશાઓ વ્યક્ત કરવામાં આવી હતી. ભૂતકાળને ભૂલીને આપણા સમાજના ઉજ્જવળ વર્તમાનનો જ વિચાર કરવાનો સૌએ દ્રઢ નિંધાર કર્યો હતો.

આ મીટીંગમાં કચ્છ-સૌરાષ્ટ્ર, ઉ.ગુજરાત તથા દ.ગુજરાતમાંથી પણ જ્ઞાતિંબધુઓ પધાર્યા હતા એજ એની સફળતા સૂચવે છે.

## ભુવા આતાને સમુદ્રમાંથી શંખ મળતા રબારી સમાજમાં ધર્મોલ્લાસની હેલી વરસી.

માંગરોળ સ્થિત સમસ્ત સોરઠીયા રબારી સમાજના મોમાઈ માતાજીના મઢમાં સતત પાંચ વર્ષ સુધી પુંજ થયા બાદ સમુદ્રમાં ડુબકી લગાવતા ભુવા આતાને માતાજીની નિશાની રૂપ શંખ મળતા આખા સમાજ માટે આ ઘટના ભારે ધાર્મિક મહત્વ ધરાવતી બની છે.

સતત પાંચ વખત પૂંજ થાય તો ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના સુપ્રસિધ્ધ ગોપનાથ મહાદેવના દર્શને જઈ (મોટા તીર્થએ) ત્યાં સમુદ્ર સ્નાન કરવાનું હોય તેવી પરંપરા છે તે મુજબ મોમાઈ માતાજીનાં મઢના ભીખન આતા ગત તા.૬/૯/૨૦૭ના ગોપનાથ મહાદેવ મંદિર ખાતેના સમુદ્રમાં ન્હાવા ગયા હતા. પરંપરાનુસાર જ્યાં સુધી માતાજી પ્રસન્ન થઈ તળીયેથી શંખ કે શિવલીંગ ન આપે ત્યાં સુધી દરીયામાં આગળને આગળ જવાનું હોય છે. ભીખન આતાએ ૧૫૦ ફુટ સમુદ્રની અંદર માથોડા ઉપર પાણીએથી શંખ મળતા માતાજીની કૃપા સમાજ ઉપર સોરઠીયા રબારી સમાજ ઉપર ધરો ધર્મ કળયુગમાં થયો.

સૌરાષ્ટ્રભરના રબારી સમાજમા અનેરી આસ્થાનું સ્થાન ધરાવતા પુંજ મહોત્સવનું સળંગ પાંચ દિવસ સુધી માંગરોળના મઢ ખાતે પરંપરાગત આયોજન થવા પામતા રબારી સમાજમાં ઉત્સવનું વાતાવરણ પ્રસરી જવા પામ્યું છે. આ પુંજ મહોત્સવ અંગે ધાર્મિક પરંપરા અનુસાર રબારી સમાજના ધર્મગુરૂ ભીખન આતાની મંજૂરી મળતા માંગરોળ મઢ ખાતે આ સાથે સોરઠભરના રબારી સમાજના ભાઈ,બહેનોએ વિશાળ સંખ્યામાં ઉમટી પડી પુંજ મહોત્સવ મનાવ્યો હતો.

## મોરલીધર યુવા સમીતી ઓઢવ દ્વારા રક્તદાન શીબિર યોજાઈ

ગોપાલક યુવક મંડળ ઓઢવ દ્વારા શ્રી મોરલીધર યુવા સમિતિના સહકાર થી તા.૨૪/૬/૨૦૦૭ ના રોજ મ્યુ.કરશનનગર સ્કુલ રબારી કોલોની ઓઢવ ખાતે રબારી સમાજના રક્તદાન શીબીર નું આયોજન કરવામાં આવેલ જેમાં અમદાવાદ રેડ ક્રોસ સોસાયટીમાં ૫૦ બોટલ બ્લડ જમા કરાવી રક્તદાન શીબીરને સફળ બનાવ્યો હતો. આ રક્તદાન શીબીરને સફળ બનાવ્યો હતો. આ રક્તદાન શીબીર સમાજના લાભાર્થે તથા સમાજમાં જરૂરિયાત ના સમયે પરત મળે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. રક્તદાન એ મહાન દાન છે. તથા રક્તદાન કરવાથી આપણા શરીરને કોઈપણ જાતનું નુકશાન થતું નથી પરંતું માત્ર અને માત્ર કોઈ જરૂરિયાત મંદ નું જીવન બચાવી શકાય છે. તેવી જન જાગૃત્તિ ખાસ કરીને રબારી સમાજમાં લાવવા માટે ઓઢવ ના નવ યુવાનો શ્રી ભરતભાઈ પલ્લીવાળા, આનંદભાઈ રઢુવાળા, કરમણભાઈ બાવળુંવાળા, મોહનભાઈ અધારાવાળા, અમરતભાઈ વિઠલાપુરવાળા, લલ્લુભાઈ વાયણાવાળા વગેરે એ ખુબ જ ઉત્સાહ પૂર્વક કામગીરી બજાવી સમાજ સેવાનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું.

## રાજકોટમા જ્ઞાન દર્શન હોસ્ટેલ નામે કુમાર છાત્રાલયની કરવામા આવેલી શરૂઆત.

સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાના સુદામડા ગામના આલ વાઘજીભાઈ દેવાયતભાઈ દ્વારા રાજકોટ મુકામે તાજેતરમાં ધોરણ ૧ થી ૧૨ ના વિર્ધ્યાથીઓ માટે "જ્ઞાન દર્શન હોસ્ટેલ" નામે કુમાર છાત્રાલયની શરૂઆત કરવામાં આવી છે. શ્રી વાઘજીભાઈ એ સાવ નાની ઉંમરે આવું ઉમદા કાર્ય શિક્ષણ માટે કર્યુ છે. સમાજના જરૂરિયાત મંદ વિર્ધ્યાથીઓને ઉંડાણના ગામડાંમાંથી ખોળી રાજકોટની સારી પ્રતિષ્ઠિત શાળા મહાશાળાઓમાં પ્રવેશ અપાવવામાં પણ સક્રિય ભૂમિકા અદા કરે છે. તેઓ ગાયનક્ષેત્રે પણ કિશોરવયે ઝળકેલા અને પોતાનું ઓડિયો આલ્બમ "નંદના ગોવાળીયા" બહાર પાડેલ તથા સ્ટેજ શોમાં "વોઈસ ઓફ મણીરાજ તરીકે જાણીતા છે.

## કદંબગીરીમાં રબારી સમાજના દાનવીર શ્રેષ્ઠી શ્રી બાબુભાઈ જેસંગભાઈ દેસાઈનો યોજાયેલો સન્માન સમારોહ.

રબારી સમાજના શ્રી વડવાળા મંદિર દૂધરેજના તાબાની શ્રી આપા સાલા સુરાની જગ્યા કદંબગીરી તા.પાલિતાણા જિ.ભાવનગર ખાતે તાજેતરમાં રબારી સમાજના દાનવીર શ્રેષ્ઠી શ્રી બાબુભાઈ જેસંગભાઈ દેસાઈ વાતમા પરિવારનો ભવ્ય સન્માન સમારોહ સંપન્ન થયો. અધ્યક્ષ સ્થાને શ્રી કનીરામબાપુ તથા જગજીવનબાપુએ હાજરી આપેલ. ગુરુઆશ્રમ બગદાણાના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી મનજીદાદાએ તથા વિશાળ સંખ્યામાં સમાજ અગ્રણીઓએ હાજર રહી શ્રી બાબુભાઈના કાર્યને બીરદાવેલ. પાલિતાણાના શેત્રુંજય જૈન મહાતીર્થની ટેકરીઓ વચ્ચે આવેલ કદંબગીરી તીર્થ ખૂબજ શાંત, રમણીય અને ઐતિહાસિક દર્શનીય સ્થળ છે.

## રથયાત્રામાં રથની સુરક્ષાની મુખ્ય જવાબદારી સંભાળતા પ્રથમ મહિલા ડી.વાય.એસ.પી. ઉષાબેન રાડા.

દેશમાં ત્રીજા અને રાજ્યમાં બીજા ક્રમની એવી ભાવનગરમાં દર વરસે નીકળતી ભગવાન જગન્નાથની રથયાત્રામાં રથની સુરક્ષાની મુખ્ય જવાબદારી આ વખતે રથયાત્રાના ઈતિહાસમાં સૌ પ્રથમ મહિલા ડી.વાય.એસ.પી. એ સંભાળેલ. આ મહિલા એટલે કિરણ બેદિના આદર્શો સાથે જોમ અને જુસ્સાથી પોલીસ કામગીરી કરતાં ઉષાબેન રાડા... રબારી સમાજની ભગવાન જગન્નાથના આશીર્વાદથી સફળતાપૂર્વક પાર પાડી પોલીસ ડીપાર્ટમેન્ટને પણ ગૌરવ અપાવેલ છે.

## વડવાળા મંદિર દૂધરેજ ખાતે યોજાયેલ અખિલ ભારતીય પાલ મહાસભા

અખિલ ભારતીય પાલ મહાસભા ગુજરાત પ્રદેશની કારોબારી મીટીંગ રાષ્ટ્રીય અધ્યક્ષ શૈતાનસિંહની હાજરીમાં તા. ૨૯.૭.૨૦૦૭ ના રોજ શ્રી વડવાળા મંદિર દૂધરેજ ખાતે યોજાય હતી. આ પ્રસંગે ગુરૂપૂજનનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો અને તે દિવસના ભોજન ભંડારાનઉં ખર્ચ પ્રદેશ અધ્યક્ષશ્રી મફાભાઈ દેસાઈ (ડાભી) નું હતું. આ પ્રશંગે ઘણા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર આયોજન જાણીતા ઉધ્યોગપતિ શ્રી ઘનશ્યામભાઈ સાવધરૂયાએ કર્યું હતું.

## ભાવનગર જિલ્લા કક્ષાના રમતોત્સવમાં કન્યા વિધ્યાલયની બહેનો

ભાવનગર જિલ્લાનો વર્ષ ૨૦૦૭-૨૦૦૮ નો મહિલા રમતોત્સવ તાજેતરમાં સિહોર તાલુકાના વળાવડ કન્યા વિધ્યાલયના યજમાનપદે યોજાઈ ગયો. રબારી સમાજના અગ્રણી શ્રી મેહુરભાઈ લવતુકાની સીધી દેખરેખ અને સફળ દોરવણીમાં થઈ રહેલા કન્યા કેળવણીના જબરા કાર્યમાં બહેનો ઉત્તરોત્તર પ્રગતિ કરી રહી છે. જિલ્લા કક્ષાના રમતોત્સવમાં કન્યા વિધ્યાલયની બહેનો હેન્ડબોલ અને વોલીબોલની બે સ્પર્ધામાં ચેમ્પિયન બની છે.

## સુરત શહેર રબારી સમાજ યુવા સંગઠન દ્વારા આયોજિત પ્રથમ ઈનામ વિતરણ કાર્યક્રમ

સમસ્ત ઉ.ગુ. રબારી સમાજના તેજસ્વી તારલાઓને સન્માનવા અને સમાજને શિક્ષણ ક્ષેત્રે જાગૃત્ત કરવા માટે ઈનામ વિતરણનું આયોજન તા.૧૫/૭/૨૦૦૭ ના રોજ શાંતિમગલ હોલ, સુમુલ ડેરી રોડ ખાતે યોજવામાં આવ્યુ હતું. જે કાર્યક્રમમાં સમાજના અગ્રણ્ય નાગરીકો તથા ગોપાલક ભાઈ, બહેનનો તથા તેજસ્વી તારલાઓ અને સમસ્ત ઉ.ગુ.ના સમસ્ત રબારી સમાજ નો મહેરામણ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. આ કાર્યક્રમમાં વક્તાઓ દ્વારા સમાજમાં શિક્ષણની દશા અને દિશા વિશે પ્રકાશ પાડી સમાજને નવી કડી કંડારવા આવહાન આપ્યું હતુ.

## મહેસાણા જીલ્લા કોંગ્રેસ માલધારી સેલની મળેલી મીટીંગ

માલધારી સેલના પ્રદેશ મંત્રી શ્રી બળદેવભાઈની અધ્યક્ષતામાં અને જિલ્લા કન્વીનર શ્રી રાયમલભાઈ દેસાઈ ભુવાજી કાસ્વા(જિલ્લા સદસ્ય) ની રાહબરી હેઠળ જિલ્લા વિશ્રાતિગૃહમાં મિંટિગ મળી અને સંગઠન ને મજબૂત બનાવવાની ચર્ચા વિચારણા થઈ માલધારીઓના સળગતા પ્રશ્નોની ચર્ચા વિચારણા કરી તેની રજૂઆત ઉચ્ચ કક્ષાએ કરવાનું નક્કી કર્યુ. આ પ્રસંગે જિલ્લાના કોંગ્રેસ અગ્રણીઓ શ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ (જંત્રાલ), મફતલાલ (ખેરવા),શંભુભાઈ દેસાઈ (કડા), અભુભાઈ દેસાઈ

(નાગલપુર), પૃથ્વીકુમાર હરજીભાઈ (સવાળા), જીવાભાઈ (કડી), વિષ્ણુભાઈ (પલોદર), રાજુભાઈ (મોટપ), શૈલેશભાઈ (લાખાવડ), વગેરે હાજર રહ્યા હતા. તા.૧/૮/૦૭ ના રોજ અમદાવાદ ખાતે પ્રદેશ કન્વીનર શ્રી લલ્લુભાઈ મંત્રીશ્રી બળદેવભાઈ અને પ્રદેશ પ્રમુખ શ્રી ભરતસિંહજી સોલંકી વિરોધ પક્ષના નેતા શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા તેમજ અન્ય અગ્રણીઓ સાથે માલધારીઓના પ્રશ્નો અને આગામી ચુંટણીની વ્યુહરચનાના ભાગ રૂપે મળી હતી.

**સુરેન્દ્રનગર જિલ્લા ની દૂધ ઉત્પાદક સહકારી સંઘે સારી કામગીરી કરતી મંડળીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવી.**

સુરેન્દ્રનગર જિલ્લાના દૂધ ઉત્પાદક સહકારી સંઘ અને સુરસાગર ડેરી આયોજિત એક સરસ કાર્યક્રમ તાજેતરમાં મંગલભુવન, વઢવાણ ખાતે યોજાઈ ગયો. શહેરી વિકાસમંત્રી શ્રી આઈ.કે.જાડેજા તથા કૃષિમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની વિશેષ ઉપસ્થિતિંમા સારી કામગીરી કરતી મંડળીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ તથા ભાવ ફેર દૂધ તફાવતની રકમના ચેકનું વિતરણ પણ કરવામાં અવેલ. સંઘના ચેરમેન શ્રી માલાભાઈ શામળાભાઈ નાંગર (થોરીયાળી) એ સંઘની પ્રગતિ અને વિકાસનો અહેવાલ આપતા જણાવેલ કે સંઘના નેજા નીચે હાલ ૪૮૮ થી વધારે પ્રગતિશીલ દૂધમંડળીઓ કાર્યરત છે અને વધારે નવી મંડળીઓ શરૂ કરાશે તથા સંઘ ઉત્તરોત્તર નફા સાથે પ્રગતિના પંથે છે તથા ઓડિટમાં પણ "અ" વર્ગ મેળવેલ છે.

**કાંકરેજ તાલુકા માલધારી સમાજ દ્વારા યોજવામાં આવેલો સન્માન સમારંભ**

શ્રી સરસ્વતી શિશુમંદિર મુ.થરા તા.કાંકરેજ મુકામે આ જીલ્લાના ધોરણ ૧૦ અને તેથી ઉપરના વર્ગોની પરિક્ષાઓમાં સારા ગુણ મેળવીને ઉર્તિણ થયેલા બાળકોને ઈનામો આપીને સન્માનવાનો તથા સમાજરત્ન નુ બિરૂદ પામેલા શ્રી બાબુભાઈ જેસંગભાઈ દેસાઈ નું સન્માન કરવાના કાર્યક્રમનું શ્રી રણછોડભાઈ રબારી (પૂર્વ પંચાયત મંત્રી અને ભાજપ મહામંત્રી ગુજ.રાજ્ય) ના પ્રમુખ સ્થાને આયોજન કરવામાં આવ્યું હતું.

આ સમારંભમાં ચાલુ સાલે ધોરણ ૧૨ માં સમગ્ર રાજ્યમાં છઠ્ઠા ક્રમે ઉર્તિણ થનાર શ્રી રાજુભાઈ ભગવાનભાઈ દેસાઈ મુ.ધાંધલપુર તા.કડી નું બહુમાન કરવામાં આવ્યુ હતુ.

આ સમારંભમાં આર્શિવચન પાઠવવા માટે પરમ પૂજય મહંતશ્રી કનીરામદાસજી મહારાજ (વડવાળા મંદિર, દૂધરેજ) પ.પૂ. મહંતશ્રી બળદેવગીરીજી મહારાજ (વાળીનાથ અખાડા, તરભ) પ.પૂ.મહંતશ્રી શીવપુરીજી મહારાજ (વાળીનાથ,થરા) પ.પૂ.મહંતશ્રી જગદીશપુરીજી મહારાજ (કેવળપુરી,થળી) વગેરે સંતો પધાર્યા હતાં.

જ્યારે શ્રી કે.સી.પટેલ (પ્રદેશ મહામંત્રી,ભાજપ) શ્રી બી.એમ.રબારી (નિયામકશ્રી, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી, બનાસકાંઠા) અમરતભાઈ દેસાઈ (ચેરમેન,ખરીદ વેચાણ સંઘ, કાંકરેજ) પ્રભાતભાઈ દેસાઈ (પાટણ જીલ્લા મહામંત્રી, ભાજપ) શ્રી તેજાભાઈ દેસાઈ (જનજાગરણ સંઘ) શ્રી રમેશભાઈ દેસાઈ (અ.મ્યુ.કો. ડેપ્યુટી ચેરમેન, વોટર સપ્લાય કમિટી) અમરતભાઈ દેસાઈ (વડાલી) સુરેશભાઈ ખટાણા (સદસ્ય, જીલ્લા પંચાયત,બ.કાં.) શ્રી માલજીભાઈ દેસાઈ (ખરીદ વેચાણ સંઘ, દિયોદર) શ્રી ગોવિંદભાઈ દેસાઈ (તંત્રીશ્રી ગોપાલબંધુ) શ્રી મફાભાઈ દેસાઈ (પ્રમુખ, ગુજરાત પ્રદેશ પાલ મહાસભા) તથા બનાસકાંઠાના અનેક આગેવાનોએ આ સમારંભમા હાજરી આપી હતી.

પ્રાસંગીક પ્રવચનોમાં વિવિધ વક્તાઓએ વર્તમાન સમયમાં રબારી સમાજ માટે સંગઠન અને શિક્ષણ તેમજ રાજકીય જાગૃતિ ખૂબજ જરૂરી છે તેની પ્રાપ્તિ માટે યુવાનો ખૂબજ મહેનત કરીને આ સમાજને આગળ લઈ જશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

આ સમારંભ છેલ્લા થોડાક વર્ષોથી વિવિધ દાતાઓના સહકારથી યોજવામાં આવે છે. એ આનંદની વાત છે. આ સમારંભમાં દેસાઈ બાબુભાઈ વરવાભાઈ શિક્ષક મુ.વડનગર દ્વારા શિક્ષણરથમાં એક લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી હતી.

## રબારી ઉત્કર્ષ મંડળ-રાજકોટ દ્વારા યોજાયેલો કેરીયર કાઉન્સેલિંગ સેમીનાર

વિધ્યાર્થીઓના કારકિર્દી ઘડતરના મહત્વના મુકામ "ધોરણ-૧૨ અને ગ્રેજ્યુએશન પછી શું?" વિ4 ષય ઉપર રાયકા એજ્યુકેશન ચેરીટેબલ ટ્રૂષ્ટ પ્રેરીત રબારી ઉત્કર્ષ મંડળ-રાજકોટ આયોજીત વિઝન - ૨૦૨૦ (રબારી સમાજમાં સંમ્પૂર્ણ શિક્ષણ) અંતર્ગત "કેરીયર કાઉન્સેલીંગ સેમીનાર" નું શ્રી રતીલાલ દેસાઈ (પૂર્વ મેયર, વડોદરા) ના અધ્યક્ષ સ્થાને તા.૧૭.૬.૨૦૦૭ ના રોજ ગાર્ડન ફેરી લેન્ડ હોટલ,આર.ટી.ઓ. ઓફીસ,રાજકોટ ખાતે સૌરાષ્ટ્રના દરેક જીલ્લાઓ માંથી આવેલ અંદાજે ૨૫૦ વિધ્યાર્થીઓ અને વાલીઓની ઉપસ્થિતિંમા એક નવાજ અભિગમ રૂપ ભવ્ય અને સફળ સેમીનાર યોજાયો હતો.

આજના સ્પર્ધાત્મક ઉચ્ચ કારકિર્દીના યુગમાં આઈપીએસ, આઈએએસ, જીપીએસસી ક્લાસ ૧,૨ ઓફીસર, તથા એમબીએ, આઈઆઈએમ તથા બેન્કીંગ ક્ષેત્રની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં આત્મવિશ્વાસપૂર્વક કઈ રીતે પરીક્ષાની તૈયારી કરવી, સફળ થવું વગેરે વિશે શ્રી લાલસીંગ પવાર (રબારી) વાઈસ ચેરમેન-યુટીઆઈ બેન્ક, અમદાવાદ એ સ્ક્રીન ઉપર પોઈન્ટ પ્રેઝન્ટેશનની મદદથી વિધ્યાર્થીઓને સચોટ માર્ગદર્શન પૂરૂ પાડેલ છે. અને પોતાની એક્સપર્ટ નોલેજ ધરાવતી ટીમના અનુભવથી બનાવેલી રાયકા એજ્યુકેશન ચેરીટેબલ ટ્રૂષ્ટ (આરઈસીટી) ના નેજા તળે આ પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષઓમાં ઉપયોગી એવી ૩૦૦ પાનાની પ્રીન્ટેડ બુક વિધ્યાર્થીઓને વિના મુલ્યે વિતરણ કરેલ. વિદ્યાર્થીઓને વ્યવસાયિક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શ્રી કનુભાઈ કરમટા (માહિતી નિયામક-રાજકોટ), પ્રોફેસર શ્રી અર્જુનભાઈ રબારી (વડોદરા), ભુવા આતા શ્રી અમરા આતા (સતાપર) વગેરે મહેમાનો ઉપસ્થિત રહેલા.

આભારવિધિ તથા સેમીનાર સમાપન શ્રી ચીમનભાઈ કટારા (સીએ) રાજકોટ એ કરેલ.

## રબારી સમાજ કુરિવાજો ત્યજી શિક્ષણને મહત્વ આપે

મોરબી ખાતે વડવાળા મંદિર દુધઈ આયોજીત રબારી સમાજના તેજસ્વી વિધ્યાર્થી સન્માન સમારંભમાં મંદિરના મહંત રામબાલકદાસજી બાપુએ રબારી સમાજને કુરિવાજો ત્યજી શિક્ષણને મહત્વ આપવા હાકલ કરી, દીકરીઓના ભણતર પર ખાસ ભાર મૂક્યો હતો. અને રબારી સમાજને શિક્ષણ માટે જોઈએ તો તમામ સહકાર મંદિર આપશે તેવી ખાતરી આપી સ્કૂલ, બોર્ડિંગ વગેરે બનાવવા સમાજના અગ્રણીઓને આગળ આવવાનું કહ્યુ હતું.

પૂર્વ સાંસદ સાગરભાઈ રાયકાએ સમાજ પોતાના હક-હિસ્સા માટે સંગઠિત થઈ અવાજ ઉઠાવે અને રબારી યુવાનો સામાજીક, રાજકિય અને ધંધાકીયક્ષેત્રે આગળ આવે તેના પર ભાર મુક્યો હતો.

આ સમારંભમાં દુધઈના મહંત રામબાલકદાસજી બાપુ ઉપરાંત પૂર્વ સાંસદ સભ્ય અને ભારત સરકાર ઘેટા અને ઉન વિકાસ બોર્ડન ચેરમેન સાગરભાઈ રાયકા, મેરુભાઈ ટમાલીયા, સાયલા તાલુકા પંચાયતના સભ્ય ગેલાભાઈ રબારી અને મોરબી રબારી સમાજના પ્રમુખ વાલાભાઈ ખાંભલા અને સમાજના ગુજરાતભરના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં તેજસ્વી વિધ્યાર્થીઓને સન્માનવામાં આવ્યા હતા.

દિવ્ય ભાસ્કર તા.૮/૮/૦૭

## જય વિહોતર યુવા સમિતિ, ઠક્કરનગર, અમદાવાદ દ્વારા યોજાયેલો ઈનામ વિતરણ કાર્યક્રમ

તા.૧/૭/૨૦૦૭ ના રોજ ઠક્કરનગર, અમદાવાદ વિસ્તારમાં વસતાં રબારી બાળકો કે જેઓ વિવિધ પરીક્ષાઓમાં ખૂબજ ઉંચી ટકાવારી લાવ્યાં છે તેમને ઇનામો આપીને સન્માનવાનો ઈનામ વિતરણ કાર્યક્રમ કનૈયાલાલ હોલ, ઠક્કરનગર, અમદાવાદમાં યોજાઈ ગયો.

આ સમારંભ ના અધ્યક્ષ= શ્રી બાબુભાઈ જે.દેસાઈ મક્તુપુર, મુખ્ય મહેમાન= શ્રી શકકરભાઈ કરશનભાઈ દેસાઈ (ભુવાજી)ઉનાવા. અતિથિ વિશેષ= શ્રી દેસાઈ જીવણભાઈ-ભાન્ડુ, શ્રી દેસાઈ તેજાભાઈ-ખાંભેલ, શ્રી દેસાઈ સાગરભાઈ-વિસનગર (સંચાલકશ્રી), શ્રી દેસાઈ ડો.લગધીરભાઈ ડી.-શાસનાધિકારી-નાના રામળદા. શ્રી દેસાઈ વિનુભાઈ ભગવાનભાઈ-મોકાપુરા. શ્રી દેસાઈ ગોવિંદભાઈ એસ.-ગોપાલબંધુ (તંત્રી), શ્રી દેસાઈ મફાભાઈ (ગામ-ડાભી)-અધ્યક્ષ-ગુજરાત રાજ્ય અખિલ ભારતીય પાલ મહાસભા, શ્રી દેસાઈ કાનજીભાઈ જી.- આચાર્યશ્રી કોઈટાવડ, શ્રી દેસાઈ ઈશ્વરભાઈ-બાવળુ.

આ ઈનામી કાર્યક્રમમાં તેજસ્વી વિધ્યાર્થીઓનાં વાલીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. બહેનોની હાજરી પણ નોંધપાત્ર લેવા પાત્ર હતી.

## પાટણના લોકસાહિત્યકાર કાનજી માલધારી

પાટણ પંથકમાં લોકસાહિત્યકાર તરીકે ચોમેર ખ્યાતિ પામેલા કાનજી માલધારી જિલ્લાના આંગળીના વેઢે ગણાય તેટલા સાહિત્ય સર્જકો પૈકીના એક છે. જેમણે સાહિત્ય-લોકસાહિત્યના માધ્યમ દ્વારા સમાજને નોંધપાત્ર પ્રદાન કર્યુ છે.

કાનજી માલધારી પાટણ નજીકના ખાનપુર(રાજકુવા) ગામના રહીશ છે. એમ.એ.એલ.એલ.બી. સુધીનું શિક્ષણ મેળવ્યા બાદ પાટણમાં એડવોકેટ છે. તેઓ હિરાવંશી રબારી ખોરડાનું સંતાન છે. કાનજીભાઈએ ત્રણ-ચાર દાયકા અગાઉના સમયથી લોકસાહિત્યની સેવા શરૂ કરી હતી. જે આજ પર્યાત અવિરતપણે વણથંભી ચાલુ રહી છે. જ્યારે ટેલિવિઝન નહોતું અને માત્ર રેડિયો પ્રસારણનુ માધ્યમ હતો, ત્યારે આકાશવાણી પર કાનજી માલધારીનો ટહૂકાર સાંભળીને પંથકના લોકો ગૌરવ અનુભવતા.

કાનજી માલધારીએ ચાર દાયકા અગાઉ 'દૂધમતીને કાંઠે' નામની નવલકથા પ્રેતાત્મક શૈલીમાં લખી હતી. પાટણવાડાના રબારી સમાજનાં લોકગીતોનો સંગ્રહ પ્રકાશિત કરેલો છે, જે શિષ્ટમાન્ય કૃતિ તરીકે પસંદગી પામ્યો હતો. તેમણે ઈતિહાસ અને લોકજીવનમાં છવાયેલાં ખાસ કરીને ઉત્તર ગુજરાતનાં ચરિત્રો, પાત્રોને લઈ વિપુલ લોકકથા સાહિત્ય સર્જન કર્યુ છે. ઈતિહાસ તેમજ લોકજીવનલક્ષી કાવ્યો લખ્યાં છે. તેઓની સાહિત્ય-લોકસાહિત્યની કૃતિઓ નવનીત, ઉર્મિનવરચના, શ્રીરંગ, સ્વાધ્યાય, રંગતરંગ, પ્રસ્થાન, સ્ત્રીજીવન, કવિલોક જેવા વિખ્યાત સામયિકમાં સ્થાન પામેલી છે. આકાશવાણી અમદાવાદ ઉપર તેમના સંખ્યાબંધ કાવ્યો તેમજ લોકવાર્તાઓ સ્વમુખે પ્રસારિત થયેલાં છે. દૂરદર્શન પર પણ 'આપણો કલાવારસો' અંતર્ગત લોકકથાઓ તેમણે આપી છે. માલધારીની ખ્યાતિથી અમેરિકી લેખક પણ પ્રભાવિત થયાં હતાં. ન્યુજર્શી અમેરિકાના મિસ જ્યુરી નામનાં મહિલાએ 'રબારી સમાજનાં આભૂષણો અને વસ્ત્ર પરિધાન' વિષય પર અંગ્રેજીમાં મહાનિંબધ લખ્યો હતો. તેમાં અણહિલવાડ પ્રદેશનું માર્ગદર્શન તેણીએ કાનજી માલધારી પાસેથી લીધું હતું.

પોતાના સાહિત્ય-લોકસાહિત્ય લેખન અંગે કાનજી માલધારીએ જણાવ્યું હતું કે, 'આ કોઈ ફરજ નથી, પરંતુ શોખને કારણે કરેલી પ્રવૃત્તિ છે. આપણી આસપાસમાં જે કાંઈ દિવ્યતા-ભવ્યતા છૂપાયેલી છે તેને શબ્દદેહ, અક્ષરદેહ આપવો જોઈએ'. ઉલ્લેખનીય છે કે, 'માલધારી' તેઓનું તખલ્લુસ છે, પરંતુ હવે તે તેમની અટક બની ગઈ છે, કોઈ તેમને કાનજી દેસાઈ તરીકે ઓળખતું નથી. કાનજી માલધારી કહેવાય તો સૌ કોઈ ઓળખી જાય.

દિવ્ય ભાસ્કર તા.૫/૮/૦૭

For More News Visit:- www.vadwala.com